
વર્ષ : ૨૦

અંક : ૧૧

માહ : ૨૦૨૦

જાન્યુઆરી : ૧૯૬૪



પાવાપુરીનાં સમવસરણ મંદિરનું ભવ્ય તથા રમણીય દૃશ્ય

માનદ સંપાદક: કીરચંદ જે. શેઠ

# કલ્યાણ

માસિક

# વિષય-દર્શન


| લેખ : | લેખક : | પૃષ્ટ |
|---|---|---|
| સ્વરાજ રથ ચાલ્યો જાય છે : | શ્રી મો. ચુ. ધામી | ૮૯૧ |
| બાલ જગત : | સંપાદક | ૮૯૩ |
| મહાસાગરનાં મોતી : | પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૮૯૮ |
| ઉપાધિઓ ઓછી કરો : | શ્રી યશોધર મહેતા | ૮૯૯ |
| અદ્ભુત સ્મરણ શક્તિ : | સુરેશચંદ્ર શાહ | ૯૦૨ |
| જીવન ધનની રક્ષા : | પૂ. મુ. શ્રી જયન્તવિજયજી મ. | ૯૦૪ |
| અજબનું મહાપાપ મિથ્યાત્વ : | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૯૦૭ |
| આઠ કર્મોમાં મોહનીય કર્મની પ્રબળતા : | ડો. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ | ૯૦૯ |
| વિશ્વબંધુ : | શ્રી મફતલાલ સંઘવી | ૯૧૦ |
| નવનીત : | શ્રી પ્રિયમિત્ર | ૯૧૨ |
| મર્યાદાભંગનું વિષચક્ર : | પંડિત શ્રી કુંવરજી દોશી | ૯૧૫ |
| હસતાં તે બાંધ્યા કર્મ : | પુનમચંદ દોશી | ૯૧૭ |
| અહિંસા પ્રેમીઓ જાગો : | શ્રી કુમારપાળ વી. જૈન | ૯૧૯ |
| અધ્યાત્મ, સમાજ અને સંપત્તિ : | શ્રી સુંદરલાલ કાપડીઆ | ૯૨૦ |
| પ્રભુ ભક્તિનો મહિમા : | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. | ૯૨૩ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. ચુ. ધામી | ૯૨૭ |
| ઉપયોગી દુહાઓ : | પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી ગ. | ૯૩૧ |
| પ્રશ્નોત્તર કર્ણિકા : | શ્રી ધર્મરુચિ | ૯૩૩ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૯૩૫ |
| શંકા સમાધાન : | પૂ. પં. શ્રી ચરણવિજયજી ગ. | ૯૪૩ |
| પૂર્વદેશના તીર્થોની યાત્રાયે : | શ્રી રીખવચંદ હાથીભાઈ | ૯૪૬ |
| દેશ અને દુનિયા : | શ્રી સંજય | ૯૪૯ |
| સમાચાર સાર : | સંકલિત | ૯૫૫ |


**કાલધર્મ પામ્યા :** રાજકોટ ખાતે પૂ. પં. શ્રી માનતુંગવિજયજી ગણિવરશ્રીના વયોવૃદ્ધ શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જયંકરવિજયજી મહારાજ પોષ વદિ ૯ સોમવારના ૮૪ વર્ષની વયે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓની અગ્નિસંસ્કાર યાત્રા ભવ્ય રીતે નીકળેલ. તેમના કાલધર્મ નિમિત્તે શ્રી સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે.

**સાવરકુંડલા :** અત્રે પો. સુદિ ૧૪ રવિવારના દિવસે પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી સુરેન્દ્રનગર મુકામે ૩ મહિનાની ગંભીર માંદગીમાંથી સ્વસ્થ થતાં તેની ખુશાલીમાં તથા દેવ-ગુરૂની ભક્તિ નિમિત્તે શ્રી સંઘના પ્રમુખ શેઠ અમરચંદ કુંવરજીની પ્રેરણાથી એક ધાનના આયંબિલ, પૂજા, પ્રભાવના વગેરે થયેલ. શેઠ અમરચંદભાઈ તરફથી રૂા. ૯ હજાર નવપદજીની ઓળીના જાહેર થયેલ છે, જેના વ્યાજમાંથી દર વર્ષે બે વખત ઓળી થશે. આસો મહિનાની ઓળી આ વખતે શેઠ અમરચંદભાઈના ધર્મપત્ની તરફથી પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શાતા નિમિત્તે થયેલ. કા. સુદિ ૧૫ની રથયાત્રા તથા શત્રુંજય તીર્થ જુહારવાનો વરઘોડો, ભાથું ૭૦ શેઠ અમરચંદભાઇએ મૂકેલ રૂા.ના વ્યાજમાથી થયેલ.

**કુંકુમપત્રિકાઓનો સાર :** 'કલ્યાણ' કાર્યાલયમાં કુંકુમપત્રિકાઓ અનેક શુભેચ્છકો તરફથી મોકલાવાય છે, ને બધાયનો સાર અહિં રજૂ થાય છે. (૧) પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની નિશ્રામાં હરિપુર (હાલાર) ખાતે માહ સુદિ ૩ તથા સુદિ ૫ના ઉપધાનતપની આરાધના શરૂ થનાર છે. (૨) પૂ. મુનિરાજ શ્રી રંગવિજયજી તથા પૂ. મુ. શ્રી નિરંજનવિજયજીની નિશ્રામાં બોરીવલી (મુંબઇ) પોષ સુદિ ૩થી અષ્ટોત્તરી-શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયેલ છે. (૩) પૂ. આ. મ. શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં બેંગલોર ખાતે જયનગરમાં માહ સુદિ ૩ તથા સુ. ૭ના ઉપધાનતપની આરાધના શરૂ થનાર છે. (૪) પૂ. આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં ખીમાડાનગર (રાજસ્થાન)માં માહ સુદિ ૪ તથા સુદિ ૬ના ઉપધાનતપની આરાધના શરૂ થનાર છે.

ધન્વંતરિ (કલ્યાણ)

વર્ષ : ૨૦ * અંક : ૧૦ * જાન્યુઆરી-૧૯૬૪

# સ્વરાજ રથ ચાલ્યો જાય છે!

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી

આપણો સ્વરાજ રથ કઈ દિશાએ ચાલ્યો જાય છે એની ખબર રથચાલકોને હશે કે કેમ? એ એક પ્રશ્ન છે.

જે મધ્યરાત્રિએ સ્વરાજની જાહેરાત થઈ હતી તે મધ્યરાત્રિએ જનતાના પ્રાણમાં આશાનો એક ચંદ્ર ઉદય પામ્યો હતો....લોકોએ માન્યું હતું કે:-

૧ મહાત્માજીના આદર્શ મુજબ ઓછા કરભારણ અને ઓછાં કાયદાનાં બંધન વડે આપણું સ્વરાજ શોભાયમાન બનશે.

૨ કાળા બજારનો જન્મેલો કાળદૈત્ય નષ્ટ થશે.

૩ જનતાને રોજી, રોટી અને રહેઠાણ માટે ફાંફા નહિ મારવા પડે.

૪ ન્યાય સસ્તો, સરલ અને સહજ બનશે.

૫ ગુલામયુગની ગોઝારી કેળવણી નાશ પામશે અને જનહૃદયમાં પ્રેરણા, બળ અને ઉત્સાહ આપનારી કેળવણીનું નિર્માણ થશે.

૬ પરદેશી અનાજની સ્ટીમરો આ દેશના કિનારે નહિં આવે પણ અન્ન સ્વાવલંબનની પ્રતિષ્ઠા થશે.

૭ શ્રીમંતોને શ્રીમંતાઈનો ગર્વ નહિં હોય....ગરીબોને ગરીબાઈ કઠશે નહિં.

૮ લોકો ધર્મ, સદાચાર અને સંસ્કારના પાયા પર પોતાનું નવજીવન ઘડીને એક મહાપ્રજા તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરી શકશે.

૯ ગૃહઉદ્યોગો અને ગ્રામ્યઉદ્યોગો ગુંજતા થશે....પરદેશી માલની મોહતાજી નહિં ભોગવવી પડે.

૧૦ વૃત્તિચ્છેદ સરજાવતો અને જનતામા બેકારીને અવકાશ આપતો યંત્રવાદનો રાક્ષસ નાથેલો રહેશે.

૧૧ જેને સત્તા સંભાળી છે તે નેતાઓ જનતાના જ એક અંગ બનીને જનતાની વચ્ચે રહેશે અને જનતાના સુખદુઃખના ભાગીદાર બનશે.

સ્વરાજની પ્રથમ પળે બજેલી શરણાઈમાંથી આવા અનેક આશાસ્પદ સૂરો પ્રગટ થયા હતા અને આજથી સોળ વર્ષ પહેલાં જનતા હર્ષ ભર્યા હૃદયે નાચી ઉઠી હતી.

પરંતુ સોળ સોળ વર્ષના એક વિરાટ સમયના વહેવા છતાં આજ જનતાએ સેવેલાં સ્વપ્ન કેટલે અંશે સાકાર બન્યાં છે તે આજનો એક મહાપ્રશ્ન છે.

કર ભારણો ઉત્તરોત્તર વધતાં જાય છે....કાયદા અને બંધનોની આંટીઘુંટી એવી વિરાટ બની રહી છે કે લોકોને કયે માર્ગે જવું એની સુઝ પણ પડતી નથી.

કાળા બજારનો રાક્ષસ એટલો વિરાટ બન્યો છે કે હવે એને કાબુમાં કેવી રીતે લાવવો તે એક કોયડો બની ચૂકેલ છે.

રોજી, રોટી ને રહેઠાણ સમી એક આઝાદ પ્રજાની મૂળભૂત આવશ્યકતા આજે કયાં ખોવાઈ ગઈ છે તે જ સમજાતું નથી. બેકારી માત્ર અભણ વર્ગમાં જ છે એમ નથી.... ભણેલાઓમાં પણ વૃદ્ધિ પામી છે.

ન્યાય જરા પણ સહજ, સરળ અને સસ્તો બની શકયો નથી. જાણે વકીલોનું સ્વર્ગ નિર્માણ થઇ રહ્યું હોય એમ જ દેખાય છે.

કેળવણીનો ભંગાર તો આજે અંગ્રેજશાહી ગોઝારી કેળવણી કરતાં યે વધારે બદતર બની ચૂકયો છે. અભ્યાસ કરતાં બાળકોમાં નથી સ્વદેશાભિમાન જાગૃત થતું, નથી સદાચારની છાયા પડતી કે નથી પગ પર ઉભા રહેવાની તાકાત મળતી.

અનાજનું સ્વાવલંબન તો હજુ કેટલા દશકા પછી ઉભું થશે એ કલ્પવું પણ ભારે કઠણ છે. નથી શુદ્ધ ઘી મળતું. નથી શુદ્ધ દૂધ મળતું કે નથી આવશ્યકતા પુરતો ગોળ મળતો !

શ્રીમંતો વધારે શ્રીમંત બનતા જાય છે અને ગરીબોની દુનિયા વધારે મોટી થતી જાય છે....અને આ દશ્યની ક્રુર મશ્કરી થતી હોય તેમ સમાજવાદી સમાજ રચનાની રણભેરીઓ ગાજતી જ રહે છે.

ધર્મ, સદાચાર, સંસ્કાર વગેરે એક પ્રજાના પાયાનાં સત્વોના સ્થાને આજે અનીતિ, સ્વચ્છંદતા, અધાર્મિકતા અને અનાચારની જ બોલબાલા બોલાતી હોય એવું લાગે છે.

યંત્રવાદ વિરાટ બનતો જાય છે અને એના પગતળે અનેક નાના ઉદ્યોગો પીસાતા જાય છે. ઘણીવાર તો એવું પણ લાગે છે કે જાણે માનવી પોતે જ આજે એક યંત્ર.... નિર્જીવ અને હૃદયહીન યંત્ર સમો બની ગયો છે !

અને આપણા નેતાઓ હવાઇની પાંખ પર બિરાજમાન થઇને જનતાથી ઉંચે ઊંચે જ ઉડતા હોય છે....જાણે જનતાની વચ્ચે રહેવામાં એ લોકો શરમ અનુભવતા હોય છે !

અને આપણો સ્વરાજ રથ એકધારી ગતિએ ચાલ્યો જાય છે....માત્ર સવાલ એક જ કે એ કઇ દિશાએ જઇ રહ્યો છે એનો વિચાર રથચાલકોને પણ સ્પર્શતો નથી !

# સૌરભ

પ્રાર્થના એ સંસ્કારમાંથી જ ઉત્પન્ન થતી માણસની એક મહત્વની આવશ્યકતા છે, એ આત્માનો પોષક છે, હૃદય અને ભાવનાની શુદ્ધિ છે, એ એક પ્રકારની વિશ્રાંતિ છે, એક પ્રકારનું સ્નાન છે, તેમાં સ્નાન કરીને નિર્મળ થવું આવશ્યક છે, સ્નાન જેટલું ઉપયોગી છે, તે કરતાં પ્રાર્થના વધુ ઉપયોગી છે, જે વાસનાઓને ધોઇને આત્માને નિર્મલ કરે છે. માટે નિષ્કામભાવે નિરંજન નિરાકાર વીતરાગ પરમાત્માની ભાવપૂર્વક પ્રાર્થના કરતા રહેવું.

**શ્રી આત્રેય**

❁

## ઝરણાં

તપ એકલાએ, અભ્યાસ બે જણાએ, સંગીત ત્રણ જણાયે ને પ્રવાસ ચારે જણાયે મળીને કરવો.

ત્યાગ અને ભોગનું લક્ષણ શું? પહેલાં વેદના ને પરિણામે પ્રસન્નતા તેનું નામ ત્યાગ; પહેલાં માધુર્ય ને અંતે ક્ષીણતા, ખેદ તથા ઉદ્વેગ તે ભોગ.

⊙

## પ્રમાણિકતા.

ઈરાનનો ન્યાયી બાદશાહ નોશીરવાન એકવાર શિકારે ગયેલો, ત્યાં શિકાર પકાવવા માટે જરૂરી મીઠું લેવા માટે નજીકના ગામમાં જતા નોકરને તેમણે તાકીદ કરી; 'પૈસા આપ્યા વિના મીઠું ન લાવતો, નહિતર આખું ગામ ઉજ્જડ થઇ જશે.' આથી વિસ્મિત થયેલા સાથીદારને ખુલાસો કરતાં તેમણે કહ્યું: 'મારી રૈયતની વાડીમાંથી હું જો એક જ ફળ તોડીને ખાઉં તો, મારૂં જોઈને નોકરો આખું ઝાડ મૂળીયાં સાથે ઉખેડીને ખાતાં શીખી જાય' કેવી પ્રામાણિકતા! બાળકો! જીવનમાં આ રીતે પ્રામાણિક બનજો, વગર હક્કનું કે ઝૂંટવીને મેળવેલું કદિ સુખ નહિ આપે એ ભૂલશો નહિ.

## સાતની ઝુબી

### લાખ જોજનના પ્રમાણવાળી વસ્તુ ૭

૧ જંબૂદ્વીપ. ૨ સર્વાર્થસિદ્ધવિમાન. ૩ મેરૂપર્વત. ૪ પાલકવિમાન, ૫ અપ્રતિષ્ઠાન નરકાવાસ, ૬ ભવન પતિના નાના ભવન. ૭ વ્યંતરના મોટા નગર,

### વિદ્યાર્થીઓને છોડવાલાયક ૭

૧ આળસ, ૨ ગર્વ, ૩ ચંચળવૃત્તિ ૪ વિલાસ ૫ ઉદ્ધતાઇ ૬ માન. ૭ ટોળટપ્પા.

### જુઠાનાં ઘર....૭

૧ વણિક ૨ વેશ્યા. ૩ જુગારી. ૪ ચોર. ૫ પરસ્ત્રી ૬ દ્વારપાળ ૭ નીચ માણસ.

## મુગ્ધ બનાવે છે.

જેમ સૌન્દર્ય નયનને મુગ્ધ બનાવે છે.
સુગંધ તનને મુગ્ધ બનાવે છે.
સંગીત મનને મુગ્ધ બનાવે છે.
સ્વાદ રસનાને મુગ્ધ બનાવે છે.
તેમ બાલજગત બાલકોને મુગ્ધ બનાવે છે.

**શ્રી અનિકેતન**

❋

## બાલ જગત અમર રહો!

બાલકો? હંમેશા જિનેશ્વર ભગવંતના દર્શન કરજો!
લાગણી હંમેશા ધર્મકાર્યમાં લગાડજો.
જગતના નાશવંત પદાર્થોનો મોહ નહિ રાખતા.
ગતિ કેમ સુધરે તે માટે જીવન ઘડજો.
તત્ત્વની વાત સાંભળવા આદર રાખજો.
અરિહંત ભગવંતનું સદા સ્મરણ કરજો.
મનમોહક બાલ જગતને જરૂર વાંચશો.
રમવા કરતાં હંમેશા એક સામાયિક કરજો.
રસનાના સ્વાદને દૂર કરવા પ્રયત્ન કરજો.
હો હા કર્યાવિના દરેકની સાથે શાંતિથી વર્તજો!

**શ્રી સુધાવર્ષી**

⊙

## શોધી કાઢો

જેનો ૨જો ૩જો અક્ષર મળી જંગલ એવો અર્થ થાય છે
,, ૪થો ૫મો ,, ,, વિજય ,, ,, ,,
,, ૪થો ૨જો ,, ,, એક ધાન્યનું નામ થાય છે.
,, ૧લો ૫મો ,, ,, જલ એવો અર્થ ,,
,, ૨જો ૧લો ને ૩જો ,, વાવવું ,, ,, ,,
,, ૨જો ૫મો ,, ,, ઉંમર ,, ,, ,,
,, ૧લો ૨જો ને ૩જો ,, વાયુ ,, ,, ,,
આમાં એક મહાસતીના પતિનું નામ છુપાયેલું છે. શોધી કાઢો!

**શ્રી સારથિ.**

*

## દેશ-વિદેશનાં રાજ્યો અને રાજધાની

| | |
|---|---|
| અફઘાનિસ્તાન | કાબુલ |
| આલ્બેનિયા | તીરાના |
| ઓસ્ટ્રીયા | વિએના |
| ઓસ્ટ્રેલિયા | કેન્બેરા |
| બેલ્જીયમ | બ્રુસેલ્સ |
| બ્રહ્મદેશ | રંગુન |
| કેનેડા | ઓટાવા |
| ડેન્માર્ક | કોપનહેગન |
| ઈંગ્લેન્ડ | લંડન |
| ઇથિયોપીયા | એડીસ અબાબા |
| ફ્રાન્સ | પેરીસ |
| જર્મની (પશ્ચિમ) | બર્લિન |
| જર્મની (પૂર્વ) | બોન |
| ઘાના | આક્રા |
| ઈરાન | તહેરાન |
| ઈરાક | બગદાદ |
| ઈટાલી | રોમ |
| જાપાન | ટોકીયો |
| ન્યુઝિલેન્ડ | વીલીંગ્ટન |
| નોર્વે | ઓસ્લો |
| નેપાલ | ખટમંડુ |
| પાકિસ્તાન | રાવલપીંડી |
| પોલેન્ડ | વોરસો |
| પોર્ટુગલ | લીસ્બન |
| ફિલીપાઈન્સ | મનીલા |
| રશિયા | મોસ્કો |
| સ્પેન | મેડ્રીડ |
| સ્વીડન | સ્ટોકહોમ |
| સ્વીટઝરલેન્ડ | બર્ન |
| સિરીયા | દમાસ્કસ |
| સિલોન | કોલંબો |
| તુર્કી | અન્કારા |
| આરબ પ્રજાસત્તાક | કેરો |
| અમેરિકા | વોશિંગ્ટન |
| યુગોસ્લેવીયા | બેલગ્રેડ |
| હંગેરી | બુડાપેસ્ટ |
| ભારત | દિલ્હી |

*

## એક કલાકમાં દુનિયામાં

૧૩૦૦ લગ્ન થાય છે.
૧૦ કરોડ સીગારેટ પીવાય છે.
૩,૦૦,૦૦૦ ગુના થાય છે.
૪૩૨૦ ધબકારા માનવીનાં હૃદયમાં થાય છે.
૧૫ ખૂન થાય છે.
૨૪ લાખ ટન કોલસા વપરાય છે.
૧,૧૪,૦૦૦ તાર-ટેલીફોન થાય છે.
૧૦ છુટાછેડા થાય છે.
૧૨૨૪ માઈલ પૃથ્વી પોતાની ધરીની આસપાસ ફરે છે.
૪ પવનનાં તોફાનો થાય છે.
૯૮ હજાર ટન સાકર વપરાય છે.
૧૮,૦૦૦ માણસોને સજા થાય છે.
૧ ધરતીકંપનો આંચકો થાય છે.
૬૬,૯૬,૦૦,૦૦૦ માઈલ સૂર્યનો પ્રકાશ ગતિ કરે છે.

**શ્રી રજની એમ. સંઘરાજકા**

*

## ૧૦૦ ની કરામત

(૧) ૧૦૦મવાર એ સપ્તાહના એક વારનું નામ છે.
(૨) ૧૦૦લાપુર દક્ષિણ ભારતમાં આવેલું સુ૧૦૦ભિત શહેર છે.
(૩) ૧૦૦ળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુને વંદન.
(૪) ૧૦૦ગન ખાવાની ટેવ ઘણા બાળકોને હોય છે, પરંતુ આવી કુટેવને તિલાંજલિ આપવી જોઈએ.
(૫) ૧૦૦નગઢ એ સૌરાષ્ટ્રનાં એક ગામનું નામ છે.
(૬) ૧૦૦નેરી ક્ષણો સારા કાર્યો કર્યાં સિવાય નિરર્થક ચાલી ન જાય, તેની સાવચેતી રાખો.
(૭) ૧૦૦પારી મુખવાસ માટે વપરાતી મોજ૧૦૦ખની ચીજ ગણાય છે.

**શ્રી ચીમનલાલ સલોત-ભાભર**

✻

## કોને શું કહેવાય ?

(૧) અગ્નિનો ભડભડાટ કહેવાય.
(૨) કબુતરનો ફડફડાટ કહેવાય.
(૩) ઘુઘરીનો ઝણઝણાટ કહેવાય.
(૪) ધનુષ્યનો ટંકાર કહેવાય.
(૫) પક્ષીઓનો કિલકિલાટ કહેવાય.
(૬) કાબરનો કલબલાટ કહેવાય.
(૭) પવનનો સુસવાટ કહેવાય.
(૭) માખીનો ગણગણાટ કહેવાય.
(૯) રૂપિયાનો ખણખણાટ કહેવાય.
(૧૦) વલોણાનો ઘમઘમાટ કહેવાય.
(૧૧) સમુદ્રનો ઘુઘવાટ કહેવાય.
(૧૨) વાસણનો ખખડાટ કહેવાય.
(૧૩) વ્યસનીનો બબડાટ કહેવાય.
(૧૪) ઝાંઝરનો ઝણકાર કહેવાય.

**શ્રી અરવિંદ ચંપકલાલ શાહ-સુરેન્દ્રનગર**

✻

## મૂડી ને મજુરી.

સુરેશ : મૂડી ને મજુરી વચ્ચે શો ફેર
મહેશ : મેં તને એક રૂ. ઉછીનો આપ્યો હોય તે મૂડી, ને તે પાછો મેળવવા માટે મારે જે ધક્કા ખાવા પડે તે મજુરી.

✻

## કયો સવાલ ?

'એવો કયો સવાલ છે કે જેનો જવાબ કોઇ માણસ કદી હકારમાં ન આપી શકે?'

'કોઈને પણ તમે ઉંઘી ગયા છે? પુછો તો જવાબ આપશે કે,

'ના હું ઉંઘતો નથી'

✻

## બાપુજીની સલાહ

નટુ : બાપુજી, હું મોટો થઈને આંખનો ડૉકટર બનું કે દાંતનો?
બાપુજી : બેટા! દાંતનો ડૉક્ટર બનજે; કારણ કે, આંખ બે છે, ને દાંત બત્રીસ છે, એટલે વધારે કમાણી દાંતના ડૉકટર થવામાં છે.

✻

## ચૂપ રહેતાં શીખવાએ છીએ.

ઘરમાં આવેલાં મહેમાને કહ્યું; 'સરલાબેન! હવે તમારી બેબી બોલતાં શીખી ગઈ લાગે છે.'

સરલાબેન : 'હા, પણ હવે તો તેને અમે ચૂપ રહેવાનું શીખવીએ છીએ!'

**શ્રી અવિનાશ.**

✻

**શોધી કાઢોનો જવાબ:**-શ્રી સારથિના 'શોધી કાઢો' માં તે મહાસતીના પતિનું નામ 'પવનંજય' છે.

✻

# શાસ્ત્રસાગરનાં મોતી

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

પૂ. આચાર્ય મહારાજના પ્રવચનોમાંથી ઉધ્ધૃત કરેલા પ્રેરણાદાયી સદુપદેશ મૌક્તિકો જે અત્યારસુધી અપ્રસિદ્ધ છે. તે 'કલ્યાણ'માં સર્વ પ્રથમ પ્રસિધ્ધ થાય છે.

**હ**રેક સાધનોનો ધર્મની સિધ્ધિ માટે, રક્ષા માટે અને પ્રચાર માટે ખુશીથી ઉપયોગ કરી શકાય. પણ જેનાથી ધર્મનો નાશ થતો હોય, એવા તો એક પણ સાધનનો ઉપયોગ ન જ થાય.

**અ**મુક સાધન ધર્મ રક્ષક છે કે ધર્મ નાશક છે તેનો નિશ્ચય કરવા માટે એક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને સમજવી પડશે.

**શ્રી** જિનેશ્વરદેવની, જૈન શાસનની, સર્વ વિરતીની, શ્રાવકની, સમ્યગ્દૃષ્ટિની દયા સામાન્ય લોકની દયા કરતાં જૂદી જ છે. દયા એ સ્વ-પરના નિસ્તાર માટે છે. જે દયાથી સ્વપ નો ઘાત થતો હોય તે દયા વસ્તુતઃ દયા જ નથી.

**જે**ણે શ્રી જિનેશ્વરદેવના માર્ગનો જગતમાં પ્રચાર કરવો હોય, જગતના લોકોને શ્રી જિનેશ્વરદેવનો માર્ગ બતાવવો હોય તેણે શ્રી જિનેશ્વરદેવનાં શાસનની દયાનું સ્વરૂપ સમજવું જોઈશે. જગતને સમજાવવું જોઈશે.

**દી**ક્ષા એટલે દુનીયામાં જેટલા જેટલા ગુન્હાઓ બને છે. જે ગુન્હેગારોને માટે કોર્ટો રાખવી પડે છે. તે સઘળા ગુન્હાઓનો પૂરેપૂરો બચાવ આપી અનેક આત્માઓને આ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સંસારમાંથી મુક્ત કરનારી છે. તે દીક્ષાના સ્વરૂપથી પરિચિત થયેલી કોઈપણ સત્તા દીક્ષાની અટકાયત કદી જ ન કરે. એટલું જ નહિ પણ ગુન્હા માત્રના અભાવને ઈચ્છતી એવી એકેએક સત્તા અટકાયત કરવાને બદલે પ્રશંસા જ કરે. અને એવા ઉત્તમમાર્ગનો સ્થાપક અને પ્રચારકને સપ્રેમ વંદન જ કરે.

**શાસ**નમાં કોઈ ગુણી હોય તો તેની ખુલ્લે દીલે મુક્તકંઠે પ્રશંસા કરવી. પ્રશંસા ગુણની હોય છે ગુણાભાસની નહિ. જે ગુણ પરિણામે સુંદર ન હોય તેની હૃદયથી અનુમોદના થાય. પણ પ્રશંસા તો ન જ થાય.

**ગુણા**ભાસની પ્રશંસા કરનારો, ઉન્માર્ગની પુષ્ટિ કરનારો થઈ, પરિણામે મિથ્યાત્વને વધારી સમ્યગ્દર્શનનો ઘાતક પણ થાય છે.

**નિયમ** એ સઘળી અવિરતિ ઉપર અંકુશ મૂકનાર છે.

**શ્રી** વીતરાગ પ્રભુનાં શાસનમાં રહેલા ગુણવાન ધર્માત્માની પ્રશંસા કરવી, એ સમ્યક્ત્વની શુદ્ધિનું કારણ છે.

**મિ**થ્યાત્વના ગંજમાં બેઠેલો ગુણી એ વસ્તુતઃ પ્રશંસાપાત્ર ગુણી નથી.

**કરુ**ણા કરવાની હીનપાત્રમાં હોય, અને ઉચ્ચ તથા સમાન પાત્રોની તો ભક્તિ કરવાની હોય.

**ભક્તિ**ના સ્થાને અનુકંપા કરવી અને અનુકંપાના સ્થાને ભક્તિ કરવી એ પણ મિથ્યાત્વનું કાર્ય છે.

**અનુ**કંપા પણ ધર્મ પ્રભાવનાનું મોટામાં મોટું સાધન છે.

**હે**તુ ન સરે તો ક્રિયા કરી કહેવાય, પણ ફળી ન કહેવાય.

**અનુ**કંપા વિના તો ગૃહસ્થથી વાસ્તવિક પ્રભાવના થઈ શકતી નથી.

# ઉપાધિઓને ઓછી કરો !

શ્રી યશોધર મહેતા.

આજે રાજકારણ મહત્ત્વની વસ્તુ બની ગઇ છે. ને મોહ તથા ભ્રમણાને સમજી નહિ શકનારા પોતાની સત્તા તથા સંપત્તિલાલસાને 'કર્મયોગ તથા 'સેવા'ના નામે ઓળખાવે છે, જે એક મહાન આત્મવંચના છે. ગૂજરાતમાં હમણાં બે-ચાર મહિના પહેલાં સત્તાની સાઠમારીની આંધી પ્રવર્તી ગઈ, ગૂજરાતના પ્રધાનમંડળમાંથી કેટલાયને જવું પડયું, ને કેટલા નવા ખુરશીનાં સ્થાને આવી બેઠા. એ પ્રસંગ અનુલક્ષીને ગૂજરાતના સુપ્રસિદ્ધ લેખક જે ઉપયોગી ચેતવણી ઉચ્ચારે છે તે જરૂર વિચારણીય છે.

ગુજરાતની રાજકીય આંધિ શમી ગઇ છે અને હવે આત્મ ચિંતનનો સમય છે.

પાંચ સાલ ઉપર હિમાલયમાં એક સાધુ મળેલા તે આજે યાદ આવે છે. કાંગડામાં આવેલા ધર્મશાળા નામના હિલ સ્ટેશને મને તેમનો ભેટો થએલો. મસ્ત માણસ હતો. એ સાધુને હું હંમેશા નીચેની લીટીઓ લલકારતો સાંભળતો.

"કહાં ગયા તેરા દારા સિકંદર
કહાં ગઇ તેરી બારાદરી ? "

એ લીટીઓ લલકારીને પોતે આનંદમાં આવીને હસ્યા કરતા.

શો ભાવાર્થ હશે એનો ? બધા જાય છે કોને યાદ કરીશું અને કોને નહિ ? થાકી જવાય તેવું કામ છે, પૃથ્વી કાંઇ મનુષ્યના તાબામાં નથી. કાળ પણ એના તાબામાં નથી. એના તાબામાં તો કશું જ નથી. બે માણસ પૃથ્વી ઉપર આવી ચઢયા છે. પૃથ્વી એના આવ્યા અગાઉ લાખ્ખો વર્ષથી હતી અને એના ગયા પછી પણ લાખ્ખો વર્ષ સુધી રહેવાની છે. આગંતુકોની માલકી જ કઇ ? તીરે ઉભેલો માણસ જો એમ કહે કે આ નદી મારી છે તો એને કોણ રોકે ? નદીને જો માણસના જેવી વાચા હોત તો કહેત કે, "પાણી પી અને રસ્તે પડ. તારા જેવા તો કેટલાય આવ્યા અને કેટલાય ગયા. મને તારો હર્ષ કે શોક કંઈ નથી" એના ગયા પછી નદીનું કાંઇ નખ્ખોદ નથી જવાનું. એ માણસ જો એવી ચિંતા કરે કે પોતે આગળ ચાલ્યો જશે તો અરે, નદીનું શું થશે ? તો જાણવું કે તેને મતિભ્રમ થયો છે. નદી તો એને એટલું જ કહેશે કે, "તું તારે આગળ ચાલ્યો જા. બીજી નદી મળી રહેશે, અને નદી નાની હોય કે મોટી હોય તેમાં તારે શું ? તારે કયાં આખી નદી પીવી છે ? તારે જોઈએ ચાંગળું પાણી, જે મળી રહેશે, ચાલવા માંડ !"

એ મસ્ત સાધુના શબ્દોનો ભાવાર્થ આવો હતો. રાજકારણી અને એવી બધી વાતોને એ મસ્ત સાધુ "અંડર બંડર" કહેતા. તેથી મેં એમનું નામ "અંડર બંડર" પાડયું હતું. રાજકીય પક્ષો, રાજકીય ભાષણો, ચૂટંણી જંગો એ બધું એને મન અંડર બંડર હતું.

મસ્ત માણસોની વાત છે ન્યાયી. હરદ્વારના એક સાધુને ચીનાઓના આક્રમણનું કોઈએ પૂછયું. એણે લાક્ષણિક જવાબ આપ્યો કે, "બાંધીને કયાં લઈ જવાના છે ?" વાત તો સાચી. પૃથ્વીને બાંધીને કોણ લઈ જવાનું છે ? આપણે જતા રહેવાનું છે. પૃથ્વી જતી રહેવાની નથી.

## સંબંધો બાંધવા નહિ

જેવું પૃથ્વીની બાબતમાં તેવું જ ખુરશીની બાબતમાં અને જેવું ખુરશીની બાબતમાં તેવું જ દરેક જાતના સંબંધની બાબતમાં. ચાહીને કોઈ પ્રવૃત્તિ કરવી નહિ અને ચાહીને

કોઈ સંબંધો બાંધવા નહિ, સંબંધો એમની મેળે આપોઆપ બંધાતા હોય તો જુદી વાત છે, પણ ચાહીને કશી ઉપાધિ વહોરવી નહિ એવું જ્ઞાની લોકો કહે છે.

સંબંધો પ્રારબ્ધના બળે થાય છે. તેવા સંબંધો જ્ઞાની તથા અજ્ઞાની સહુને થાય છે. પણ જ્ઞાની કદી પોતાની મેળે સંબંધ બાંધવાની લપમાં પડતો નથી. કયા સંબંધથી કેટલું સુખ થશે? અને કેટલું દુઃખ થશે? એનો અડસટો અગાઉથી ભાગ્યે જ નીકળી શકે છે, માણસ તો સુખનું અનુમાન કરીને જ સબંધો બાંધે છે, પણ અનુમાનો તો અનેક વખત ખોટાં પડે છે.

### મોહ ભ્રમણા અને આત્મવંચના

ચીનની સાથે આપણે ભાઈ ભાઇ કરી સંબંધ બાંધવા દોડયા. અનુમાન સુખનું જ કરેલું પણ કોથળીમાંથી કાંઇક બીજું જ નીકળ્યું ! આપણે એ દોટ જો ન મૂકી હોત, તો પણ બનવાનું હતું તે તો બનત જ. પરંતુ આપણને આટલો આઘાત ન લાગત. ચીનને ભાઇ ભાઇ કરી ભેટવા દોડયા તે આપણી ભારતીય ફીલસૂફીની વિરૂદ્ધ હતું. આપણી ફીલસૂફીમાં કહ્યું છે કે, વણમાગી ઉપાધિ વહોરવી તેનું નામ જ અજ્ઞાન. આપણી ફીલસૂફીમાં કહ્યું છે કે સંબંધો અદ્રષ્ટ પ્રારબ્ધના વેગથી જે બંધાય તે ભોગવી છુટવા. માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, પતિ, પત્ની, એ બધું શોધવા જવા જેવું નથી 'હિંદી ચીની ભાઇ ભાઇ' હોય તો શોધવા શા સારૂ નીકળી પડયા ? મોહ ભ્રમણા, જૂઠ, આત્મવંચના એ બધું એક જ છે.

### લાભો તથા ગેરલાભો યોગાનુસાર આવે છે.

પ્રવૃત્તિ તો મળી જ રહે છે. પ્રવૃત્તિને શોધવા કોઈ ડાહ્યા માણસે કદી નીકળવું ન જોઇએ. લાભો અને ગેરલાભો એમના યોગાનુસાર આવતા જતા રહે છે. જે કેટલાક માણસો પ્રવૃત્તિ કરો કર્મયોગી બનો, વગેરે ધાંધલ કરે છે તે કેવળ અજ્ઞાન છે. આપણે બેસી રહીએ તો પણ કામ તો સામું આવીને ઉભું જ રહેવાનું છે, જે કામ આવે તેજ કરવાનું હોય, કામ ઉભું કરવાનું ન હોય, નોકરી જાય તો બેકારી ટાળવાનું કામ ઉભું જ થાય છે. અને તે વખતે નોકરી શોધવાનું કામ ન કરો તેવું કોઇ ડાહ્યો માણસ કહેતો નથી. ડાહ્યા માણસ એવું કહે છે કે જે કાળે જે નોકરી ધંધો હોય તેને સાચી રીતે ચલાવીને તે દ્વારા આનંદ મેળવવો, એને છોડીને બીજા કામધંધામાં વધુ આનંદ આવશે એવું અનુમાન ન કરવું. ભારતીય ફીલસૂફી કહે છે કે આનંદને બાહ્ય પદાર્થો સાથે સંબંધ નથી. આનંદ આપણા મનની એકાગ્રતામાંથી પેદા થાય છે. મોટી ખુરશીથી અગર થોડા પૈસાથી આનંદની માત્રા વધે છે એવું ભારતની ફીલસૂફી માનતી નથી. અનુભવ પણ આ સત્ય ઉચ્ચારે છે. પદાર્થોનું વળગણ જેટલું વધારે હોય છે, તેટલું દુઃખ વધારે હોય છે. એટલા માટે વધુ અને વધુ પદાર્થો મેળવવામાં આવરદા ન ખરચી નાખવો, પણ વધુ અને વધુ એકાગ્રતા મેળવવામાં આવરદા ખર્ચવો એવું ભારતના સાધુસંતો કહ્યા કરે છે.

### ઉપાધિઓ વહોરવા ન નીકળવું

પદાર્થોનો મોહ આપણને જન્મજન્માંતરનો હોવાથી એ મોહ એક ભવે છુટતો નથી, પણ ક્રમે ક્રમે અનેક ભવે છુટે છે. મોહ વધારવો એ પુરૂષાર્થ નથી, મોહ ઘટાડવો એ પુરૂષાર્થ છે. આવો પુરૂષાર્થ જો કર્યા કરીએ તો બે, ચાર, પાંચ કે પંદર ભવે નિર્મોહી બનીએ. એટલા માટે ભારતીય તત્ત્વદર્શન કહે છે કે જે શરીર રૂપી ઉપાધિ આપણને મળી છે, તેનો ઉપયોગ વધુ ઉપાધિઓ ગાંઠે બાંધવા માટે ન કરવો ઘટે પણ આવેલી ઉપાધિઓને ભોગવીને ચઢી ગયેલાં ઋણ અદા કરવા માટે કરવો ઘટે. વહેવાર ધર્મ પણ શું કહે છે ? ડાહ્યા માણસની પ્રવૃત્તિ

ઋણ વધારવા માટે નહિ, પણ ઋણ ઓછું કરવા માટેની હોય.

## ખુરશીને ગળે ન ઘાલવી

ખુરશી ઉપર બેસવાનો યોગ ઉભો થયો હોય તો બેસવું પણ એને ગળે ઘાલીને ફરવાનું ન હોય. જોડા પહેરવાના હોય, ગળે ઘાલવાના ન હોય. કાજળ આંખે આંજવાનું હોય, ગાલે ઘસવાનું ન હોય. રાજકારણ ખરાબ વસ્તુ નથી, આપણી દુર્બુદ્ધિથી આપણે તેને ખરાબ કરી મૂકયું છે. આજ કાલ તો એથી આત્મવંચના ફાલીફુલી છે કે ખુરશીના મોહને કર્મયોગ કહેવાય છે. ડંફાસો એવી મરાય છે કે "મને ખુરશીનો મોહ નથી હું તો જીવીશ ત્યાં સુધી કર્મયોગ કર્યા કરીશ. મારા સાથીઓની ઈચ્છા છે, તો હું ખુરશી ઉપર ચાલુ રહીશ" ઈત્યાદિ, ઈત્યાદિ. એનો સાદો અર્થ એટલોજ કે સાથીઓના મોહને પોષવા હું ખુરશી ઉપર ચાલુ રહીશ. એ મોહથી હું પોતે બંધાવાનો નથી! વાહ ભાઇ, વાહ ધન્ય છે આ અભિનવ કર્મ-યોગીઓને! જે માણસને આંખોજ નથી એ કંઈ મુસાફરીમાં ભોમીઓ બનવાનો છે? કર્મયોગની વાત તો ભોમીઓ કરી શકે. ગીતાને નામે મોહનો બોબડો રૂપીઓ આજે ચલણી બન્યો છે. ચારે તરફ આજે બસ કર્મયોગીઓજ કર્મયોગીઓ દેખાયા કરે છે!

અંદર બંદર મને આવુંજ કહેતા. કોઈ મોટા રાજકારણી માણસના ભાષણની વાત નીકળે તો કહેતા કે, "સબ બકતે હી હેં. પત્તા નહિ કયા બકતા હેં." બસ આથી વધારે કશી કોમેંટ તે સાધુ કરતા નહિ.

કર્મયોગ વગેરે માટે યમ-નિયમનો સતત અભ્યાસ હોવો જોઇએ. મૌનથી ઉપાસના થાય છે. આત્માનો પરિચય મૌનથી સધાય છે. શકિતનો સંચય પણ મૌનથી થાય છે. ઉપવાસની મહત્તા પણ મૌન જેટલીજ છે. ઉપવાસ અને મૌનના ભેગા પાલનથી મૌન વધુ મજબૂત થાય છે અને એકાગ્રતા પણ વધે છે. શાળાઓમાં મૌનના વ્રત ઉપર શિક્ષકોએ બહુ ભાર મૂકવો ઘટે. મૌનથી પ્રાણનો સંચય થાય છે અને મન અને પ્રાણ તો પરસ્પર જોડાયલાં જ છે, એવું યોગીજનો કહે છે. ઉપવાસથી પણ પ્રાણ-શકિતનો સંચય થાય છે અને જઠરના કામમાં તેનો ઉપયોગ કમ થતાં મનને દઢ કરવામાં તેનો ઉપયોગ વધુ થાય છે. માણસનાં ઘડતર વગર બધા રાજકીય પક્ષો લૂલાજ છે, અને ઘડતર વગર ગમે તે પક્ષમાં પડો તે સરખું છે. ઘડતર વગર ચણતર હોતુંજ નથી, મૌન, ઉપવાસ, આધ્યાત્મિક ચિંતન તથા મનન એ આપણી પાયાની મૂડી હોવી ઘટે. તે વગર બધો વહેવાર નકામો છે, નિષ્ફળ છે. ખુરશી પણ પ્રેમ અને બંધુત્વથીજ શોભે છે, તથા ટકે છે અને તે વગર નહિ, એવું આપણે માનીએ છીએ. આપણે આપણા રસ્તે ચાલ્યા જવું જોઈએ.


## ❋ તદ્દન નવાં પ્રકાશનો ❋

| | |
|---|---|
| ○ માટીનું અત્તર | ૨-૦૦ |
| ○ રંગ કસુંબી | ૨-૦૦ |
| ○ ઋણાનુબંધ | ૨-૨૫ |
| ○ ભરત બાહુબલી | ૩-૫૦ |
| ○ સુશીલની સંસ્કાર કથાઓ | ૨-૦૦ |
| ○ ઉદા મહેતા | ૩-૦૦ |
| ○ આત્મ મંગળ | ૦-૫૦ |
| ○ आत्मतत्व विचार | ૫-૦૦ |
| ○ महावीर वचनामृत | ૬-૦૦ |

—×—

**રેશમી પૂજાની જોડ**

બેંગલોર-સ્ટેપલ અને ભીવંડીની બનાવટો.

કીં. રૂા. ૧૭,-૨૬,-૩૬,-૪૬

પ્રાપ્તિસ્થાનઃ-**સેવંતીલાલ વી. જૈન**

મોતીશા જૈન દેરાસર-પાંજરાપોળ-**મુંબઈ-૪**

# અદ્ભુત સ્મરણ શક્તિ

શ્રી સુરેશચંદ્ર
માણેકલાલ શાહ

અદ્ભુત સ્મરણશક્તિનો અને ગણિત-શકિતનો આધાર શિક્ષણ પર હોતો નથી. ભવાંતરના સંસ્કારો જ આમાં કારણ રૂપ બને છે. જ્યોર્જ બીજાના વખતમાં એસ્ટરફિલ્ડમાં જેડીડીહ મુકસ્ટન નામનો છોકરો રહેતો હતો. આ બાળક તદ્દન અભણ ને ગરીબ હતો. રાજાએ આ આઠ વર્ષના બાળકની ગણિતશક્તિ વિષે ખ્યાતિ સાંભળી હતી. તેથી એક દિવસ રાજાએ તેને લુનોન ચાલતા આવવાની આજ્ઞા કરી. બાબા જેડીડીહે લુનોન પર પગ મૂકયો કે તરત જ રાજાએ પ્રશ્નોની ઝડી વરસાવી.

'લુનોન આવવા તારે કેટલાં ડગલાં ભરવાં પડયાં ?'

નામદાર' મારે ૪,૨૨,૪૧૧ ડગલાં ભરવાં પડયાં.'

ઓહ !, રાજાએ આશ્ચર્યથી ઉદ્ગાર કાઢયો. રાજાને આટલાથી સંતોષ ન થતાં તેણે પૂછ્યું : 'આટલું અંતર ચાલતાં કેટલો વખત થયો ?'

'છ દિવસ આઠ કલાક, ચાર મિનિટ, બાર સેકંડ.' રાજા વાકય પૂરૂં કરે તે પહેલાં બાળક જેડીડીહે જવાબ આપ્યો.

'અદભુત, શું ગજબની ગણિતશકિત છે !' રાજાએ આશ્ચર્યથી ઉદ્ગાર કાઢયો.

'એટલે કે નામદાર, ૫,૪૭,૪૫૨ સેકંડ !' રાજાને આશ્ચર્યની ખીણમાં ધકેલતાં બાળક જેડીડીહ બોલ્યો.

આ સાંભળી રાજા તથા દરબારીઓએ મોંમાં આંગળાં નાખ્યાં.

હવે રાજાએ એને પોતાના દરબારમાં સ્થાન આપ્યું. એકવાર રાજા લંડનમાં શેકસ-પિયરનું નાટક 'રીચાર્ડ ૩ જો' જોવા લઇ ગયો. નાટક દરમિયાન બાળક જેડીડીહ શાંત જણાયો. નાટકમાં પણ એને ખાસ સમજણ ન પડી. નાટક પૂરૂં થતાં રાજાએ પૂછેલા પ્રશ્નનો જવાબ એણે દરેક નટ કેટલા શબ્દો બોલ્યો ને નાટકમાં કુલ કેટલા શબ્દો છે તે કહી વાળ્યો. પાછળથી નાટકમાંથી શબ્દો ગણી જોતાં આંકડો અચૂક બરોબર નીકળ્યો.

બીજો દાખલો આવા જ એક અભણ અને ગરીબ ભરવાડના છોકરાનો છે. તેનું નામ વીટો મન્ગોઅમેલ. વીટોમાં આ ઇશ્વરી બક્ષિસને લઇને પેરીસના 'એકેડેમી ઓફ સાયન્સ'ના વિજ્ઞાનીઓએ એની પરીક્ષા કરવા એને નિમંત્રણ આપ્યું.

એને પૂછવામાં આવ્યું : '૩૭૯૬૪૧૬ નું ઘનમૂળ શું ?' તેણે તરત જ જવાબ આપ્યો.

આથી ગણિતશાસ્ત્રજ્ઞો વિચારમાં પડ્યા ને ગૂંચવાડામાં નાખે તેવો સવાલ તેને કર્યો.

'એવો કયો આંકડો છે કે જેનો ઘન તે જ આંકડાના પાંચગણા વર્ગમાં ઉમેરવામાં આવે ને બેતાળીસ વખત તે જ આંકડો ઉમેર્યા પછી ચાળીસ બાદ કરવામાં આવે....'

આવો ખૂબ જ લાંબો, ગૂંચવણ ભરેલો, અટપટો કોયડો વિજ્ઞાનીઓ પૂરો કરે તે પહેલાં જ વીટો બોલી ઊઠયો.

'તે આંકડો પાંચ છે !'

પ્રશ્નકર્તા ગણિતશાસ્ત્રજ્ઞોને જેટલીવાર લાગી, એથી પણ ઓછા વખતમાં બાળક વીટોએ જવાબ આપ્યો.

આથીયે વધુ હેરત પમાડે તેવો દાખલો જાણીતા સિવિલ એન્જિનિયર જ્યોર્જ પી. બીદરનો છે. નાનપણમાં જ્યારે તેના બધા દોસ્તો રમતા ત્યારે બાળક બીદર સંખ્યાઓ સાથે કરામત કરવામાં મશગૂલ બનતા. નાનપણથી જ ગણિતનું જ્ઞાન એટલું વિશાળ હતું કે તેઓ જ્યારે દશ વર્ષના હતા, ત્યારે તેમના શિક્ષકે પ્રશ્ન પૂછયો :

'૫ ફુટ ૧૦ ઇંચ પરિઘવાળા પૈડાને ૮૦ કરોડ માઇલ ફરતાં કેટલા ફેરા ફરવા પડે ?'

પચાસ સેકંડ પછી જવાબ આપ્યો.

‘ ૭,૨૪,૧૧,૪૨,૮૫,૭૦૪. ’

એની યાદશકિતનો બીજો દાખલો :

એકવાર દસ જ સેકંડ માટે એક મોટી સંખ્યા તેને બતાડવામાં આવી. વચ્ચે એક કલાક જેટલો સમય ગયા બાદ તે સંખ્યા પૂછવામાં આવી. એણે જવાબ દીધો.

૨૫,૬૩,૭૨,૧૯,૮૭,૬૫,૩૪,૬૧૫,૯૮,૭૪, ૬૨,૩૧,૯૦,૫૬,૦૭,૫૪,૧૧,૨૮૯૭૫,૨૩૧....!’

જાણે કોઈ ચોપડીમાં જોઈને જ બોલતો હોય તેમ કડકડાટ બોલી ગયો.

આવી જ અદ્‌ભુત ગણિતશકિત ધરાવનાર અમેરિકાના જેરોહ કોલબર્નનો છે. ૭ વર્ષની ઉંમરે તેણે અમેરિકાની મુસાફરી કરી હતી. ૮ વર્ષની વયે પૂછવામાં આવેલ ૧૦૬૯૨૨૯નું વર્ગમૂળ ને ૨૬૮૩૩૬૧૨૫નું ઘનમૂળ એક સેકંદમાં જ કહ્યું હતું.

આટલી નાની ઉંમરમાં આવી હેરત પમાડે એવી શકિત જોઈ ડયુક ઓફ ગ્લોઉસેસ્ટરે એને નિમંત્રણ આપ્યું ડયુકે પૂછયું,

‘૨૧૭૩૪ને ૫૪૩નો ગુણાકાર શો ?’

‘૧૧,૮૦,૧૫૬૨ !’ જેરોહે તરતજ જવાબ આપ્યો.

‘આ તેં કેવી રીતે કર્યો ?’ ડયુકને આશ્ચર્ય થવાથી તેણે પૂછયું.

‘મેં ૬૫૨૦૨ ને ૧૮૧ થી ગુણ્યા !’ હસીને જેરોહે જવાબ આપ્યો.

આ તો થઇ પરદેશીઓની વાત. આપણા હિંદમાં પણ આવી અદ્‌ભુત શકિતવાળા માનવીઓમાં પૂનાની એંજિનિયરિંગ કોલેજના શ્રી મહેંદ્ર પટેલ ને દક્ષિણ હિંદનાં કુ. શકુન્તલાની ગણિતશકિતથી હિંદ આખુંય પ્રભાવિત થયેલું છે. પરદેશમાં પણ જાણીતા સોમેશચંદ્ર બસુ વિષે નીચેની વાત કહેવાય છે.

૧૯૩૧ના એપ્રિલ માસની ૧૮ મી તારીખે ન્યુયોર્કના ‘વ્હેનડાઇક સ્ટુડિયો’માં સ્ટુડિયોના સંચાલક શ્રી જોન ઓ નીલ સાથે વાતો કરતા સોમેશચંદ્ર બેઠા હતાં. નીલ સાહેબને એકદમ સોમેશચંદ્રની પરીક્ષા લેવાનું મન થયું. તેણે એક કાગળ પર ફાવે તે આંકડાઓ લખવા માંડયા. ને વચ્ચે એક જગ્યાએ ગુણ્યાનું ચિહ્ન મૂકયું. ને કાગળ સોમેશચંદ્રના હાથમાં મૂકયો, આ આંકડો નીચે પ્રમાણે હતો—

૮૫૩૧૨૭૪૬૯૩૭૬૮૪૧૩૨૫૭૨૬૧૩૩૫ ૬૩૯૭૮૧૨૬૪૭૩૯૮૨૫૭૩૧૨૪૮૭૩૬૪૯૭૧૨ ૫૬૫૩૨૭૩૪૭૮૧૭૨૮૬૩૫૭૨૩૭૪૮૧૨૫૨૫૭ ૪૯૧૨૮૩૬૯૨૪૩૭૬૧૮૫૩) × (૭૪૬૩૮૧૨૫ ૭૩૬૪૭૯૨૮૩૭૪૩૫૧૭૯૬૨૯૭૬૪૩૬૮૪૧૭૮ ૯૬૭૯૧૨૮૫૭૪૯૫૩૫૯૮૩૮૧૪૨૮૧૨૫૯૫૯૧ ૮૧૫૧૨૭૬૩૯૭૮૨૯૫૭૮૧૬૩૯૫૩૨૮૯૬૪૭૨ ૫૭૩૬૯

આ મોટી સંખ્યાની આગગાડી તરફ ફકત એક જ વાર નજર નાખી એમણે આંખો મીંચી દીધી.

સ્ટુડિયો બહાર ટ્રામ–મોટરનો ખડખડાટ ચાલુ હતો, ને સોમેશચંદ્ર અંદર સમાધિમાં બેઠા હતા. એકવાર જોઇને આંકડો પણ ધ્યાનમાં રહ્યો હશે કે કેમ એવો વિચાર કરતા નીલ સાહેબ બેઠા હતા. બરોબર ૫૨ મિનિટને ૩૦ સેકંડ પછી સોમેશચંદ્ર સમાધિમાંથી જાગૃત થયા ને કોઈ કવિતા ન બોલતા હોય તેમ ગુણાકાર બોલવા લાગ્યા. તે ગુણાકાર આ રહ્યો.

‘૬૩૬૭૫૮૩૫૩૨૮૫૯૩૦૬૨૫૬૩૨૮૯૭૭ ૩૬૬૨૦૧૬૧૩૧૭૨૮૨૨૦૩૨૫૯૯૭૫૪૪૦૧૭૦ ૮૧૭૭૩૫૪૬૧૮૬૭૧૬૩૩૩૬૭૩૮૨૯૫૯૫૮૫૭ ૨૫૦૧૦૪૩૫૭૪૫૬૬૭૯૯૧૬૯૮૩૨૦૭૨૬૪૯૭ ૪૧૯૨૮૨૭૦૨૭૨૮૧૫૬૨૭૮૦૮૫૪૪૩૬૯૯૦૭ ૩૫૦૦૫૭૭૪૨૮૫૭૯૭૧૫૮૦૪૫૭૪૫૧૬૫૭૮૨ ૩૭૭૪૦૭૪૬૮૩૪૮૧૪૮૫૨૦૬૨૦૬૨૩૩૩૬૩૫ ૭૪૪૭૫૭....!’ ભવાંતરનો ક્ષયોપશમ શું કામ કરે છે, તે આથી સમજાય છે. તદુપરાંત પુનર્જન્મ તથા પરલોક જેવાં નક્કર તત્ત્વોને નિષેધનારા આ ઉપરથી જરૂર સમજી શકશે કે, આત્મા તથા પરલોક છે.

# જીવન ધનની રક્ષા

પૂ. મુનિરાજ શ્રી
જયન્તવિજયજી મહારાજ

**મા**નવ ! ઘર છોડીને મુસાફરી માટે બહાર જઈએ અને પાછા ઘરે ન પહોંચી જઈએ, ત્યાં સુધી રસ્તામાં કેટ કેટલી ખબરદારી પોતાને ખૂદને જ કરવી પડે છે? જ્યારે ત્રણ ચાર પેટી બિસ્તરા સાથે હોય ત્યારે તને ક્યાં ચેન વળે છે? વારંવાર દરેક સ્ટેશને ધ્યાન રાખે છે કે ક્યાંય કોઇ ઉઠાઉગીર આવીને એકાદ પેટી ખીસ્તરો ન ઉઠાવી જાય? સાથે એ પણ ખ્યાલમાં રાખે છે કે ક્યાંયથી કોઈ ખિસ્સા કાતરૂ આવી ખીસ્સું ન કાપી જાય? કોઇ ઠગ આવી આપણને ઠગી ન જાય? કેટલી ઉપાધિ?

તારા તરફથી તેં પૈસા આપ્યા, ગાડીવાળાએ તો તને બેસવાની સીટ આપી, એણે થોડો જ વીમો લીધો છે?

ભાઈ! એટલે જ બહાર જઈએ ત્યારે નાના મોટાં શીખ આપે છે કે, 'હવે બહારવાસમાં સાવધાનીથી વરતશો.'

પણ, આટલું બધું શા માટે?

તડાક દઈને જવાબ આપીશ કે, 'માલ પોતાનો, ધન પોતાનું અને પોતે જ ચિંતા સેવવાની પોતાની પુંજીના રક્ષણની!'

થોડા ગાફેલ થયા કે બિસ્તરો ચાલવા માંડશે, અસાવધાન થયા કે ખીસ્સુ ખલાસ થઈ જશે અને મૂઢ બન્યા કે ગાંઠના ગોપીચંદ થઇને પાછા વળવું પડે. આમ ત્રિદોષથી ભરપૂર યાત્રા પ્રવાસ ચાલતો રહે છે,

આ તો તું હંમેશાં રાત દિવસ ઉપયોગમાં લે છે તેની વાત છે, પરંતુ જે કયારેક ઉપયોગમાં લેવાનું છે અને હમેશાં પોતાના પાસે રહેવાનું છે એવા જીવન ધનની ખબરદારી કરી છે કે નહિ?

જીવનની ગાડી એક સ્ટેશનથી બીજે સ્ટેશન પહોંચતી જાય છે, અનવરત ચાલતી રહેવાની આ ગાડી જ્યાં સુધી પોતાના નિશ્ચિત સ્થળે ન પહોંચે ત્યાં સુધી.

તારા પોતાનાં ધનના રક્ષણ માટે તારી પોતાની ખબરદારી છે કે નહિ?

કોઈ પૂછે કે તારે કયાં જવું છે? શું કરવું છે? શું લઇ જવું છે? કોણ કેટલું લઇ ગયો છે? કેટલું છોડી ગયા છે? કયાં લઇ ગયા છે? આટલા આટલા પ્રશ્નો જ્યારે તારા સામે આવી પડે ત્યારે ખરેખર તું મુંઝાઇ જ જાયને!

કારણ? તને ખબર જ નથી કે આવા પ્રશ્નોના જવાબ શું આપવા?

સમાધાન કરવાની શકિત તારામાં છે, પરંતુ સૂર્યના પ્રકાશથી કમળની પાંખડીઓ વિકસ્વર થઇ જાય છે, તેમ તારાં હૃદય કમળને ખીલવનારો ભાસ્કર તને મળ્યો નહિ. પરિણામે જે મળ્યા તે મુરઝાયેલ. પછી તું કયાંથી પામી શકે સોનેરી કિરણો!

ગયો એની ચિંતા છોડ, આવ્યો નથી એની આકાંક્ષા મૂકી દે, વર્તમાન તારા હાથમાં છે, અતીત અને અનાગતને સુધારી દેશે,

જો સમજણ હોત તો માનવનું પરમોચ્ચતમ જીવન. આ સમયે જે ધારે તે મળી શકે, મેળવી શકે. જીવન ધનને પ્રાપ્ત કરી સદાનંદમય વિચરણ કરી શકે.

એ પરમ પુરૂષોની શરણાગતિ સ્વીકાર,
પછી દેખ, બેડો તારો પાર,
રાખી પરમેષ્ટિ આધાર,
ચાલી જીવનની પગથાર.

જેમણે જીવન ધનની મહત્તા સમજાવી, સંભાળતાં શીખવ્યું તેવા અરિહંત પરમાત્મા. જીવન ધનના બળે આત્મધન મેળવ્યું તે સિદ્ધ પરમાત્મા, જેઓ જીવન ધનના રસિયા

બની તેવું આચરણ-અનુશીલન કરી રહ્યા છે, તે આચાર્ય દેવો, જેઓ જીવનધનને મેળવવા પાછી પાની કરતા નથી તે આચાર્ય ભગવંતો અને જેમને તાલાવેલી લાગી છે એ ધન પ્રાપ્ત કરવાની, એ મુનિ મહારાજાઓ.

આ પવિત્ર શરણને અનુશાસન પૂર્વક મન, વચન, અને કાયા, અને આત્મનિષ્ઠાથી અંગીકાર કર્યા પછી પોતાની મેળે સાવધાનીથી આંતરિક વીણાના તાર ઝણઝણી ઉઠશે અને સુખદ સ્વરો અંતરાત્મપ્રાંગણને શાંતિથી સભર કરી દેશે પછી તો તું પોતે જ વારે, તહેવારે પોતાની મેળે જીવન ધનની સુરક્ષા માટે તત્પર થઈશ. વારંવાર તકેદારી અને ખબરદારી રાખીશ.

ભૌતિક વિલાસિતામાં વ્યસ્ત રહીને બાહ્ય ધનની તું ખબરદારી રાખે છે, ત્યારે મને સ્હેજે તને કંઈક ને કંઇક ઓળંભા આપવાનું થઇ જાય છે.

જો માનીશ, તો લાભ તને જ થવાનો.

'દેખ, આ રહ્યું તારૂં જીવન ધન અને આ રહ્યા તેને લૂંટી લેનારા તત્વો !

'ક્ષમાધનના કોશાગારને ક્રોધ લૂંટારો આવી લૂંટી ન જાય તેટલું બળ કેળવજે તું તારામાં !'

'નમ્રતાની (વિનયની) પુંજીને અભિમાન તસ્કર આવી ન તફડાવી જાય તેની તકેદારી રાખજે તું !'

'સરળતાની બેગને માયા મજદૂરણ ઉંચકીને ચંપત ન થઇ જાય તેની ખબરદારી કરજે તું !'

'સંતોષની તીજોરીને લોભ રાક્ષસ આવીને ન ભરખી જાય તેની પૂરેપૂરી ભાળ રાખજે તું !'

આમના સામે ટકી શકે તું તે માટે તારો પથ પ્રશસ્ત કરશે એ પરમ પૂજ્ય આરાધ્યપાદ પરમેષ્ઠીભગવંતો !

અરિહંતનું શરણ ક્રોધથી ઝુંઝવાનું સામર્થ્ય પ્રદાન કરનારૂં નિવડશે. સિદ્ધનું શરણ અભિમાનને હસ્તગત કરવામાં અનેરો સાથ આપશે.

આચાર્યનું શરણ માયાથી બચવા માટે સર્ચ લાઇટનું કામ કરશે.

ઉપાધ્યાય અને સાધુનું શરણ લોભને હંફાવી દેવા માટે તારામાં બળ ભરશે.

જીવન ધનની સુરક્ષા રૂપે વૃધ્ધિ માટે કંઈક કરજે, તો જ તારો પ્રયાસ સાર્થક ગણાશે. તો જ તું સમજદારની કોટિમાં આવી શકીશ, ત્યારે જ તારામાં તારાપણું દીપી ઉઠશે.

તું તેનાથી તત્સ્વરૂપ પણ બની શકીશ.


एकबार अवश्य परीक्षा करें -- एजंटोकी आवश्यकता है।

**दंतमुक्ता मंजन** ०-६२, १-२५ न पै.

२० श्रेष्ठ औषधयुक्त-आयुर्वेद के आचार्यो द्वारा प्रशंसित शीघ्र गुणप्रद। दांतोंके अनेक रोग मिटाकर उन्हें एकदम स्वच्छ चमकिले ओर मजबूत करता है।

**ज्योति** २-००

आंखो दुखना, जाला, फुला, धूंध, खील, खाज, लालाश आदि नेत्र रोगों की परीक्षित दवा।

**नेत्र सुधा** ०-७५ न पै.

दुखती आंखो की अचूक दवा नकसीर कान की फुंसी. पीप, खाजमु, खपाक, मुंहांसे आदि में।

**पित्तातक** १-५० न. पै.

सिरदर्द, उल्टी, चक्कर, अम्लपित्त, लू, ज्वर, मरडा, शीलष, मुखपाक, रक्तवमन, पांडु, रक्ताश्रव तथा अनेक पित्त रोगो में श्रेष्ठ। घांव में भरने से शीघ्र रक्त रुके।

स्वादिष्ट वटी ८० न.पै.—स्वादिष्ट चूर्ण १-५०न पै. पाचक, रुचिकर, क्षुधावर्धक, मुखशोधक, गेस, मंदाग्नि तृषानाशक

**आयुर्वेद रत्न भंडार : सांडेराव**

(राजस्थान)

# અજબનું મહાપાપ મિથ્યાત્વ

શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી-અમદાવાદ.

જન્મે બ્રાહ્મણ હોવા છતાં પણ જૈનધર્મ પ્રત્યે પૂર્વ સંસ્કારોના કારણે શ્રદ્ધા ધરાવનાર ગુણાનુરાગી લેખક અહિં મિથ્યાત્વ નામના પાપની ઓળખાણ કરાવે છે.

જગતમાં અનેક ધર્મો છે અને તેમના અનેક સિદ્ધાંતો પણ છે. પણ એ સિદ્ધાંતની વાતો ન્યાય નીતિ, આદિને લગતી હોય છે, કોઈ એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરવો. કોઇનું પરાયું ધન લેવું નહીં, પરસ્ત્રી માતા સમાન ગણવી વગેરે વાતો તો જો ધર્મમાં ના હોય તો તેને ધર્મ જ કહેવાય નહી ને? પણ ધર્મ જો આત્માની અંદર ઉત્પન્ન થતી વિચારોની પરિણામધારાને ન સ્પર્શી શકે, તો પછી એ ધર્મને આત્માનું સંપૂર્ણ જ્ઞાન છે, એમ કહી શકાય નહી, ને તેથી એ સર્વોત્તમ ધર્મ છે એમ પણ કહી શકાય નહીને?

પાપ-પુન્ય, કર્મ, આત્મા, સ્વર્ગ, નર્ક વગેરે વાતો તો લગભગ દરેક ધર્મે સ્વીકારેલી છે, એટલે જ ઘણા એમ કહે છે કે, ધર્મો બધા સરખા છે. પણ સૂક્ષ્મ નજરે અવલોકન કરવાથી સમજાય છે કે એમ નથી.

દા. ત. નર્ક છે એમ કહેનાર ધર્મસંતને પૂછીએ કે નર્ક કેટલાં છે, ત્યાંની આબોહવા કેવી છે, ત્યાં જનારા જીવનું આયુષ્ય વધુમાં વધુ ને ઓછામાં ઓછું કેટલું હોય? વગેરે બીજા પણ પ્રશ્નો છે. એ જ રીતે પાપ-પુન્યના પ્રકારો કેટલા છે? એમ પૂછીએ તો કહેશે કે એના તે વળી પ્રકારો હોય? હા, છે એટલું જ નહી પણ એક જ જાતની ક્રિયા બે માણસો કરતા હોય, તો એકની સુગતિ થાય, ને એકની દુર્ગતિ થાય, એમ પણ બને. પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પુણ્ય, ને પાપાનુબંધી પાપ, ને પુણ્યાનુબંધી પાપ એમ ચાર પ્રકારોની દુનિયાના કોઇ ધર્મમાં સમજ આપેલી છે ખરી? એવું જ કર્મની બાબતમાં છે, કર્મની ફીલસુફીમાં માનનાર હિંદુધર્મમાં પણ એના ઉપર વિગતે સમજ નહી મળે. જ્યારે જૈનદર્શનમાં કર્મોના મૂળ આઠ ભેદ ને એની ઉત્તર પ્રકૃતિના બીજા ભેદો વર્ણવતાં એને માટે ખાસ કર્મગ્રંથોની રચના કરેલી છે. ને એનો જ્યારે તમે અભ્યાસ કરો ત્યારે ખબર પડે કે દરેક જીવનાં બધાજ પ્રકારનાં કર્મો આમાં સમાઇ જાયછે.

આટલી વાત તો પૂર્વભૂમિકા રૂપે રજુ કરવી પડી છે. કારણ કે જૈનદર્શને એક મિથ્યાત્વ નામના પાપને અઢાર પ્રકારના પાપમાં સત્તરના બાપ તરીકે ઓળખાવ્યું છે કારણ કે મિથ્યાત્વની હાજરીમાં બાકીનાં પાપો જોરદાર હોય છે. આ મિથ્યાત્વ નામના પાપની હસ્તી દુનીયામાં છે? કે પછી જૈનદર્શનની કપોળકલ્પિત માન્યતા છે? એ પ્રશ્ન પૂછવાનો તમને હક છે, ને એને સમજાવવાનો પ્રયત્ન કરવો એ જરૂરી પણ છે.

તમે વિચાર કરો તો સમજાશે કે આપણી વચ્ચે એવા ઘણા માણસો વસે છે કે, જેઓને તમે સારી ને એના ભલાની વાત કહો તો તમને મારવા દોડે. તમે બીજાના સારા ગુણ ગાઓ તો તેને ન ગમે. ટુંકાણમાં કહીએ તો હિતકર વસ્તુ તેને અહિતકર લાગે ને અહિતકર વસ્તુ હિતકર લાગે. સર્વગુણસંપન્ન અને બીજી પણ અનેક વિશિષ્ટતાઓથી યુક્ત શ્રી જિનેશ્વરદેવ અને મહાન ત્યાગને વરેલા સાધુપુરૂષો એને જરા પણ ગમતા નથી. અરે એમનું નામ આવતાં જ હુમલો કરવા લાગી જાય છે. પોતાના ધર્મની એક ઈંટ જેટલી પણ ખબર ના હોય. કંઇ વાંચ્યુ ના હોય, કે કંઇ વિચાર્યું ના હોય તેવા અંધ ધર્મપ્રેમીઓ એવા મહાપુરૂષ માટે જેમ તેમ બોલવા લાગી જાય છે, કારણ કે મિથ્યાત્વ

નામનું પાપ જે આત્મામાં બેઠેલું છે, તેજ તેની પાસે એવી ક્રિયા કરાવે છે. જૈનધર્મમાં ગુણના આધારે વ્યક્તિ પૂજાય છે જ્યારે બીજે, વ્યક્તિને મહાન માનીને તેમાં રહેલા પ્રગટ દોષોને પણ ગુણ મનાવવાનો બાલીશ પ્રયત્ન થાય છે. આવો અવળો રાહ લેવાની બુદ્ધિ શાથી પેદા થાય છે? અંદર રહેલા મિથ્યાત્વના પ્રતાપે.

હવે અહીં કોઈ એ પ્રશ્ન કરે કે માણસ કેટલીક બાબતમાં સીધી સમજ પણ ધરાવતો હોય છે, તો તેને તેટલા પ્રમાણમાં મિથ્યાત્વથી વિરૂદ્ધ તત્વ કે જેને સમ્યકત્વ કહેવામાં આવે છે તેનાથી યુકત થયેલો કહેવાય? ના કહેવાય. કારણ કે તે સીધી સમજ પણ શુદ્ધ હેતુવાળી નથી હોતી. કોઈ પણ માણસ પછી તે જૈન કે જૈનેતર હોય પણ તેના વિચારો જન્મ-મરણથી છુટવા રૂપ મોક્ષની ક્રિયાનેજ પુષ્ટિ કરનાર હોય. ને કેવળ ગુણને જ પામવા અર્થે હોય ત્યારે જ એનું મિથ્યાત્વ નાશ પામે છે. અને એવી વ્યક્તિને સર્વગુણસંપન્ન શ્રી વીતરાગ દેવ સિવાય બીજા ગમતા જ નથી. કારણ કે એ વ્યક્તિ હવે સંસારના સુખને ઉપાદેય ગ્રહણ કરવા યોગ્ય નહિ માને. એનું અંતિમ ધ્યેય વીતરાગતા બની જશે, એનું જ મિથ્યાત્વ નાશ પામ્યું કે પામશે, બીજાનું નહિ. પછી તે વ્યક્તિ ગમે તે હોય, આવી છે મિથ્યાત્વની વાતો. એ કાંઈ ઉપજાવી કાઢેલી વસ્તુ નથી. છતાં આ વસ્તુની માત્ર જૈનદર્શન સિવાય બીજા કોઇને ખબર નથી. એજ સાબીત કરી આપે છે કે જૈનદર્શન આત્માને ને એનાં સ્વરૂપને જે રીતે ઓળખી શકે છે, એ રીતે બીજાઓ નથી ઓળખી શકતા.

જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવ તત્વોમાંથી અમુક તત્વને માનનારા ને અમુકને નહીં માનનાર ધર્મો પણ જગતમાં વિદ્યમાન છે, પણ એમની અપેક્ષાએ તમે જૈનદર્શનનું નિરૂપણ તપાસો તે તમને સમજાય કે ખરેજ કમાલ કરી છે. પણ જૈનદર્શનની છાયામાં પણ ના ઉભા રહેવું હોય તો એને શું ધૂળ સમજાય?

"હાથીના પગ નીચે મરવું સારૂં પણ જૈનમંદિરમાં ના જવું" એવું લખનારને મિથ્યાત્વબુદ્ધિ ના હોય તો એવું લખી શકાય ખરૂં? શું જૈન મંદિરમાં માદક પદાર્થો પીવાય છે? શું જારકર્મ થાય છે? શું અનિતિના ખેલ શીખવાડાય છે? શું સંસાર વધારીને મોક્ષબુધ્ધિથી કોઇને ભ્રષ્ટ કરવામાં આવે છે? જેમણે રાજપુરૂષ છતાં સાધુત્વ સ્વીકાર્યું, દુષ્ટોના તરફથી આવતાં દુઃખને સમભાવે સહન કર્યાં. જેમણે સાડાબાર વર્ષ ખડાપગે તપ કર્યું. અન્ન-જળ વિનાના છ-ચાર-ત્રણ બે એક મહિનાના ઉપવાસ કર્યાં. પારણામાં એકજ વખત ભોજન લીધું. ને તે પણ સાડા બાર વર્ષમાં માત્ર ત્રણસો ઓગણપચાસ દીવસ જ. શ્રી રામ વનવાસ કરતાં પણ અધિક કષ્ટો જેમાં હતાં એવા તો એ ત્યાગી હતા, જેમનો પ્રાણ કોઇ પણ શકિત લઈ શકે એમ ન હોતું. જેમને વૃક્ષો પણ નમન કરતા હતા. ભયંકર ક્રુર ને ઝેરી જાનવરો તેમની પાસે નિઃસત્વ થઈ જતા હતા. જેમના શીલને દેવ-જગતની નારીઓ પણ ખંડિત કરી શકી નહોતી. અસીમ તાકાત છતાં અદભૂત ક્ષમા હતી, માત્ર એમની હસ્તીથી જ સ્વ-પર ચક્રનો ભય નાશ પામતો હતો. કોઈના શસ્ત્રઘાતથી કે અન્નજળના અભાવથી કે ક્રૂર જાનવરના આઘાતથી તીર્થંકરો મૃત્યુ પામતા નથી. જેઓએ જગતની આંખોથી પણ અદીઠ એવા જીવોની દયા ઇચ્છી છે. વનસ્પતિ આદિમાં પણ જીવ છે, એવું સત્ય બતાવનાર, અરે કર્મના ન્યાયની બાબતમાં એક નાનામાં નાના જીવની બરાબર તીર્થંકરોને મૂકનાર એવા ન્યાયપ્રિય ભગવાનના મંદિરમા જવા કરતાં મરવું સારૂં એવું કહેનારમાં મિથ્યાત્વ ના હોય તો બીજું હોય પણ શું? જેમનામાં દોષનો અંશ નથી ને ગુણનો ભંડાર છે એટલુંજ નહિ પણ જગતની કોઇ પણ ઉત્તમ વ્યક્તિની સાથે ગુણોની બાબતમાં સર્વશ્રેષ્ઠ પુરવાર થાય એવા મહાન પુરૂષની ઉપેક્ષા

# આઠ કર્મોમાં મોહનીય કર્મની પ્રબળતા.

ડૉ. શ્રી વલ્લભદાસ
નેણસીભાઈ-મોરબી

આઠે કર્મોમાં મોહનીય કર્મ બળવાન છે, અને તેજ જીવને સંસારરુપ મહેલને સ્તંભરૂપ છે. અર્થાત્ તેજ સંસારમાં પરિભ્રમણ કરવાનું મુખ્ય નિમિત્ત છે. તેની સ્થિતિ પણ દરેક કર્મ કરતાં વધારે છે. જેમ એક ઝાડ મૂળમાંથી ઉખડી જમીન ઉપર પડી ગયું હોય, તેની શાખા પાંદડા વગેરે લીલાં છે, છતાં તેને સુકાતાં વાર નહીં લાગે, પરંતુ તેજ ઝાડનું મૂલ કાયમ રાખી ઉપરથી કાપી નાખીયે તો કોઈ વખતે પુનઃ તે ઝાડ પ્રફુલ્લિત થઇ વૃધ્ધિ પામે છે, અને તેથી જ "મૂલં નાસ્તિ કુતઃ શાખા" એ કહેવત કહેવાય છે. તેજ રીતે મોહનીય કર્મ સિવાય બીજાં સર્વે કર્મો મંદ પડે, છતાં પણ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. પણ જેનું મોહનીય કર્મ નાશ થયું હોય, તેને બાકીના કર્મો કદાચ બળવાન હોય તોપણ મૂળમાંથી પડેલાં ઝાડની શાખા, પાંદડા જેમ સૂકાઇ જાય છે, તેમ આ પણ નષ્ટ થાય છે. આ કારણને લઇને છટ્ટા ગુણસ્થાનકવાળાએ મોહનીય કર્મને જર્જરિત કરી નાંખ્યું છે, તેથી તેને સર્વવિરતિ કહે છે. અને મોહનીય કર્મની અનંતાનુબંધી કષાયની ચોકડી તથા ત્રણ દર્શન મોહનીય એ સાત પ્રકૃતિનો સર્વથા ક્ષય કરે ત્યારે તેને ક્ષાયિક સમકિત કહે છે. તે સાતે પ્રકૃતિને બંધમાંથી ક્ષય કરે, ત્યારે તેને ક્ષાયોપશમિક સમકિત કહે છે. આ બન્ને સમકિતમાંથી કોઇ પણ સમકિતની દશા પામી, ઉદયમાં આવેલી વૃત્તિઓને સમભાવપૂર્વક વેદે ત્યારે કર્મનો નાશ થાય છે અને તેને ત્યાગ કહે છે. પ્રથમના સમક્તિમાં વૃત્તિઓ સર્વથા ક્ષય થતી નથી, પરંતુ જગતના પદાર્થો પ્રત્યે તન્મય, એટલે આત્મભાવે લીન થયેલી જે વૃત્તિઓ તેને અશુભ વૃત્તિઓ કહે છે. તે અશુભ પરમાણુઓનો ત્યાગ કરી શુભમાં લાવે તેવો ત્યાગ થાય છે. આ ત્યાગ ત્રણ પ્રકારે થાય છે, મનથી, વચનથી અને કાયાથી, આ ત્યાગ સમકિત પહેલાં અશુભ વૃત્તિઓના પરમાણુઓ બદલાઇ શુભમાં આવે છે. અને સ્વરૂપ દશા કહેતાં સમકિત પામ્યા પછી શુભ તથા અશુભ બન્ને પ્રકારની વૃત્તિઓનો નાશ થાય છે. તેમાં ચોથે ગુણસ્થાનકે મોહનીય કર્મની સાત પ્રકૃતિઓનો ત્યાગ મનથી થાય છે, કેમકે મોહનીય કર્મના બે ભેદ છે, દર્શન મોહ અને ચારિત્ર મોહ. તે બે ભેદની મળી ૨૮ પ્રકૃતિ છે, તેમાં ૩ દર્શન મોહનીય ૧૬ કષાય અને ૯ નોકષાય એમ ૨૫ ચારિત્ર મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિ છે.

હવે આપણે વિચારીયે કે પ્રથમ તો કર્મનું સ્વરૂપ યથાર્થ મનમાં જાણે, તેની ઉપર શ્રધ્ધા કરે, અને પછી વચન તથા કાયાથી આચરણ કરે ત્યારે કર્મનું સ્વરૂપ તથા આત્માનું સ્વરૂપ ચોથે ગુણસ્થાનકે જાણે છે, અને પાંચમાંથી છટ્ટા સુધીમાં આચરણ કરે છે. તેથી ચોથા ગુણસ્થાનકને અવિરત તથા પાંચમા છટ્ટાને દેશ વિરત તથા સર્વ વિરત કહે છે. માટે ચોથા ગુણસ્થાનકે આવેલો જીવ તે સમકિતનાં સ્વરૂપને બાધા કરનારી જે વૃત્તિઓ તેનો નાશ કરે અને ચારિત્રને બાધા કરનારી જે શુભાશુભ ઉદયમાં આવે તેને દ્દષ્ટારૂપે ભોગવી તેનો ક્ષય કરે, જ્યાં સુધી એક પણ વૃત્તિ રહી હોય ત્યાંસુધી સંપૂર્ણ મોક્ષ થાય નહીં.

---

કરનાર ઘોર અજ્ઞાનીને મિથ્યાત્વ સિવાય આવું લખવાનું મન થાય ખરૂં ?

જેને સારા-નરસાનું ભાન નથી, ગુણ અવગુણની કદર નથી, એવાની તો દયાજ ખાવાની રહી. પણ જૈનદર્શને બતાવેલું મિથ્યાત્વ નામનું તત્વ એ વાસ્તવિક હકીકત છે, ને એથીજ એમ છાતી ઠોકીને કહી શકાય એમ છે કે, જૈનદર્શન એ જગતનું સર્વશ્રેષ્ઠ દર્શન છે. એટલુંજ નહીં પણ લેખકના સ્વાનુભવથીયે એ વાત સિદ્ધ થયેલી છે. એટલે જ્ઞાનિઓએ કહેલી વાતને અનુભવની મહોર છાપ વાગે એટલે બીજા કોઇ પુરાવાની જરૂર રહે છે ખરી ?

# વિશ્વબંધુ:

શ્રી મફતલાલ સંઘવી.

ત્રણ જગતના સર્વ જીવોના કલ્યાણની ભાવના ભાવવાથી જીવનમાં જે આધ્યાત્મિક બળ જાગૃત થાય છે અને તેના પ્રભાવે મહામૂલું જે આત્મસમત્વ અનુભવવા મળે છે, તેનો આદરપૂર્વક અભ્યાસ કરવા તરફ આપણી વૃત્તિને વાળવી તે આપણાં જીવનનું અવિભાજ્ય અંગ બનવું જોઇએ.

આર્ત્તધ્યાનની આંધીમાંથી અમારે મુક્ત થવું કઇ રીતે ? એ પ્રશ્ન જેમને મુંઝવે છે, અથવા મુંઝવતો હોય અને તેમાંથી મુકત થવા માટે જેઓ નિખાલસપણે પ્રયત્ન કરવા છતાં સમયસર સફળ ન થઈ શકતા હોય, તે સર્વને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતે ફરમાવેલા નીચેના શ્લોક સાથે પોતાની સમગ્રતાને જોડવાપૂર્વક ધર્મધ્યાનની સાધના માટે પ્રયત્નશીલ બનવાની વિનંતિ છે.

શ્લોક નીચે મુજબ છે.

દુસ્થાં ભવસ્થિતિં સ્થેમ્ના, સર્વજીવેષુ ચિન્તયન્ ।
નિસર્ગસુરખસર્ગં, તેષ્વપવર્ગં વિમાર્ગયેત્ ॥

શ્લોકનો સાર એ છે કે, જ્યાં અત્યંત દુ:ખે કરીને પણ માંડ સ્થિર રહી શકાય છે, એવી ભવસ્થિતિમાં રહેલા ત્રણ જગતના બધા જીવો સ્વર્ગ અને અપવર્ગનાં સુખને પામો !

ત્રણ જગતમાં રહેલા સર્વ જીવો સાથે માનસિક સંબંધ કેળવવાની દિશા સુઝાડનારો આ શ્લોક, ભીષણ ભવરોગને દૂર કરનારા અતિમૂલ્યવાન રસાયણતુલ્ય આપણને પ્રતીત થવો જોઈએ.

ત્રણ જગતના સર્વ જીવો સાથે આત્મ-તુલ્યભાવ કેળવવાની વાત આપણા માટે જરાયે નવી નથી, પરંતુ વધુ પડતી સ્વાર્થ-પ્રિયતાના કારણે આપણા નિશ્ચયસ્વરૂપ સાથેનો સંબંધ જેમ-જેમ ઝાંખો પડતો જાય છે, તેમ-તેમ ઉપરની વાત, આપણે ત્યાં, આપણા માટે તદ્દન નવી હોય તેવો તેના તરફનો આપણો ઝોક આજે તો સ્પષ્ટપણે વર્તાય છે.

આત્મસ્વરૂપને પ્રકટ કરવા માટે મળેલા અણમોલ માનવ ભવને, દેવાધિદેવની ભક્તિમાં ઓતપ્રોત કરવાની સઘળી સર્વોત્તમ તકો આજે મોટે ભાગે, અનાદિ અવિદ્યાના પ્રભાવે આપણા હાથમાંથી સરી જઈ રહી છે, ત્યારે આપણને તેનો જે તીવ્ર પ્રશ્ચાત્તાપ સાલવો જોઇએ તે બાબતમાં આપણે લગભગ બેખબર છીએ એમ જરૂર કહી શકાય.

શ્રી જિનભક્તિના બળના પ્રભાવે માનવ-જીવનમાં દયાનો જે દિવ્ય સ્રોત અવિરત-પણે થાય છે, તે સ્રોતની અચિન્ત્ય શક્તિની કાર્યક્ષમતા બાબતમાં પણ આપણે કંઇક અંશે વધુ પડતા શંકાશીલ હોઇએ તેવું આપણું આજનું વર્તન જોતાં જણાય છે. નહિતર દયારૂપી ધર્મની આરાધના તરફનો આપણો પક્ષપાત સ્પષ્ટપણે જીવનના સર્વ ક્ષેત્રોમાં કળાવો જોઈએ.

જૈનની જગતવ્યાપી પ્રતિભાનો મૂલાધાર છે, શ્રી જિનભક્તિ.

શ્રી જિનરાજનો ભક્ત, ત્રણ જગતના સર્વ જીવોનો મિત્ર જ હોય. તેને જેવી મૈત્રી પોતા સાથે હોય, પોતાના જીવન સાથે હોય, તેવી જ મૈત્રી ત્રણ જગતના સર્વ જીવો સાથે કેળવવા માટે તે સતતપણે, ભાવ દયાથી ભરપૂર શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોની ઉપાસના કરતો રહે.

આધ્યાત્મિક બળના પ્રાકટયના અભાવે હિંસા, જુઠ, અનીતિ, પરિગ્રહપ્રિયતા આદિ બળો જીવનને કઇ રીતે ભરખી શકે છે, તે આજે આપણે સહુ આપણી સગી આંખે જોઈ રહ્યા હોવા છતાં અને તેના નિવારણનો સચોટ ઉપાય જાણતા હોવા છતાં, તે ઉપાયરૂપ આધ્યાત્મિક બળને ખીલવવા તરફ જે

ઉદાસીનતા આપણે દર્શાવી રહ્યા છીએ, તે એમ સૂચવે છે કે, સર્વજ્ઞ પરમાત્મા પ્રકાશિત ધર્મ તરફ હજી પણ આપણે ઉદાસીન છીએ.

ત્રણ જગતના સર્વ જીવોના કલ્યાણના કારણરૂપ ધર્મ સાથેનું સગપણ આપણને ત્રણ જગતના સર્વ જીવો અપાવે છે કે કેમ તે પ્રશ્ન ઉપર ચિંતન કરવાની આજે ખાસ જરૂર છે.

'ધર્મના નામે' થતી નાનામાં નાની ક્રિયામાં પણ મોહને નિષ્ક્રય બનાવવાની તેમજ આત્મબળને સક્રિય બનાવવાની અતિ ગૂઢ છતાં પ્રચંડ શક્તિ રહેલી હોય છે, પરંતુ જો તે ક્રિયા વખતે આપણું ધ્યાન માત્ર આપણા સ્થૂલ સુખો તરફ વીંટળાયેલું રહે તો તે 'ધર્મક્રિયા' માત્ર 'સ્થૂલક્રિયા' ના સ્વરૂપવાળી બની જાય અને મહાપુણ્યે મળેલા કિંમતી ખજાનાને દુર્વ્યસનો વધારવા પાછળ વેડફી નાખનારા માનવી જેવો ઘાટ આપણો પણ થવા પામે.

વધતા જતા વિશ્વસંબંધના પ્રભાવે ખીલતા આધ્યાત્મિકબળના કારણે પ્રમાદનો પ્રવેશ બંધ થાય છે, અને જીવનનું વહેણ, ઉત્તરોત્તર અધિક પવિત્ર બનવાની સાથોસાથ વાતાવરણ ઉપર તે પવિત્રતાની ઉંડી તેમજ ગંભીર અસરો પહોંચાડે છે.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા ત્રણ જગતના નાથ છે, એ સત્ય આપણા માટે જીવનનું સત્ય બનવું જોઇએ. મતલબ કે આપણું જીવન જ દેવાધિદેવના ત્રિભુવન-સ્વામિત્વને વશવર્તી બની રહેવું જોઇએ. અને આપણા ચિત્તમાં ત્રિભુવન વસવું જોઈએ, આપણા હૃદયમાં સકલસત્ત્વહિતાશય સ્વાભાવિક ઉછરતો આપણને વર્તાવો જોઇએ. 'હું' ઘસાઇને 'સર્વ'રૂપે પરિણુત થતો આપણને પ્રતીત થવો જોઇએ.

સ્થૂલ બળોની તાકાત કરતાં ઘણી વધારે તાકાત સૂક્ષ્મ બળોમાં છે, અને તે સઘળી તાકાતનું મૂળ, આત્મસ્વભાવની ખીલવણીમાં છે. એ સત્ય પણ આપણે ત્યાં ભુલાતું જાય છે, તે ખરેખર અતિશય ચિંતાજનક ઘટના ગણાય.

મોક્ષાભિલાષી માત્ર પૂર્ણજીવનનો પ્રેમી હોય. એનાં હૈયામાં સિદ્ધશિલાનો પ્રકાશ ઝળહળતો હોય, ત્રણ જગતના સર્વ જીવોના જીવત્વની જયણા કાજે તે પ્રતિપળે સજાગ રહે, તેના મનનું બળ, વિશ્વની કાળ રાત્રિમાં અજવાળું રેલાવવાની દિશામાં અવિરતપણે વહ્યા કરે, તેના પ્રાણોમાંની શક્તિ, વિશ્વમાલિન્ય ધોનારા પ્રકાશના અંશો તરીકે કામગીરી બજાવે.

દેવાધિદેવનો દાસ, કોઇ પણ સંયોગોમાં પોતાના મોં સામે જોઇને બેસી ન જ રહી શકે, કારણ કે દેવાધિદેવની ભક્તિના રણે તેનાં જીવનમાં જે બળ પ્રકટે છે, તે તેને સંસાર માટે જીવન વેડફી દેતાં બચાવી લે છે, અને 'સર્વ' કાજે જીવનનો વધુમાં વધુ સદુપયોગ કરવાની પ્રેરણા કરતું રહે છે.

પંચનમસ્કાર દ્વારા સ્થૂલ તેમજ સૂક્ષ્મ ઉભય પ્રકારના અહંકારને પદભ્રષ્ટ કરી, ત્યાં દેવાધિદેવની આજ્ઞાના હૃદયભૂત સર્વકલ્યાણની ભાવનાની ભાવપૂર્વક પ્રતિષ્ઠા કરવાનું સત્ત્વ આપણા સહુમાં પ્રકટ થાઓ!


## ભેટ મળે છે:

**શ્રી વર્ધમાનત ની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને**

**શ્રી વર્ધમાનતપ મહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક શેઠ **શ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે. પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે? તે જણાવવું જરૂરી છે. સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળ: **કલ્યાણ પ્રકાશન મંદિર-વઢવાણ શહેર.**

# નવનીત

શ્રી પ્રિયમિત્ર

૦ અંતરની આંખ ઉઘડે તોજ સાચુ વિશ્વદર્શન થાય.

૦ જ્ઞાનને મગજમાં ભરનારને નહિ. પણ જીવનમાં આચરનારને જ્ઞાનનો આસ્વાદ મળે છે.

૦ જીવનની અવસ્થા ભલે બદલાય પણ મનની વ્યવસ્થાને બદલવા દેશો નહિ.

૦ જ્યાં વિનય છે ત્યાં વિજય છે. જેનું હૃદય સાફ તેજ સાચો સરાફ..

૦ દેહની ગુલામી-આળપંપાળમાં ઘણા માણસો આત્માનું ભયંકર અધઃપતન સર્જે છે. હે માનવ! દેહ વિનાશી છે, આત્મા અવિનાશી છે. વિનાશી દેહને આત્માની ઉન્નતિનું સાધન બનાવ!

૦ તમે જાણો છો કે નાનકડું છિદ્ર મોટા વહાણને ડુબાડી દે છે. એમ નાનકડી ભૂલ પણ જીવનનાવને ડુબાડી દેવા સમર્થ છે માટે ભૂલને સુધારી લેવા સદા તૈયાર રહેજો.

૦ શત્રુ કેટલા છે એ તપાસ્યા કરતા શત્રુ શામાટે છે? એ તપાસો.

૦ કૃપણતા એટલે જીવનસંગ્રામની હાર, વિવેકપૂર્વકની કરકસર એટલે જીવન સંગ્રામની અડધી જીત. ઉદારતા તથા સર્વત્યાગ એટલે જીવનસંગ્રામની સંપૂર્ણજીત.

૦ દુઃખ કરતાં દુઃખના વિચારો વધુ :ખદાયક છે. દુઃખ ભોગવવું પડે તો રાજી ખૂશીથી ભોગવજો પણ સુખ માટેની દોડાદોડ-માં પાપના ભોગ ન બનશો.

૦ જગતના સઘળા દુર્ગુણો પૈસાનો પરિવાર છે. માટે પૈસાની સોબત સમજીને સાચવીને કરજો.

૦ સંતાનને ધનનો વારસો ન આપી શકાય તો અફસોસ કરવા જેવું નથી. પણ હૃદયમાં સદ્ગુણના બી વાવી સંસ્કારના નીર સીંચી સાચા પિતા બનજો.

૦ સંસારમાં દુઃખો કેવળ ઝુંપડીઓમાંજ નથી. હવેલીઓમાં તો એ ઘેરા બનીને પથરાયાં છે.

૦ અનીતિથી મેળવેલું ધન સન્મતિનો નાશ કરે છે.

૦ સદ્ભાવના જાગે ત્યારે સુકૃત કરીજ લેજો. રાહ ન જોતાં કારણ કે ભાવનાને બદલતા વાર નથી લાગતી.

૦ સુકૃત-સત્કાર્ય કરવાની તક જેવી આજે છે, તેવી કદાચ કાલે નહિ હોય. મુલતવી રાખેલું શુભકાર્ય કેટલીય વાર પાછળથી કરવું મુશ્કેલ થઇ પડે છે.

૦ કોઇ સાથે વેર બાંધવાનું કે વેર લેવાનું કાર્ય ભૂલેચૂકે તમે ન કરતા.

૦ માર્ગાનુસારિતાના પાંત્રીશ ગુણોમાં વિશ્વના સર્વ નિતીશાસ્ત્રોનું સત્વ-રહસ્ય સમાયેલું છે.

૦ ખબર છે? સદ્ગુણોની સુવાસ હજારો લાખો વર્ષો સુધી વિશ્વમાં પથરાયેલી રહે છે.

૦ અધિકારપાત્ર ન બનાય તો વાંધો નહિ પણ કદિ કોઇના ધિક્કાર પાત્ર ન થશો.

૦ પેટ અને પેટી ખૂબ ભરાય છે, ત્યારે આળસ અને અરિ ઉભા થાય છે.

૦ માન્ય બનવું છે તો પહેલા સંયમ-શીલ અને નિયમશીલ બનો.

૦ ધર્મના કષ્ટ સહે એને ઈષ્ટ મળ્યા વિના રહેતું નથી.

૦ બીજાએ શું કરવું જોઈએ? એ ભાંજગડમાં પડનારો માણસ સ્વકર્ત્તવ્યથી ચૂકી જાય છે.

૦ ઓ સાધક! મોક્ષમાર્ગની મહામૂલી સાધનામાં અનાત્મભાવ કયાં અને કેવીરીતે પેસી જાય છે તે બારીકાઇથી જોતો જા.

ઓ પ્રેરક! અનાત્મભાવ એટલે શું?

૦ ઓ સાધક! અનાત્મભાવ એટલે આહારાદિ સંજ્ઞાઓનું પોષણ. પૌદ્ગલિક આનંદનો આસ્વાદ.

ઓ સાધક! તેં અઠ્ઠમનો તપ કર્યો હતો ને? એમાં ઠંડુ પાણી આવ્યું. ત્યારે તારૂં મોં મલકી ગયું. મન રાજી થયું. બધો પૌદ્ગલિક આનંદ પાણી દ્વારા તેં લૂંટયો. તને ખબર પડી કે તારી તપસાધનામાં આહાર સંજ્ઞારૂપ અનાત્મ પ્રવેશી ગયો?

# મર્યાદાભંગનું વિષચક્ર:

પંડિતશ્રી કુંવરજી મુલચંદ દોશી-મદ્રાસ.

પરમ કરૂણાનિધિ શ્રુત-કેવલી ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીએ "શ્રુત-સ્તવ=પુક્ખરવર" સૂત્રમાં શ્રુતજ્ઞાનને સીમાધરસ્સ તે રીતે વર્ણવીને તેને નમસ્કાર કરેલ છે. મર્યાદાને ધારણ કરનાર શ્રુતજ્ઞાનને હું વંદના કરૂં છું. આ પદ શ્રુતજ્ઞાનનો મહિમા બતાવનાર છે. જ્ઞાન, હેય, જ્ઞેય, ઉપાદેય, નવ તત્ત્વ, ષટ્દ્રવ્ય, સ્યાદ્વાદ, સપ્તભંગી, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આદિની મર્યાદાઓનું અણુવ્રત, મહાવ્રત, માર્ગાનુસારિપણું આદિની મર્યાદાઓનું સીમાંકન કરે છે. એટલે જ જ્ઞાન એ સીમંધર છે. શાસ્ત્રનાં વચનો સાપેક્ષ છે. સાપેક્ષતાની મર્યાદાઓને બતાવવી એ જ્ઞાનનું કાર્ય છે. નહીંતર "**आसवा सो परिसवा परिसवा सो आसवा**" આ વસ્તુ સમજી શકાય જ નહીં. માટે આવી મર્યાદાઓને જાણનાર આગમવન્ત પુરૂષો જ શ્રુતજ્ઞાની કહેવાય છે. જો મર્યાદાઓનો ખ્યાલ ન હોય તો દેખિતી આત્મભાવની ક્રિયાઓ અનાત્મ ભાવની બની જાય છે. ભગવાને સ્થાપેલ ચતુર્વિધ સંઘ એ તીર્થ નામની સંસ્થા છે. સંસ્થાની મર્યાદાઓનું પાલન કરવામાં આવે તો તે સંસ્થા મજબુત બને છે અને અનેક જીવોને ઉપકારી બને છે. જો મર્યાદાઓને છોડી દેવામાં આવે તો તે સંસ્થા શિથિલ બની લોકહિત કરતી અટકી જાય છે. મર્યાદાનું આટલું મહાન મહત્ત્વ છે. એ મહત્ત્વ શ્રુતજ્ઞાન બતાવે છે, માટે તેને માટે "સીમાધરસ્સ વન્દે" ગણધર ભગવન્તોએ કહેલ છે. જ્યાં સુધી નદી કે સરોવરનો બંધ-મર્યાદા સહિસલામત છે, ત્યાં સુધી તે લોકોપકારી છે. પણ જ્યારે એ બંધ-પાલો-મર્યાદા તૂટે છે, ત્યારે તે જ અનેક જીવોને હાનિકારક બનવા સાથે અબજો રૂપિઆનું નુકશાન કરે છે. આ બાબતમાં પુષ્કળ દૃષ્ટાન્તો અવારનવાર વર્તમાન પત્રોમાં જોવા મળે છે. હમણાં જ ઈટાલિમાં બંધ તુટવાથી કેવું ભયંકર પરિણામ આવ્યું. પુનાનો પાનશેત બંધ તુટવાથી બે વરસ પહેલાં કેટલું જીવહાનિકર ખરાબ પરિણામ આવ્યું હતું. તેવી જ રીતે જ્યારે શાસનની મર્યાદાઓનો ભંગ થાય છે, ત્યારે આવું જ પરિણામ આવે છે. એ સમયે ગીતાર્થ મહા-પુરૂષો જબ્બરજસ્ત પ્રયત્ન કરી તેને પાછું મર્યાદામાં લાવે છે. જો તેઓ તેવો પ્રયત્ન ન કરે તો શાસ્ત્રકારો તેઓને દોષના ભાગીદાર માને છે. માટે મર્યાદાઓનું પાલન અને રક્ષણ કેટલું જરૂરી છે તે આપણે સહજ-સ્વભાવિક સમજી શકીએ તેવી સાફ વસ્તુ છે. જ્યારે આવી મર્યાદાનો ભંગ કોઈ સત્તા કે દ્રોહી તરફથી કરવાનો પ્રયત્ન થાય છે, ત્યારે મર્યાદાનાં રક્ષક પુરૂષો પ્રાણના ભોગે પણ મર્યાદાઓનું રક્ષણ કરતા હતા. અને કરે છે. પણ હાલનાં આ જડવાદી વિજ્ઞાન-યુગમાં મર્યાદા ભંગની વસ્તુ અનોખી જ છે. આ યુગમાં ધર્મના નામે, ધર્મ પ્રચારના નામે, ઉપકારને નામે મર્યાદાઓનો ભંગ મર્યાદાનાં રક્ષકો મારફત થાય છે, ત્યારે આગમ તત્ત્વજ્ઞ મર્યાદાના રક્ષક શ્રમણ-ભગવંતોએ ખૂબ જ સાવચેતી રાખવાની છે.

હાલની આધિભૌતિક જડવાદી કેળવણી મારફત એક ઓટોમેટીક આર્ય સંસ્કૃતિ-શ્રમણ-સંસ્કૃતિ અને ખાસ કરીને જૈન સંસ્કૃતિની મર્યાદાઓનાં ભોગની વિષમ જાલ પાથરી દેવામાં આવી છે. પ્રથમ સુધારક ગણાતા વર્ગો પાસે મર્યાદાઓનો ભંગ સુધારાને નામે કરાવાય છે. એ વખતે સમજુ વર્ગ તેનો વિરોધ કરે છે. પછી એ વસ્તુની જરૂરીઆત ઠસાવવામાં આવે છે. અને પછી તેમના જ આશીર્વાદ અને સહકારથી મર્યાદા ભંગનું કાર્ય વ્યવસ્થિત શરૂ કરવામાં આવે છે અને તે પણ ધર્મના નામે, ધર્મપ્રચારના નામે, લોકોપકારના નામે જેનાં સામસામા બે દૃષ્ટાન્તો છે. (૧) પંડિત બેચરદાસનું જિનવાણી અને (૨) પંડિત શ્રી

ધીરજલાલ ટોકરશી શાહનું "વીર–વચનામૃત" આ રીતે આત્મવાદને નામે અનાત્મવાદનું પોષણ થાય છે. આત્મવાદની મર્યાદાઓ તુટે છે, અને પછી એજ આત્મવાદ, અનાત્મવાદમાં ફેરવાઈ જાય છે. આવું આજનું વિષ-ચક્ર છે. આર્ય સંસ્કૃતિમાં પણ આમ જ બનવા પામેલ છે. પ્રથમ દયાનંદ સરસ્વતી, આદિ ઘણાઓની મારફત આર્ય સંસ્કૃતિનાં નાશનું કાર્ય શરૂ કરાવ્યું, પછી ઘણા મહર્ષિ પદવીધારીઓએ એને વેગ આપ્યો. આ વખતે જુદી જુદી પીઠના શ્રી શંકરાચાર્યોએ એમનો વિરોધ કર્યો અને હવે તેઓ જ પોતાના જ હાથે આ પ્રવૃત્તિને ટેકો આપી મર્યાદા ભંગનું કાર્ય કરી આર્ય સંસ્કૃતિના નાશની નોબતો બજાવી રહેલ છે. તેનાં દ્રષ્ટાન્તો તરીકે દયાનંદ સરસ્વતીએ સ્થાપેલ આર્ય સમાજીષ્ટોના ગુરૂકુલો અને દ્વારકાપીઠનાં શંકરાચાર્યની હાલની પ્રવૃત્તિઓ આ આખું ષડ-યંત્ર જડવાદની કેલવણી મારફત ગોઠવાઇ ગયેલ છે. તેમાંથી બચવા મહાન ભગીરથ પ્રયત્નની જરૂર છે.

હવે આપણા સમાજમાં ચાલતી અને 'વીર–વચનામૃત'નાં પ્રકાશનની જેમ ફુલતી કેટલીક પ્રવૃત્તિઓ મર્મજ્ઞજનોની જાણકારી માટે રજુ કરીશ.

(૧) શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજમાં આગમોની આજ્ઞા અનુસાર એવી મર્યાદા છે કે, જય શ્રમણ ભગવંતો પણ યોગોદ્વહન કર્યા સિવાય આગમના અધિકારી મનાયેલ નથી. પછી ગૃહસ્થોની તો વાત જ શું કરવી? આ છે અમારી મર્યાદા. આ મર્યાદાનો હાલનાં જડવાદી વિષચક્રે પ્રથમ સુધારક તરીકે પ્રસિદ્ધ થયેલ વર્ગ પાસે ભંગ કરાવ્યો. તે વખતે મર્યાદામાં માનનાર સમુદાયે તેનો વિરોધ કર્યો. પછી આવી વસ્તુની જરૂરીઆત તેમને આડકતરી રીતે સમજાવવામાં આવી અને પછી એમના જ આશીર્વાદ સાથે પંડિત ધીરજલાલ ટોકરશી શાહે 'વીર–વચનામૃત' નામનું પુસ્તક બહાર પાડયું. પ્રકાશકીય તથા સંપાદકીય નોંધ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે, આગમ વાચનાના અધિકારની મર્યાદાનો આમાં ભંગ થયેલ છે. આ મર્યાદા બાંધવાનું મુખ્ય કારણ એ હતું કે, નિસ્વાર્થી ત્યાગી પુરૂષો જ આનો વ્યવસ્થિત સદુપયોગ કરી શકે છે. ત્યાગીઓને લગતાં મોટા ભાગના વિષયોનું તેમાં પ્રરૂપણ છે. અને પછી ત્યાગી મહાત્માઓ લોકોપકાર માટે તેના વિષયોનું પ્રકરણ ગ્રંથ દ્વારા બીજાને ઉપકારી થાય તે રીતે સર્જન કરતાં હતાં.

(૨) બીજી વાત છે હાલના યુગની સમર્પણ અને ગ્રંથના ઉદ્દ્ઘાટન સમારોહોની, અમારે ત્યાં પૂજ્ય શ્રમણ ભગવંતો કે કોઈ કોઇ ત્યાગી–વૈરાગી નિસ્વાર્થી વૃત્તિના શ્રાવકો આગમ--અનુસાર પ્રકરણ ગ્રંથની રચના કરતાં હતાં. અને તે પણ કેવલ નિઃસ્વાર્થ વૃત્તિથી સ્વ–પરના હિત માટે જે વસ્તુ જેની હોય તેને જ સમર્પણ આપોઆપ થાય છે. આગમો શ્રી તીર્થંકર પરમાત્માએ અર્થથી ઉપદેશેલ છે. જે કેવલ જગત જીવોનાં હિત માટે જ છે. જેમાં સ્વાર્થનો કંઈ અંશ પણ નથી. અથી આગમ–વચન અનુસાર, શ્રી તીર્થંકર ; ભગવાનનાં વચનઅનુસાર, શ્રુતને અનુસાર આ ગ્રંથની રચના કરૂં છું. એમ કહી તેમને જ સમર્પણ કરતા હતા. જ્યારે અત્યારે એકની વસ્તુ વિના અધિકારે બીજાને સમર્પણ કરી દેવાની ફેશન શરૂ થયેલ છે. જેનો પહેલો યશ પણ અમારાં શ્રમણ ભગવંતોને ફાલે જાય છે. અને પછી તો સામેનો વ્યક્તિ અધિકારી હોય કે ન હોય તો પણ સમર્પણની એક ફેશન પડી ગઇ છે. શું આ એકની વસ્તુ બીજાને વિના આજ્ઞાએ સમર્પણ કરી દેવામાં અસ્તેયનો મર્યાદા ભંગ નથી?

અમારી પરિપાટીમાં ગ્રંથ કોઇને સમર્પણ કરતાં ન હતાં, તેનું કારણ આપણે જોઇ લીધું, પણ પ્રશસ્તિમાં જેમનાં પઠન–પાઠન માટે અથવા જેમની વિનંતિથી બનાવતાં હતાં, તેમનું નામ લખવાનો રીવાજ હતો એ હતી મર્યાદા. ઉદ્દ્ઘાટન તો કોઈ ગ્રંથનું થતું જ નહીં. પરન્તુ તેનાં અધિકારી ગીતાર્થો પાસે તે ગ્રંથ તેમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા બતાવવામાં આવતો હતો. અને પછી

# હસતાં તે બાંધ્યાં કર્મ:

પ્રાધ્યાપક : શ્રી પૂનમચંદ નાગરલાલ દોશી–ડીસા.

'**શું** સુંદર રૂપાળાં ઇડાં છે ?' એક નાનકડી બાળા તળાવના કાંઠે વિયાયેલી મોરલીના સુંદર ઇડાંથી લોભાઈ તે હાથમાં લઈ ફેરવવા લાગી.

'ના, બેટા ! એ ઇડાને ન અડકાય, ઇંડાની મા તેને સેવશે નહિ તો નવાં બચ્ચાં થશે નહિ. બચ્ચા માર્યાંનું પાપ લાગે મૂકી દે બેટા' એવા રે કપડાં ધોતી બાએ શિખામણના બે શબ્દો કહ્યા.

'ના બા, મારા લખોટા જેવા કેવાં રંગ બેરંગી છે. હું તો રમવા સાથે લઇ જઈશ.' હઠીલી બાળા સમજી ન શકી.

'બેટા, તને તેના બદલે બીજું રમકડું અપાવીશ. પણ ઇંડાં મૂકી દે. તેની મા આવશે, તે ઈંડા નહિ જુએ તો તેને દુઃખ થશે.' માતાએ બાળકીને પટાવવા માંડી.

'હેં માડી ! મોરલીને દુઃખ થાય, તો ક્યાં બોલી શકે છે ?' સરળ સ્વભાવની છોકરીએ પ્રશ્ન કર્યો.

'પ્રાણીઓ બોલી ન શકે પણ તેમને દુઃખ પણ થાય, અને આનંદ પણ થાય છે. તને કોઈ ઉપાડી જાય તો હું દુઃખી ન થાઉં ?' માતાએ બાલકીના જ ઉદાહરણથી સમજાવવા માંડયું.

'હા, બા. તું તો મારા વિના રોવા જ લાગે ને ?' રોજના અનુભવથી બાળા બોલી ઊઠી.

'ત્યારે મોરલી રડશે તો–તે ઇંડાની મા કહેવાયને ! તે તને ગમશે ?' બાલિકાને સમજાય તેવી ભાષામાં બાએ પૂછયું.

'ના, બા ના. ઇડાં હું પાછાં મૂકી દઉં છું. મારે એવા ઇંડાથી નથી રમવું.' સહૃદયી બાલિકાના હૃદયમાં જીવદયાનો રણકાર થયો.

ઇડાંને મૂકીને બાલિકા માતા સાથે સ્વગૃહે આવી.

ચારાની શોધમાં નીકળેલી મોરલીને પાછા આવતાં પોતાનાં ઇડાં ગૂમ થયાં જણાયાં. આમ તેમ તેની શોધ પાછળ નીકળી પડી.

અને છેવટે કિનારા પરના ઘાસના ઝૂંડમાંથી પોતાનાં ઇડાં મળ્યા.

તે ખુશખુશાલ બની ગઇ. નવ ઘડી સુધીનો વિયોગ ઇડા તથા માતાને થયો.

અને એ વિયોગના નિમિત્તરૂપ પેલી નિર્દોષ બાલિકા હતી.

હસતાં હસતાં બાંધેલા આ કર્મ બાલિકાને કેવી રીતે ભોગવવાં પડયાં. જાણો છો ?

નવ નવ ભવ સુધી પતિના વિયોગે જીવન વીતાવ્યું.

નવમા ભવે મથુરાના રાજા ઉગ્રસેનની બેટી રાજુલા નામે જન્મી.

સર્વગુણસંપન્ન રાજુલાનાં લગ્ન યાદવ કુળ-શિરોમણી નેમિનાથ કુંવર સાથે લેવાયાં.

ભાવિ સુખ સંપત્તિના ભોગમાં રાચતી રાજુલાને આ ભવમાં પણ પેલી મોરલીના ઇંડાં સાથેનો વિરહ આડો આવ્યો.

લગ્ન મહોત્સવ ઉજવવા માટે પિતાએ મહા સમારંભ આરંભ્યો. ધવલમંગલ ગીતના સરોદો સાથે નેમકુંવરનો વરઘોડો ઉગ્રસેન મંદિરે આવે છે.

સામેથી તેવાજ ગીતોના પડઘા અવકાશમાં

---

શ્રાવક વર્ગ તેનું પૂજન–બહુમાન કરતો જ્યારે આ જમાનાની ફેશનમાં જેમાં કિંમત છાપેલી હોય, જેમાં કમાણીનો પણ એક સ્વાર્થ રહેલ હોય, જેને લખવા–લખાવવા પૈસા લેવામાં આવ્યા હોય, તેવાં ગ્રંથનાં મોટા મોટા અનધિકૃત સમારંભો. પરમ-કૃપાલુ મહાત્માઓએ કેવલ નિસ્વાર્થ બુદ્ધિથી લોકહિત માટે જે ગ્રંથોની રચના કરી હતી, તેની આ દશા ! જેમાં કમાણીનો પણ એક સ્વાર્થી હેતુ રહ્યો હોય, તેને નિસ્વાર્થ એવા ધર્મ પ્રચારને નામે, લોકો-પકારને નામે ચડાવવો અને તેમાં શાસનની મર્યાદાનાં રક્ષક પુરૂષોનાં આશીર્વાદ. આ કેવી ભયંકર મર્યાદા ભંગની સીમા ? આનું પરિણામ શું ? (ક્રમશઃ)

પ્રસરી રહ્યા છે. વસ્ત્રાભૂષણથી સજ્જ જાનૈયા મહોત્સવની મોજ માણવા નીકળી પડયા છે.

રાજુલા ભાવિ સુખ સ્વપ્નમાં રાચતી મહેલની ઉંચી અટારીએ સખીવૃંદ સાથે બેસી વરઘોડો નિહાળી રહી છે.

સાજન સાથની વચ્ચે નિરાળા પડી રહેલ વરરાજાનું મુખારવિંદ નજરે પડતાં તે સ્ત્રી સુલભ નયનો નીચાં ઢાળે છે.

સખીઓ મશકરીએ ટોળે વળી છે. અને રાજુલા ફરીથી પોતાનાં કમલ નયનો પ્રસારીને સામે જુએ છે ત્યાં તો—

આ શું ?

વરઘોડો પાછો કેમ ફર્યો !

પતિ કેમ રિસાયા ?

પળ પહેલાંના હર્ષઘેલાં માનવો શોક મગ્ન કેમ થયાં ?

સારથિ નેમકુમારનો રથ પાછો ફેરવી કયાં જઈ રહ્યો છે ? અનેક પ્રશ્નોની ગડભાંગ હૃદયમાં ઊઠી અને તે સાથે જ રાજુલાએ શુદ્ધિ ગુમાવી.

સ્વજનો એકત્ર થયાં. ઠંડા વાયુનો વીંઝણો વીંઝાયો. એકાદ ઘડી પછી તે શુદ્ધિમાં આવી, જુએ છે, તો નેમકુમારનો રથ દૂર દૂર ગિરનાર પર્વત તરફ જઈ રહ્યો છે.

મનથી માનેલા નવ નવ ભવની વિરહ વેદના બાદ પ્રાપ્ત થયેલા એ પતિની પાછળ જ જીવન વીતાવવા સંકલ્પ કર્યો.

તોરણે આવેલા વરરાજા અહિંસાના સરદાર હતા.

લગ્નોત્સવમાં મિજબાની માટે એકત્ર કરેલાં નિર્દોષ જાનવરોનો કરૂણ આક્રંદ કાને પડયો. અને અંતરાત્મા કંપવા લાગ્યો.

મારા નિમિત્તે આટલાં બધાં પશુનો સંહાર ! આ દુનિયાના ભોગવિલાસ ભોગવવા પાછળ પાપના પૂંજના ભારા મારા શિરે !

ના. ના, એ કદી ન બને, 'આ સંસાર લીલાથી સર્યું.'

સારથિને રથ પાછો ફેરવવા આજ્ઞા કરી.

ઘેર ન જતાં રથ ગિરનારનાં ઊંચા શિખરોની હારમાળા તરફ ચાલી નીકળ્યો. રાજુલા પણ પાછળ જ ચાલી.

જગતનું કલ્યાણ ઇચ્છતા શ્રી નેમિકુમાર દિક્ષિત બન્યા. રાજુલા સાધ્વી બન્યાં.

દંપતી સ્વ-પરનું કલ્યાણ કરી ગયાં.

આનંદ ખાતર સામાન્ય સ્વરૂપે ઠઠ્ઠા-મશ્કરીમાં બાંધેલ કર્મનો લેપ આત્માને લાગી જાય છે અને તે ભવોભવ સુધી આત્માને આવરણરૂપ નડયા કરે છે.

ઈલાચિકુમાર ધનિક શેઠનો પુત્ર હતો, છતાં કર્મના આવરણે કુળ છોડયું, ઘર છોડયું. ગામ છોડયું, વતન છોડયું.

એક નટીની પાછળ આશક્ત બની તેના પિતાની ઇચ્છા સંતોષવા મહા નટ બન્યો. ગામેગામ નાચ્યો. અવનવા ખેલો કરી નામના મેળવી છતાં નૃપ પાસેથી મહાન ઈનામ મેળવવાની, અને તેના બદલામાં પોતાની માનીતિ નટીને પ્રાપ્ત કરવાનું ધ્યેય રહ્યું.

આ પણ કર્મની જ કરૂણ દશા હતી.

પૂર્વભવમાં તેણે બાંધેલા કર્મનું જ એ ફળ હતું.

રાજા પણ નટી પાછળ મોહાંધ થાય છે. એકવાર. બે વાર. ત્રણ વાર. ને ચાર ચાર વાર એક સરખા મોતને મુઠ્ઠીમાં રાખી ખેલ કરનાર ઈલાચિની નજર કોઈ વણિકના પ્રાંગણમાં ગોચરી માટે પધારેલા જૈન અણગાર પર પડી.

સામે સ્વરૂપવાન સુંદરી. એકાંત સ્થળ અને મોદકથી ભરેલો સુવર્ણથાળ છતાં સામે આંખ ઊંચી ન કરનાર એ મહાત્માના તપનાં તેજસ્વી કિરણોએ તેનો રાહ પલટી નાખ્યો.

ઘડી પહેલાં જગતની એ નટી મેળવવાની ભાવના રાખતો એ નટ હવે મુક્તિ સુંદરીની પ્રાપ્તિની ગડમથલમાં પડયો.

ધ્યાનમગ્ન બનતાં જ કર્મના થરો તૂટી ગયા, અને ત્યાંજ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરતાં એ મહાન સિદ્ધિપદને પામ્યા.

વંદન હો એ અણગાર ઈલાચિકુમારને !

આ બધી પણ કર્મની જ લીલાને !

માટે હસતાં હસતાં પણ માઠ કર્મ કરતા અટકી જાવ.'

# અહિંસાપ્રેમીઓ જાગો !

શ્રી કુમારપાળ વી. શાહ-વિજાપુર.

એક સમયે આપણે ભેગા મળીને દેવનાર યાંત્રિક કત્તલખાનાનો સખ્ત વિરોધ કર્યો. એ જ સમયે દેશ પર ચીની આફત આવી. કટોકટીનો અમલ થયો. આ યોજના પર પડદો પડ્યો. દેશભરના અહિંસાપ્રેમીઓ અને સર્વ ધર્મપ્રેમી જનતાનો વિરોધ પણ શમી ગયો. વળી એકાએક આ ભયંકર ઘાતકી યોજનાને ખડી કરવા સત્તાવાળાઓના પ્રયાસો શરૂ થયા. સમાચાર પત્રોમાં પણ આ યોજના ફરી એકવાર ચમકી ગઈ. એટલે ફરીને આપણા સૌના સખ્ત વિરોધ કરવાની મુખ્ય ફરજ બની જાય છે.

કારણ કે, સર્વ ધર્મ સિદ્ધાંતો સ્પષ્ટપણે ફરમાવે છે કે,

'કોઈને મારશો નહિ, કોઈને મારશો નહિ, કોઈને મારશો નહિ.'

'મારશો તો મરવું પડશે, કાપશો તો કપાવું પડશે અને છેદશો તો છેદાવું પડશે.' જીવન દરેક પ્રાણીને પ્રિય છે, અને મરણ દરેકને અપ્રિય છે.' આપણે કોઈને જીવન બક્ષી શકતા નથી તો કોઈનું જીવન ઝુંટવી લેવાનો આપણને શો અધિકાર છે? માટે હે લોકો 'તમે આવું અધમ કાર્ય કરશો નહિ; કરાવશો નહિ અને કરનારને અનુમોદન પણ કરશો નહિ. જીવો અને જીવવા દો.' આવી ક્રૂર યોજના જીવનને ભોગે પણ પડતી મુકાવો એવો એમનો આદેશ છે.

વૈદિક ધર્મગ્રંથોમાં પણ અહિંસા મહાન ધર્મ છે એમ એક જ અવાજ નીકળે છે. શ્રી કપિલઋષિ મુનિ પણ જણાવે છે કે,

'મા હિંસ્યાત્ સર્વાનિ ભૂતાનિ.'

મહાભારતમાં પણ કહેવાયું છે કે: એક પુરુષ સો વર્ષ સુધી અશ્વમેધ યજ્ઞ કરે અને બીજો પુરુષ બીલકુલ કોઈ જાતનું માંસ ન ખાય તે બંન્નેને સમાન ફળ પ્રાપ્ત થાય.

બાઈબલમાં પણ અવાજ થાય છે કે

'Thou shalt not kill'

અર્થાત્: 'તમારે કોઈ જીવને મારવા નહિ.'

કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે પ્રાણીઓનું માંસ ખુદાને પહોંચતું નથી. ખુદા દયા અને ભાવનાના ભુખ્યા છે.'

મને અહીં એક પ્રસંગ યાદ આવે છે કે હઝરત સુલેમાન પોતાના લશ્કરની સરદારી લઈ કોઈ સ્થળે જઈ રહ્યા હતા. તેઓ લશ્કરના મોખરે ચાલતા હતા. ત્યારે તેઓ એકાએક થોભી ગયા. તેમની નજરમાં જમીન પર અસંખ્ય કીડાઓનો રાફડો જોવામાં આવ્યો. આ જોઈ દયાળુ હઝરત સુલેમાન બાજુ પર ખસી ગયા. પોતાના લશ્કરને પણ કીડીઓ ઉપર પગ ન આવે એવી સુચના આપી. આવો હતો એક મુસલીમ સેનાપતિનો અહિંસા પ્રેમ અને આ છે આજના સત્તાવાળાઓનો પૈસા કમાવા માટેનો અનહદ હિંસા પ્રેમ.

આપણે સૌ ફરી એકત્ર થઈ આઝાદી પછીનું આ ભારતીય સંસ્કૃતિનું, અહિંસાના ઉપદેશકોનું કાળું કલંક ભૂંસી નાંખવા વિશાળ વિરોધ સભાઓ ભરીને, સખ્ત ઠરાવો કરીને લાગતા વળગતાઓને મોકલી આપીએ અને તેમને જણાવી દઈએ કે,

'Nothing good ever comes of violence'

'હિંસાથી કોઈ સારૂં પરિણામ નહિ નીપજાવી શકો.'

તમને આ ઘાતકી કાર્ય કરવાનો કોઈ જ અધિકાર નથી. કેમકે 'If a life you can not give a life you should not take.' જેને જીવન આપી શકતા નથી તેનું જીવન લઈ લેવાનો કયો અધિકાર છે? એ આપણે સાફ સાફ જણાવી દઈએ.

ખરેખર સરકારની આ ઘાતકી યોજના પ્રાણીઓની કત્તલની સાથે મહાન પુરૂષોના અહિંસા ધર્મની કતલ કરી નાંખશે.

માટે ઓ અહિંસાપ્રેમીઓ જાગો! જાગો!

# અધ્યાત્મ, સમાજ અને સંપત્તિ

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા. એમ. એ. વડાદરા.

વર્તમાન કાલે અધ્યાત્મ અને સમાજ તથા સંપત્તિનો સુમેળ રહ્યો નથી. અધ્યાત્મ, સમાજમાંથી સંપત્તિના આજે મોહના કારણે ટળી ગયો છે. તેનાં કેવાં કારમા પરિણામો દેખાઇ રહ્યાં છે, ને અધ્યાત્મ જ્યારે સમાજ તેમજ સંપત્તિ સાથે સુંદર રીતે સમન્વય પામે તો શું સુખદ પરિસ્થિતિ સર્જાય તેનો હૃદયંગમ ચિતાર લેખક અહીં પોતાની આગવી શૈલીમાં સમજાવે છે. લેખ મનનીય તથા અવગાહન કરવા જેવો રસિક છે.

સંપત્તિ અનર્થોનું મૂળ છે. સંપત્તિનો સદ્ઉપયોગ પુણ્યતત્ત્વને પેદા કરે છે. સંપત્તિ વિના વ્યવહાર, ચાલતો નથી. પછી ભલે તે ઓછી હોય કે વત્તી પણ સંસારના વ્યવહારમાં ડગલે પગલે તેની જરૂર પડે છે. છતાં તે દરેકને જોઈતી પ્રાપ્ત થતી નથી. કોણે કેટલી જોઇએ એની લીમીટ નથી. ઈચ્છા પ્રમાણે મળી પણ ગઈ. તો ઇચ્છા પ્રાયઃ વધતી જ જાય છે. લોભને થોભ હોય નહિ. લાભ વધે એમ લોભ વધે.

ગમે તેમ પણ સંપત્તિ ધન સંસાર વ્યવહારનું અંગ છે. છતાં એનું દૂષિતરૂપ સમાજને જ કોરી ખાય છે. સમાજ એટલે કુદરતી કાનુનને માન આપતો સમૂહ. સમાજના પણ વિકૃત રૂપો હોય છે. વિકૃત સમાજ ખડો થવામાં ધનસંપત્તિ પણ એક કારણ છે. સ્વાર્થાંધતા સ્ફોટક તત્ત્વ છે. પોતે સળગે છે, પરને સળગાવે છે. પોતે ખલાસ થાય છે, બીજા અનેકને ખલાસ કરે છે. માત્ર ધન સંપત્તિથી નહિ. માત્ર કીર્તિ આબરૂથી નહિ. પણ ધર્મની યોગ્યતાથી પણ ખલાસ કરે છે. પછી ધર્મ પામવાની તો વાતજ શી? અને અધ્યાત્મની તો આશાજ શી?

અધ્યાત્મ કોઈ આધિભૌતિક ચીજ નથી. ખરીદ-વેચાણની વસ્તુ નથી. એ છે અંદરની આત્મ જાગૃતિ. એ છે આત્માને આત્માની સભાનતા. એ છે સંસાર અને આત્માનું ભેદજ્ઞાન.

ખાલી ભેદજ્ઞાન જ નહિ. પણ ભેદજ્ઞાનનું પરિણમન. આત્માની અનંતશક્તિનું ભાન. ભાન સાથેનું શક્ય આંદોલન. આત્માના પ્રદેશોમાં નિજની શક્તિનું સ્પંદન. સ્પંદનમાંથી સદાની જાગૃતિ. જાગૃતિ એટલે સ્વની પ્રાપ્તિનો પ્રયાસ. સ્વતત્વ-પોતાપણું દબાઈ ગયું છે. કર્મોના સમૂહમાં અવરાઇ ગયું છે. પોતાપણાને પ્રગટ કરવાનો પ્રયાસ એજ અધ્યાત્મ. પ્રયાસ પણ સાચે માર્ગે હોવો જોઇએ.

અધ્યાત્મ ઉત્તમ. પણ એમાં સમાજ અને સંપત્તિને શું? અધ્યાત્મની જરૂર ક્યાં? એને પ્રગટાવવાનો ક્યાં? સમાજમાં કે બીજે? સમાજ રચનાનું માળખું જ અધ્યાત્મ પર છે. જરૂર આ વાત પ્રાયઃ ભૂલાઈ ગઈ છે. વધુ ભૂલાતી જાય છે. કુદરત-નેચરના કાનુન એક ગણિત છે. તો અધ્યાત્મ મહાગણિત છે. ગણિતમાં ભુલો તો ગોથા ખાય. પછી નાનો હોય કે મોટો હોય. શ્રીમંત હોય કે ગરીબ હોય. બળી હોય કે નિર્બળ હોય. તંદુરસ્ત હોય કે આજાર હોય.

અધ્યાત્મ વિસરાયો. ભૌતિક આબાદી એજ ધ્યેય બન્યું. ધન સંપત્તિનું ધ્યાન ધરાવા લાગ્યું, સુખસંપત્તિ એશઆરામમાં જ જગત સઘળું દેખાયું. તો દુઃખ પણ પારાવાર આવ્યા. આર્થિક આંધી પણ વધતી જ ચાલી. બેકારીનો હાઉ સતત ડે કીયા કરવા લાગ્યો. નવા નવા રોગો પેદા થયા. ઉન્મત્તતા-ગાંડપણ વધ્યા. શાણપણ ગુમાવા લાગ્યા. કારણ કે કુદરતી ગણિતની સમતુલા ગુમાવી.

ભાવરોગ પણ તેટલા જ વધ્યા. અનીતિ અને લુંટ સ્વાભાવિક બની ગયા. છળ પ્રપંચ છાપરે ચઢી આવકાર પામવા લાગ્યા. વ્યભિચાર વ્યાપક બન્યો, શારીરિક અને માનસિક બન્ને. શોષણ સમર્થ બન્યું. પોષણ પામર બન્યું. સહાયનું નામ

નહિ. સેવાનું નામ અને લેવાનું કામ. પ્રજા પીસાય કે પાયમાલ થાય. સડકો અને સ્ટેશનો સુધરવા જોઈએ.

ઢોલ વાગે આબાદીનું. જન્મે મોટે ભાગે બરબાદી. વાત થાય સુધારાની. કુધારાનો પાર નહિ. પીડા સહાય નહિ કોઇને કહેવાય નહિ. કહેવા જાય તો કોઇ સાંભળે નહિ. સાંભળે તો સા–રે–ગ–મમાં વહી જાય. ખાટલાનો પાયો એક નહિ. પણ ખાટલો કહેવો પડે. ગમે નહિ પણ ગાયન ગાવું પડે. વાગે બેસુરૂં પણ મધુર ગણવું પડે.

કારણ કે અધ્યાત્મનું મહાગણિત ગુમાવ્યું. જાણે અધ્યાત્મ સાથે સગાઇ જ નહિ, પણ સુખ તો જોઇએ જ. શાંતિ ઘણી ગમતી ચીજ. આબાદીની સદા ઇચ્છા. સઘળું જોઇએ. ના જોઇએ માત્ર સંતોષ. અને સાચો સંતોષ એટલે અધ્યાત્મનો પાયો.

ઋષિ–મુનિઓએ સમાજને સ્વાસ્થ્ય આપ્યું. સુંદર મજેની યોજનાઓ ઘડી આપી. અમલમાં મૂકી શકાય તેવા નિયમો દર્શાવ્યા. દુઃખની દવાઓ બતાવી. સુખના રાજમાર્ગ ચિંધ્યા. પણ ભુલવામાં હોંશીયારી મનાઈ. હાથે કરીને આપત્તિઓ ઉભી કરી.

જે વસ્તુ અનિવાર્ય છે ત્યાં ખુબી ગોઠવી. ન તો સાફ નિષેધ કર્યો, ન તો વિધાન કર્યું. સંસારી ગૃહસ્થને સામાન્યતઃ પૈસો જરૂરી. પેદા કર્યા સિવાય રહે નહિ–રહેવાય નહિ. ભીખ માગવી એ દૂષણ. કમાવામાં વિકૃતિનો પુરો સંભવ. સાદી ભાષામાં પાપ વિના પ્રાયઃ પૈસો નહિ. તો કરવું શું? મજેની ઢાલ હાથમાં મૂકી. ન્યાય નીતિથી કમાવું. ન્યાયનીતિ એ આદેશ. કમાવું એ સ્વયં પ્રવૃત્તિ.

આગળ વધ્યા. પ્રાપ્ત સંપત્તિનો સદુપયોગ કરવો. મૂર્ચ્છાની ભાવના છોડાડી. એ રીતે આત્માનું રક્ષણ કર્યું. અધ્યાત્મને જીવતો રાખ્યો. આ તો નાનો સરખો દાખલો. ઔચિત્યને પ્રાધાન્ય આપ્યું. ઉચિત કેમ આચરવું એનો ખ્યાલ આપ્યો. કીર્તિ લાલસા ઉડાડી. અહમના અંધકારમાંથી બચાવ્યા. માન–અપમાનની કેડીથી દૂર રાખ્યા. માત્ર ફરજના ભાનમાં રાખ્યા.

વ્યવહાર સચવાય. સૌને પરસ્પર પ્રેમ જાગે. અંતઃકરણ પવિત્ર રહે. દુર્ભાવના જાગે નહિ. પરસ્પર સહાયક બનાય. લક્ષ્મીની લાલસા જાગે નહિ. વ્યવહાર ચલાવવામાં અડચણ આવે નહિ. દીનહીન દેખાય નહિ, માનમરતબાથી રહી શકે. અને ઓચ્છામાં ઓચ્છા પાપથી લેવાય.

અધ્યાત્મનું સાદું સ્વરૂપ બની રહે. સંસારનો સ્વાર્થાંધ બને નહિ. સંસારનાં કાર્યોમાં રાચ્યો માચ્યો રહે નહિ. અને સંસારનું કાર્ય સીદાય નહિ. સદા પ્રફુલ્લ મન. પ્રાયઃ નિરોગી શરીર. સ્ફુર્તિ અને તેજમાં ઓટ નહિ. પવિત્ર વિચારોની ભરતી થયા કરે. અને આચરણમાં ઉત્તમતા સ્વાભાવિક બની જાય.

આ તો બહુ મજેની મનગમતી વાત.

પણ આ ચાલુ કાળમાં કેમ શક્ય બને? અનીતિ એ તો અત્યારે આબાદિનો પાયો છે. લુંટે તે ભરવે ખુંટે. નીતિને ભીતિ ઘણી. છેતરે તે માલદાર બને. નીતિમાન્ ભુખ્યો રહે. ધંધાધાપા ભૈરવ ગુંથણીવાળા. કરોળીયાની જાળ કરતાંએ કુટીલ જાળ. 'છુટવું હોય તો કર સંભાળ. કોની? લાંચરૂશ્વતની. લાખ આપે તેને પાંચ લાખ મળે. દાનમાં નહિ, લહાણીમાં. કામ નથી થતું. મહિનાઓ થયા. ફટ ભુંડા. ચાંલ્લો કર્યો? તજવીજ કરી? ધનવાન બનવું છે? સ્ટોક કર્યો? સંગ્રહવૃત્તિ કેળવી? જીરવતા શીખ્યો–જીરવતા? આઠ ગણા ઉપજશે. ગરજે સહુ આપશે. લોહીના આંસુ ભલેને પડે. જવાના છે કયાં? પેટમાં નાખ્યા વિના ચાલવાનું છે? થીગડું મારવા પણ લઇ જશે ને? '

'પાપપુણ્યની વાતો જુના જમાનાની. એ તો વેવલાઓની વાત. સમયે સઘળું કરવું પડે. ધનવાન થવું હોય તો. સત્તાધારી બનવું હોય તો. માંધાતામાં ખપવુ હોય તો. યેનકેન પ્રકારેણ પચાસ મેળવો. પાંચની સખાવત કરો. શાણામાં ખપશો. કીર્તિ દિગંતમાં ગવાશે. દાનેશ્વરી કહેવાશો.'

પણ આ તો છળ–પ્રપંચ અને દંભ. આત્માનું નિકંદન. કેટલા દિવસ માટે? એક દિવસ તો બધું જ છોડી જવાનું ને? સારા નરસા કાર્યો સાથે ને?

આ તો આર્યાવર્તની ભૂમિ. સમાજને સંતાપી શો સાર કાઢવાનો? સંપત્તિ ક્યાં સાથે થવાની? અધ્યાત્મનો આનંદ માર્યો જ જાય ને? અન્યાયનો પૈસો સોળ વર્ષથી વધુ તો નહિ જ ને? આખરી નતીજો શોક-સંતાપ અને આંસુ જ ને? પ્રાણ પણ જવાનો પ્રસંગ પેદા થાય ને? પ્રાણ નીકળતાં પણ નવનેજાતે?

અરે આ તો અધ્યાત્મની વાતો. સાધુપણાના પ્રાથમિક વિચારો. તો તો પછી સુખદુઃખ સમભાવે સહવા પડે. દુઃખમાં દીન નહિ. સુખમાં સહેલાણી નહિ. આત્માને સંતાપ નહિ શોક નહિ. સદાનંદી સદા સુખી.

હા. સંસારમાં રહ્યા છતાં સંસાર રૂચે નહિ. ધનસંપત્તિના ઢગલા થતાં માચે નહિ. સત્કાર્યોનો પાર નહિ. લક્ષ્મી એની પુંઠે પડે. કીર્તિ એની આગળ રહે. છતાં લાલસા કશાની નહિ. આસક્તિ કશામાં નહિ.

બધા આ કક્ષામાં ન હોય. છતાં સંસારવાસો સારો ન ગણે. એ આર્યોનું લક્ષણ. મેળવે-એકઠું કરે. પણ ન્યાયનીતિથી. એકઠું કરેલું પરાર્થે વાપરતાં વાર નહિ. દીનદુઃખિયાને સહાય એની ફરજ. ભક્તિ એનો ધર્મ. પ્રામાણિકતા એનું લક્ષણ. લીધું તેનું આપવાની પ્રતિજ્ઞા. ઘર ભલે વેચવું પડે. દુઃખ ભલે ભોગવે. માત્ર મીઠુ ને રોટલો ભલે ભોજનમાં રહે. પણ દેવું એ દેવું.

લુંટ એને ગમે નહિ. દેવાદારને પણ કનડે નહિ. કોઈનું પચાવી પાડવાની ઇચ્છા નહિ. મહા પાપના ધંધામાં ભાગ નહિ. જીવહિંસાથી આઘો. મરઘા બતકાના ધંધા તો આજની સરકાર કરે. માછીમારો પેટને ખાતર જાળ કરે. સરકાર સમર્થ બનવા વિરાટ કસાઇ બને. મોટી યોજનાઓ ઘડે. પ્રશંશાના બણુગા ફુંકે. પણ ફુંક તો એમની પણ નીકળવાની જ. એ ભૂલ્યા એનું આ પરિણામ.

હુંડીયામણ કેટલું મળ્યું? અને ખર્ચા કેટલા વિશાળ થયા? ઘેરી આપત્તિના ઓળા કેટલા ઉતર્યા? વિકાસ કેટલે આવ્યો? કુદરતના કોપ કેટલા જન્મ્યા? જમાબંધી કેટલી વધી? પ્રજા આબાદ થઈ કે બરબાદ થઇ? પ્રજા સુખમાં મહાલે છે કે દુઃખમાં દટાઇ છે? છે કે કોઇ આનો જવાબ આપવા તૈયાર?

'બેટા મોટો થા. તને સોનાને સિંહાસને બેસાડીશું. અરે તું નહિ તો તારી ચોથી પેઢી તો ખરી જ. ઘેર ઘેર મોટર અને રેડીયો. અમે ચોથી પેઢી સુધી હયાત જ છીએ. ભોગ આપો. લોહી આપો. હાડ આપો. અરે ખપી જાવ. તમારી ચોથી પેઢીને ખાતર.'

કબુલ બાપા કબુલ. પણ સાથે સંસ્કૃતિ મરી ચાલી. સમાજમાં સડો પેઠો. અનીતિની આગ સળગી. વિકૃતિના વાનરો કુદાકુદ કરે છે. સંસ્કાર ધન તદ્દન નાશને માર્ગે છે. સ્વચ્છંદતાએ ઘર ઘાલ્યું. આર્યપણાનો પ્રલય થવા લાગ્યો. નરી અનાર્યતા જન્મી.

'સોળમી સદીના ના બનો. રશિયા અને અમેરિકાને નજર સામે રાખો. કેટલી સંપત્તિ! કેટલી જાહોજલાલી? ભલે મીનીટે મીનીટે ખુન થતા હોય. પળે પળે એક્સીડન્ટ થતા હોય. ગર્ભપાતના પ્રમાણ ભલે વધતા હોય. લુંટફાટનો રાફડો છોને ફાટચો હોય, પણ ધનના ઢગલા તો છે ને? સુવર્ણનાં ઢગ ખડકાય છે કે નહિ? શાંતિ ભલે ન હોય. માનસિક સુખમાં ભલે આગ સળગી હોય. શારીરિક રીતે ભલે નબળા બને. સમાજ ભલે હીનતાને પામે. પણ સંપત્તિના તો સાગર ઉલટચાને? સર્વશ્રેષ્ઠ ધનવાન્ દેશ તો કહેવાય ને?'

સમાજની સુસ્થિરતા વિનાની સંપત્તિ એ શ્રાપ છે. સંપત્ત પુણ્ય વિના મળતી જ નથી. પુણ્ય વિના સંપત્તિ સુખ આપી શકે જ નહિ. સદ્વિચાર વિનાનો સમાજ આબાદ બની શકે જ નહિ. અનીતિની આબાદી બરબાદી લાવે જ લાવે. માનસિક સંતોષ વિના સુખશાંતિ સંભવે જ ક્યાંથી. આછા પણ અધ્યાત્મ વિના સંતોષ આવે જ કેમ?

આપણે મોટે ભાગે આડે માર્ગે છીએ. નેતાઓ પ્રાયઃ આડે માર્ગે જ દોરી રહ્યા છે. ઇરાદો ભલે ન હોય. પણ માર્ગ તો ખોટો જ છે. અને તે

(અનુસંધાન માટે જુઓ પાન ૯૨૬)

# પ્રભુભક્તિનો મહિમા

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર

'જૈન ગૂર્જર સાહિત્યરત્નો' ભા. ૨ ના 'આદિવચન'માં પૂ. મહારાજશ્રીએ સ્તવન-કીર્તનરૂપ પ્રભુભક્તિની મહત્તા પર જે મનનીય વિવેચન લખેલ છે, તે લેખનો એક હપ્તો ડીસેમ્બર-૬૩ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ, તેનો બીજો હપ્તો અહિં પ્રસિધ્ધ થાય છે.

ન્યાયના પ્રકાણ્ડ વિદ્વાન જૈન શાસનના મહાન પ્રભાવક પૂ. ઉપાધ્યાયજી મહારાજે એક સ્થળે ગાયું છે કે 'ધનધન શાસન મંડન મુનિવરા.'

જૈન આગમોમાં આઠ પ્રભાવકોનું વર્ણન આવે છે. એક પ્રાવચનિક, બીજા ધર્મ કથીક, ત્રીજા નૈમિત્તિક, ચોથા વિદ્યાસિદ્ધ, પાંચમા યોગસિદ્ધ, છઠ્ઠા વાદી, સાતમા ઉત્કૃષ્ટ તપસ્વી અને આઠમા કવિ એટલે આઠ પ્રભાવકોમાં કવિને પણ પ્રભાવક ગણાવવામાં આવ્યા છે. પ્રભાવક એટલે શાસનની પ્રભાવના કરનારા.

પૂર્વના મહાન જૈનાચાર્યો જેવા કે પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મ. પૂ. શ્રી માનતુંગસૂરિ મ. પૂ. શ્રી માનદેવસૂરિ મ. પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય મ. પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, પૂ. શ્રી મુનિસુંદરસૂરિ મ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ વગેરે સંખ્યાબંધ જૈનાચાર્યોએ સંખ્યાબંધ સ્તુતિ સ્તોત્રોની ગીર્વાણગિરામાં રચના કરી સમગ્ર વિશ્વ પર અસીમ ઉપકાર કર્યો છે. આજે પણ એ મહાન પુરૂષોએ રચેલા-ગૂંથેલા કાવ્યો, સ્તોત્રો અને સ્તુતિઓ અગણિત ભવ્યાત્માઓ ખૂબ બહુમાનપૂર્વક યાદ કરી, સ્તવના કરી જટિલ અને નિબિડ કર્મોની નિર્જરા કરે છે. અને પુણ્યાનુબંધી પુણ્યના ભાગીદાર બને છે, તેવી જ રીતે પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. પૂ. શ્રી વિનયવિજયજી મ. પૂ. શ્રી માનવિજયજી મ. પૂ. શ્રી મોહનવિજયજી લટકાળા. પૂ. શ્રી દીપવિજયજી મ. પૂ. શ્રી શુભવીરવિજયજી મ. પૂ. શ્રી જ્ઞાનવિમળસૂરિ મ. પૂ. શ્રી વિજય લક્ષ્મીસૂરિ મ. પૂ. શ્રી વિજયલાભસૂરિ મ. પૂ. શ્રી ઉદયરત્નજી. પૂ. શ્રી સમયસુંદરગણિ. પૂ. શ્રી નયવિજયજી મ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિ. પૂ. શ્રી આનંદઘનજી મ. પૂ. શ્રી દેવચંદ્રજી. પૂ. શ્રી સકળચંદ્ર ઉ. તથા પૂ. શ્રી આત્મારામજી મ. વગેરે મહાન કવિઓએ હજારોની સંખ્યામાં સ્તુતિ-સ્તોત્ર અને સ્તવનોની ગૂંથણી કરી છે. આ મહાનપુરૂષોએ ભાવવાહી રસપ્રદ કર્મનિર્જરાના હેતુભૂત સુંદર સ્તવનોની રચના કરી સાધારણ જનતા ઉપર અસાધારણ ઉપકાર કર્યો છે. ભાવિક ભક્તો આ સ્તવનો દ્વારા પ્રભુ ભક્તિમાં લીન-તલ્લીન બની પરમાત્માની ઉપાસના-સેવા કરી અનંત પુણ્ય ઉપાર્જન કરેલ છે.

સ્તવનોમાં વૈવિધ્યતા હોવાના કારણે પ્રાકૃત-સામાન્ય જનતાને એમાંથી ઘણું ઘણું જાણવા શીખવાનું મળે છે. સ્તવનોમાં આઠ પ્રાતિહાર્ય, તીર્થંકર દેવોના જીવનચરિત્રો, નગરી, જન્મ સ્થાન, લાંછન, વર્ણ, આયુષ્યમાન, માતાપિતાના નામો, ગોત્ર, દેહમાન અતિશયો, આત્મસ્વરૂપ, કર્મસ્વરૂપ, કઈ જાતની પ્રાર્થનાઓ કરવી, પર્વોનું જ્ઞાન, કલ્યાણક દિવસો, આત્મગુણો, વ. અનેક વસ્તુઓને એ મહાપુરૂષોએ વણી લીધી છે. આજે સ્થળે-સ્થળે હજારો ભાવુક હૈયાઓ પ્રતિદિન પ્રભાતે પરમાત્માના મધુર કંઠે બુલંદ સ્વરે ભક્તિભર્યા હૈયે ગુણગાન કરી જીહ્વા પાવન કરે છે. એટલું જ નહિ પણ જીવનને પાવન બનાવે છે. અને ઉત્તરોત્તર પ્રગતિ સાધી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે.

ઇતર દર્શનકારોએ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એમ ત્રણ પ્રકારના યોગો માન્યા છે. તેમાં બહુશઃ મોટાભાગે આત્માઓ ભક્તિયોગનો આશ્રય લઈ આત્માને ભક્તિ રસથી ભાવિત કરી અનોખો આનંદ મેળવે છે. પુણ્યના ભાગી બને છે

અને કર્મનિર્જરા પણ કરે છે. સંત તુલસીદાસજી, સંત કબીરદાસ, શ્રી જ્ઞાનેશ્વર, મીરાબાઈ, સંત તુકારામ અને નરસિંહ મહેતા જેવા જૈનેતર પ્રભુ-ભક્તોના નામ પણ ઘણા જાણીતા છે. સંત તુકારામને માટે કહેવામાં આવે છે કે તેઓ ભક્તિરસમાં તલ્લીન બન્યા હતા. પ્રભુના ગાનમાં મશગુલ હતા, ત્યારે તેમને કોઈએ સમાચાર આપ્યા કે, 'તમારા પત્ની યમધામે સીધાવી ગયા-ગુજરી ગયા.' પત્ની મૃત્યુના આ સમાચાર સાંભળતાં તેઓ બોલી ઉઠ્યા કે :

'વિઠો તુઝે માઝે રાજ' 'હવે આજથી હે વિઠોબા ! તારૂં અને મારૂં રાજ્ય છે.' ઉપાધિ ઓછી થઈ. તેથી ભક્તિ કરવાની ઉમદા તક પ્રાપ્ત થઈ.' તેવી જ દંતકથા નરસિંહ મહેતા માટે પ્રચલિત છે કે, તેઓ પણ ભગવાનની ભક્તિ કરતા હતા ત્યારે તેમને કોઈએ સમાચાર આપ્યા કે, 'તમારી પત્ની મૃત્યુ પામી.' નરસિંહ મહેતાના કર્ણોમાં જ્યાં આ સમાચાર સંભળાયા ત્યાં જ તેઓ બોલી ઉઠ્યા :

'ભલુ થયું ભાંગી જંજાળ
સુખે ભજીશું શ્રી ગોપાળ.'

આ સંસારની આળ પંપાળ ને જંજાળમાં પરમાત્માની ભક્તિમાં અનેક અંતરાયો આવતા હતા. હવે એ અંતરાય દૂર થયો એટલે પરમાત્માનું ભજનકીર્તન સુખપૂર્વક સતત કરી શકાશે.'

જૈનેતરો પણ કેવા પ્રભુભક્તો થયા છે. એના આ નમુના છે.

## અમારો અનુભવ

દેશોદેશમાં પગપાળા વિહરતા અમને એ અનુભવ થયો છે કે જેને આપણે ગામડિયા-ગમાર અને અજ્ઞાન ઇ૦ વિશેષણોથી સંબોધીએ છીએ, પણ અમારો અનુભવ એમ કહે છે કે એમને ગમાર કે અજ્ઞાન કહેવા કે અમારી ભણેલી ગણેલી કોમને અજ્ઞાન કહેવી, કારણ કે દિવસમાં એ ભોળી અજ્ઞાન જનતા કામકાજથી થાકી પાકી હોવા છતાં રાતના દશ વાગે નીરવ શાંત વાતાવરણમાં તંબૂરાના તાર સાથે અને કાંસી જોડા અને ઢોલ આદિ વિવિધ વાદ્યો સાથે પ્રભુભક્તિમાં એ લોકો એવા તો તન્મય બની જાય છે કે ન પૂછો વાત. સાંભળતાં, સાંભળતા આપણને જરાય કંટાળો ન આવે. તેમાં એક તાલ, એક સ્વર અને એક સાથે એવી તો ભજન કીર્તનની ધૂન મચાવે છે કે જાણે આત્મા ખોવાઈ જાય. ભક્તિ રસમાં એટલા બધા એ લોકો મશગુલ અને મસ્તાન બની જાય છે કે થોડીવાર માટે સમસ્ત જગતને ભૂલી પ્રભુભક્તિમાં ઝુલી અનંત પુણ્યનું ઉપાર્જન કરી લે છે.

એવા સમયે અમને આપણી શિક્ષિત જનતા યાદ આવે છે કે એક **'નમોડસ્તુ વર્ધમાનાય'** બોલતા પ્રતિક્રમણમાં કેવી ગડબડ મચે છે. 'કેવું અશિસ્ત વાતાવરણ સર્જાય છે? અને એ કયાં અજાણ્યું છે એક ધીમે બોલે, બીજો રાડ પાડે ત્રીજો આડો અવળો જાય. એક **નમોડસ્તુ**પણ એક સાથે એક સ્વરે તાલબદ્ધ રીતે મધુર અને બુલંદ કંઠે આપણે બોલી શકતા નથી. આપણને એમ થાય છે કે એ ભોળી ગામડાની અજ્ઞાન જનતાને ગામડિયા કહેવા કે આપણા ભણેલા ગણેલા વર્ગને.

જિનમંદિરનું વાતાવરણ કેવું શાંત હોવું જોઈએ ? કેવા મીઠા મધુરા મંદ સ્વરે પ્રભુ સ્તવનો ગીતો ગાવા જોઈએ ? દર્શનાર્થી ઘડીભર ત્યાંને ત્યાં થંભી જાય. પણ બને છે એનાથી ઉલટું કારણ કે સ્તવન ગાનારાઓ ઉંચા સ્વરે બરાડા પાડી ગાવા મંડી પડે છે. એટલે સાંભળનારા ભડકી ઉઠે છે. આમ કરવાથી આપણે અંતરાયના ભાગીદાર બનીએ છીએ. જિનમંદિરમાં કોઈ ભાવિક પ્રભુભક્તિ કરતું હોય, કોઈ માળા ગણતું હોય, એ બધા ભાવિકોનું ચિત્ત ચલાયમાન કરવામાં આવા લોકો કારણ બને છે.

'અણુંતં ગીય વાઇએ' ગીત-વાજીંત્ર પૂજા કરતાં યાને ભાવપૂજામાં આત્મા લયલીન બને તો નાગકેતુની જેમ કેવળજ્ઞાન મેળવી લે પણ હાહો કરીને કે રાડો પાડીને નહિ, ગાતા ન આવડતું હોય તો ન ગાવું બહેતર છે. પણ બરાડા પાડવાથી

કેવળ આત્માને અંતરાયના ભાગી બનવું પડે છે. પરમાત્મા તો સર્વજ્ઞ અને સર્વદર્શી છે. આપણે મનમાં સ્તુતિ સ્તવના કરીએ તો પણ એ જાણે છે. માટે સ્તુતિ-સ્તવન ઈ૰ મીઠા મધુર મંદ સ્વરે કરવા ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. ક્રિશ્ચિયનોનાં દેવળોમાં પ્રાર્થના સમયે હજારો માણસો ભેગા મળવા છતાં કેવી શિસ્તપૂર્વક શાંતિથી તેઓ પ્રાર્થના કરે છે. તેમનો આ ગુણ આપણે શીખવા જેવો છે. અનુકરણ કરવા જેવો છે. આપણો તપ, આપણો ત્યાગ, આપણા સિદ્ધાંતો, આપણા સાધુઓ, આપણા આચાર વિચાર બધુંય ઉંચુ અને આદર્શ હોવા છતાં શિસ્તના અભાવે બધું ઝાંખું પડી જાય છે. માટે આપણા બાળકોને, આપણા પરિવારને શિસ્તની તાલીમ આપવાની જરૂર છે. વ્યવહારમાં હરેક સ્થળે કોર્ટ કચેરી સ્કુલ કોલેજ અને સભા-પાર્ટીઓમાં આપણે શિસ્ત રાખીએ છીએ, જ્યારે ધર્મસ્થાનકોમાં જ કેમ તેનો અભાવ દેખાય છે? એની કંઈ સમજ પડતી નથી. ખરી રીતે ધર્મ અને ધર્મક્રિયા પ્રત્યે જે રસ અને રૂચિ હોવી જોઈએ તેનો અભાવ છે.

## સંગીતનો પ્રભાવ

સંગીત એ એક એવી વસ્તુ છે કે, આત્મા તેમાં ઓતપ્રોત બની જાય છે નિજને ભૂલી જાય છે અને ભક્તિરસમાં તરબોળ બની જાય છે. મેડમ મોંટેસરીનું નામ શિક્ષણ ક્ષેત્રે ઘણું જાણીતું છે. એને એક બિલાડી પાળી હતી. બધા જ આ બિલાડી માટે ફરિયાદ કરતા હતા, આ આવી છે ને તેવી છે. એનો સ્વભાવ ખરાબ છે અને બધાયને હેરાન કરે છે. પણ સ્વભાવની ખરાબ બિલાડી પણ પિયાનાના સંગીતદ્વારા શાંત અને ડાહી બની જતી હતી.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડન્ટ શ્રી આઈઝન હોવરનો પગ કાપવાની ડોક્ટરોએ જ્યારે સલાહ આપી ત્યારે બધા સગાસ્નેહીઓ વિચારમાં પડી ગયા. પગ કપાવવામાં ન આવે તો જીવન જોખમમાં મૂકાય તેમ હતું અને પગ કપાવવો એ કોઈ રીતે પાલવે તેમ નહોતું. છેલ્લે સૌ પ્રાર્થનામાં લીન બની ગયા. પરિણામ એ આવ્યું કે પ્રેસીડન્ટનો પગ વગર કપાવ્યે એકદમ સારો થઈ ગયો. દર રવિવારે વોશિંગ્ટનમાં નિયમિત પ્રાર્થનામાં પ્રમુખશ્રીને આવતા જોઈ સૌને આશ્ચર્ય થતું હતું. તેઓ માનતા હતા કે, 'પ્રાર્થનાનું બળ કોઈ અનોખું છે અને તે દ્વારા ઘણી મુશીબતોમાં અને ઘણા યુદ્ધોમાં મેં વિજય મેળવ્યો છે.'

પાશ્ચાત્ય દેશોમાં અનેક હોસ્પીટલોમાં પ્રાર્થનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. અને આ માટે અનેક પાદરીઓને-ધર્મગુરૂઓને હોસ્પીટલોમાં રોકવામાં આવ્યા છે, આથી દર્દીઓ સારા થઈ ગયાના અનેક દાખલાઓ નોંધાયા છે. શ્રી તીર્થંકરદેવો માલકોષ રાગમાં દેશના આપે છે. દેશના શ્રવણ કરી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ડોલી ઉઠે છે. તેઓશ્રીની સાનિધ્યમાં ક્રૂર અને હિંસક જાનવરો પણ વેરઝેરને ભૂલી જઈ ખભેખભા મીલાવી સાથે બેસે છે.

સા રી ગ મ પ ધ ની સા આ સાત સ્વરોમાં જબ્બર શક્તિ રહેલી છે.

કુશળ સંગીતકાર મેઘમલ્હાર રાગ છેડે, તો અકાળે મેઘરાજાનું આગમન થાય છે. હિંડોલ રાગ ગાતાં હિંડોળો હિંચવા માંડે છે. દીપક રાગ છેડતા દીવેટ અને તેલથી પૂરેલી દીવીઓની દીવેટો અચાનક પ્રકટી ઉઠે છે. યાને દીપકો પ્રકટે છે. પૂરીયા રાગ સાંભળતા સાંભળતા શ્રોતાજનો નિદ્રાધીન બની જાય છે. દુધ દોહતી વખતે સંગીત ચાલતું હોય તો ગાય-ભેંસ ઈ૰ પ્રાણીઓ અધિકાધિક દૂધ આપે છે. સંગીતના પ્રભાવે રાજ્યક્ષ્મા ટી. બી. જેવા દર્દીઓ પણ સાજાતાજા બની જાય છે.

કવિવરો કાવ્યોની ગૂંથણી કરે છે, પણ એનો ખરો રસ અનુભવીઓ માણે છે. કવિની કવિતામાં સ્હેજે જે કાળનું વાતાવરણ ચાલ-દેશી-રાગ ભાષા ઈ૰ની છાયા જોવામાં આવે છે. પ્રાચીન પૂજા અથવા સ્તવનોની ચાલ-દેશી તરફ નજર કરશો

તો જણાશે કેવી કેવી દેશીઓ હોય છે? જેવી કે, 'ઇડર આંબા આંબલીરે' 'મારો પિયુડો ગયો પરદેશ' 'જોબનીયાનો લટકો' 'સખીરી આવ્યો રે વસંત અટારડો' ઈ૦

આથી સમજી શકાય છે કે, આમ જનતામાં જે દેશી ચાલ ઇ૦ પ્રચલિત હોય તે જ રાગ-ચાલ યા દેશીમાં- સ્તવનો ઈ૦ ની રચના કરવામાં આવે તો સ્હેજે તે ગીતો લોક જીભે ચડી જાય છે.

પૂર્વાચાર્યોના સ્તવનોની દેશીઓ અત્યંત પ્રાચીન હોવાના કારણે આધુનિક જનતાને કંઠસ્થ કરવા અઘરા લાગે છે. તેથી એ જરૂરી હતું કે આધુનિક પ્રજા પણ પ્રભુભક્તિનો લાભ લઇ નિજનું કલ્યાણ કરે. જે યુવક યુવતીઓ કદીય મંદિરમાં નજરે ન પડે એ આધુનિક વર્ગ આવા નવીન રસપ્રદ અને ભાવવાહી સ્તવનો-સજઝાયો શ્રવણ કરવા ઉમંગથી દોડી આવે છે.

આધુનિક કવિવરોએ આ નવા વર્ગ ઉપર અસીમ ઉપકાર કર્યો છે. એ જ રાગોમાં સ્તવનો બનાવવાથી જનતા એ જ સ્તવનોને લલકારે છે. જૂના સ્તવનોની જેમ નવા સ્તવનો પણ ભાવવાહી રસપ્રદ અને ભક્તિ રસમાં તરબોળ કરી દે તેવા હોય છે. આપણને તો શાસ્ત્ર સંમત જૂનું હોય કે નવું હોય બધું જ માન્ય છે.

⊙

---

**અધ્યાત્મ, સમાજ અને સંપત્તિ : (અનુસંધાન ૯૨૨ થી ચાલુ)**

પણ ભયંકર-હિંસાત્મક માર્ગ છે. આર્થિક દૃષ્ટિએ પણ ખતરનાક નુકશાનકારક છે. શારીરિક ચિકિત્સા પણ ઉંધે જ માર્ગે જ ચાલે છે. માનસિક તો પશ્ચિમના વંટોળીએ ચઢેલો જ છે. અધ્યાત્મ પર પચાસ વર્ષથી જોરદાર ઘા થયા જ કરે છે.

પણ અધ્યાત્મના મૂળ ઉંડા છે. એટલે હવે સુરંગો ગોઠવાઈ છે. આપણને આપણાઓને પ્રાય: એનો ખ્યાલ જ નથી. માટે અવળે માર્ગે ખેંટવાઇ રહ્યા છીએ. અને સ્થૂળ પરિણામો આંખ સામે ખડા જ છે. અત્યારે પણ કયાં ખડા નથી થતા. આજે આ નાઠી અને આજે આ નાઠો. આ તદ્દન અવળા માર્ગે. આણે આનું ખુન કર્યું. પતિએ પત્નીનું. પત્નીએ પતિનું. બાપે દિકરાનું. દિકરાએ બાપનું.

વર્તમાનપત્રના વાંચનારને રોજ બેહુદી વાતો વાંચવા મળે છે જ. હૈયા કંઇકના કંપતા હશે. અરેરાટી કઇકના મનમાં પેદા થતી હશે. પણ મોટો ભાગ આર્થિક ભીંસમાં ભયંકર રીતે ગુંચવાએલો. કોઇને કોઈ વિચારણા કરવાનો ટાઈમ નથી. શરીર કામ આપતા નથી. મન મરી ગયું છે. આત્મા તો પ્રાય: ભુલાઈ જ ગયો છે.

છતાં ભારત આર્યાવર્તની ભૂમિ છે. અધ્યાત્મનું કેન્દ્ર છે. જાગૃતિનું મહામથક છે. એ સાવ ભુલાયું નથી જ. નેતાઓ પણ ભૂલથી કે સમજથી પણ આ વાતને બિરદાવે છે. એ જ ભારતની છુપી ભવ્યતા છે,

ભવ્ય ભારતના સમાજો જાગશે. નિજના ઘરને તપાસશે. અહેલાક જગાવશે. માતૃભૂમિની માનવંતી મર્યાદાને મોકળાશ આપશે. એના ભવ્યાતિભવ્ય સંદેશાને હૈયે ધારશે. ઘુંટીએ પચાવશે. પ્રચાર માટે તમન્ના બતાવશે. અધ્યાત્મની ઓળખ પોતાના દેશબાંધવને આપશે. એમાંથી પ્રાપ્ત થતી આબાદિનું ભાન કરાવશે. તે દિવસે ચંચળ લક્ષ્મી સ્થિર બનશે. સંપત્તિની રેલમછેલ થશે. સુકાઇ ગયેલી ઘી-દુધની નદીઓ લીલીછમ બનશે. અહિંસાની અસ્મિતા જન્મશે. પશુધન મૂળરૂપમાં સાંપડશે.

શરીરની વિકૃતિઓ વિરામ પામશે. સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની લાલી મુખડાં પર દેખાશે. માનસિક બળ બ્રહ્મચર્યના પ્રતાપે પારાવાર પેદા થશે. અધ્યાત્મનો રવિ સહસ્ત્રકિરણે શોભશે. અને ભારતનું ગૌરવ દુનિયામાં દીપી ઉઠશે. આ રીતે અધ્યાત્મ-સમાજ-અને સંપત્તિનો સુમેળ સધાશે.

દુનિયાનો દોર જુદો છે,
ભારતનું ગૌરવ ઓર છે;
સંતોષ શાંતિ એનું સુખ છે,
અધ્યાત્મ એનો આનંદ છે.

# સાંજ પ્રભાત

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય :** વંકચૂલ છેલ્લે એક મોટી ચોરી કરવા માટે માલવદેશની રાજધાની ઉજ્જયિનીમાં આવેલ છે. ઉજ્જયિનીના રાજાના રાજમહેલમાં મહારાણીના ભવનમાં તે આવ્યો છે. મહારાણીનાં મહામૂલ્ય રત્નાલંકારોને લઇ જવાની તેની ધારણા છે. ચોરી-છૂપીથી મહારાણીના પલંગ નીચે તે છૂપાયે. અચાનક અવાજ થતાં મહારાણી જાગી જાય છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૪ મું :
## અતૃપ્તિની આગ !

માલવદેશની મહારાણી મદનિકાને સફાળી બેઠી થયેલી જોતાં જ વંકચૂલ એમને એમ ઉભો રહી ગયો...તેના દેહમાં એક કંપારી છૂટી ગઇ... અને તે રાણી સામે જોવા માંડયો.

હૈયે ફાળ પડી હોવાથી રાણી એટલી હેબતાઈ ગઇ હતી કે કશું બોલી શકી નહિ કે ચીસ પણ પાડી શકી નહિ.

વંકચૂલે જોયું, રાણીનું ઉત્તરીય પલંગના એક છેડે પડયું છે...કંચુકીબંધ પણ છૂટીને એક તરફ પડયો છે....ઓઢેલી રેશમી રજાઇ નીચે પડી ગયેલી હોવાથી રાણીના ઉન્નત ઉરોજ યૌવનના ભારથી પુષ્ટ લાગતાં કંઈક થડકી રહ્યાં છે !

રાણી પણ હેબતભરી નજરે વંકચૂલની ફાટફાટ જુવાની ભરી સુંદર અને બલિષ્ટ કાયા તરફ જોઈ રહી હતી...

વંકચૂલે મનમાં વિચાર્યું, સંમૂર્છનીનું ચૂર્ણ કાઢીને છાંટું....પણ તે પહેલાં જ રાણી કંઇક અચકાતા છતાં મધુર સ્વરે બોલી. 'તું કોણ છે?'

'મહારાણી, હું એક ચોર છું.'

'ચોર?'

'હા મહાદેવી...'

'તારો ચહેરો તો અતિ તેજસ્વી છે, ચોર જેવો ક્રૂર અને ભયાનક નથી. તું કોના ભવનમાં આવ્યો છે તે તું જાણે છે?'

'હા મહાદેવી...હું માલવપતિ મહારાજ વીરસેનના અંતઃપુરમાં આવ્યો છું.'

'તારા સાહસને દાદ આપવી જોઇએ...' કહી રાણીએ પોતાની કાયા પર રજાઇ વીંટી લીધી.... ત્યાર પછી કહ્યું :' તું દુઃખી કે નિર્ધન છે? તારા ચહેરા ઉપર એવા કોઈ લક્ષણ દેખાતાં નથી... તારી જાતિ?'

'ક્ષત્રિય?'

'ક્ષત્રિય ! તું શું સત્ય કહે છે?'

'હા મહાદેવી....હું અસત્ય નથી બોલતો....'

'વાહ ! તું તો મારા આશ્ચર્યમાં વધારો કરી રહ્યો છે ! ક્ષત્રિય શું આ રીતે ચોરી કરે?'

'મહાદેવી ક્ષત્રિયો શું નથી કરતા? લૂંટ ચલાવે છે, એક બીજાના રાજ પડાવી લેવા મહાન સંહાર કરે છે, અનેક નારીઓના નિઃશ્વાસ પર પોતાનું સિંહાસન સ્થાપે છે...હું તો કેવળ મારા પોતાના બાહુબળ પર જીવનારો ચોર છું....મૂઠીમાં મોત રાખીને સાહસ ખેડનારો એક સાહસિક જુવાન છું...' વંકચૂલે છટાથી છતાં નમ્રતા પૂર્વક કહ્યું.

'તને અહીં આવતા ભય ન લાગ્યો?'

'સાહસને ભય શોભે નહિ.'

'વાહ હું હમણાં જ બુમ મારીને તને પકડાવી દઉં તો?'

'તો તો આપે ક્યારની બૂમ મારી હોત... અને વિશ્વાસ છે કે આપ એવું નહિ કરો.'

'એટલે તું એમ માને છે કે હું તને ચોરી કરવા દઈશ?'

'મહાદેવી મારા જીવનની આ છેલ્લી ચોરી

છે...! મેં ધાર્યું હોત તો અહીં આવ્યા પછી તરત આપને મૂર્છિત બનાવ્યા હોત....પરંતુ એ રીતે ચોરી કરવામાં મારા સાહસને શરમ દેખાણી... અને મારી પુષ્કળ સાવધાની હોવા છતાં આપ જાગી ગયાં. હવે હું ચાલ્યો જઇશ...'

'ચોરી કર્યા વગર ?'

'શું કરૂં ? આ મારો અંતિમ પ્રયત્ન હતો અને તે નિષ્ફળ ગયો.' વંકચૂલે કહ્યું.

'એટલે હવે તું ચોરી નહિ કરે એમને ?'

'હા...'

'તો પછી તારે ચોરી કઇ વિપત્તિના કારણે કરવી પડે છે ?'

'એ વાત બહુ લાંબી છે...પરંતુ મારા કુટું-બના એક પ્રશ્ન ખાતર મારે આ સાહસ કરવા આવવું પડયું છે...'

મદનિકાના વદન પર ભયનું કોઈ લક્ષણ રહ્યું નહોતું...એ વધારે ખુશ મિજાજમાં આવી ગઈ હોય એમ લાગતું હતું. તે બોલી : 'તારૂં નામ ?'

'એક ચોર !'

'તું નામ આપીશ તો હું તને પકડાવવાનો પ્રયત્ન નહિ કરૂં....'

'દેવી. નામ જાણીને પણ આપ ઓળખી શકશો નહિ....હું....દૂર...દૂરનો રહેવાસી છું.'

'હં...ત્યારે આ અંતિમ પ્રયત્નની નિષ્ફળતા પછી તારા કૌટુમ્બિક પ્રશ્નનું શું થશે ?' રાણીએ મૃદુ મધુર સ્વરે કહ્યું.

વંકચૂલે કંઈ ઉત્તર ન આપ્યો પણ એના ચહેરા પર વિષાદની એક રેખા રચી ગઈ. પ્રકાશ હળવો હતો છતાં એ રેખા રાણીથી છૂપી ન રહી. રાણીએ કહ્યું : 'હું તારા સાહસિક જીવન પર પ્રસન્ન થઇ છું...જો સામે દીપમાલિકા પર જાળી ઢાંકી છે તે દૂર કર....પ્રકાશમાં તને બરાબર જોઈ શકું.'

વંકચૂલે એક ખૂણામાં પડેલી દીપમાલિકા પર ઢાંકેલી કાણાવાળી ત્રાંબાની જાળી ઉઠાવીને એક તરફ મૂકી દીધી.

સમગ્ર ખંડમાં સોહામણો પ્રકાશ છવાઈ ગયો. આ દરમ્યાન મદનિકાએ પોતાનું ઉત્તરીય ધારણ કરી લીધું.

વંકચૂલ જાળી દૂર કરીને પાછો વળ્યો ત્યારે રાણી પલંગ પરથી નીચે ઉતરી ગઈ હતી. તેની નખશીખ સુંદર કાયા અતિ લલચાવનારી જણાતી હતી. તે બોલી.' અહીં આવ...તારા પ્રશ્નનો ઉકેલ હું લાવું છું.'

વંકચૂલ રાણીથી થોડે દૂર ઉભો રહ્યો.

રાણીએ કહ્યું : 'તારે જે કંઈ જોઇએ તે હું તને આપીશ. પલંગ નીચેની પેટીઓમાં મૂલ્યવાન રત્નાભરણો પડયાં છે...પણ તારે મારૂં એક કામ કરવું પડશે.'

'ક્ષમા કરો દેવી....આપનું કામ મને જણાવો ...ઉચિત હશે તો હું અવશ્ય કરી આપીશ....પરંતુ દાનરૂપે કશું લઈશ નહિ.'

'પ્રસન્નતારૂપે ?'

'દાન અને પ્રસન્નતામાં કાંઇ તફાવત નથી' કહો આપનું શું કામ કરૂં ?'

રાણી થોડી પળો પર્યંત મુગ્ધનેત્રે વંકચૂલ તરફ જોઈ રહી.

પરંતુ એક વિપત્તિ આવી પહોંચી હતી....તેની કોઇને કલ્પના નહોતી.

માલવપતિ મહારાજ વીરસેન નિદ્રા ન આવ-વાના કારણે પોતાના શયનગૃહમાંથી નીકળીને પટ્ટ-રાણીના શયનખંડ તરફ આવતા હતા...અને દ્વાર પાસે આવતાં જ તેમના કાન પર અંદર થતી વાતો સંભળાઈ. તેઓ તરત કુતુહલને વશ થઇ દ્વાર પાસે જ ઉભા રહી ગયા.

વંકચૂલે કહ્યું : 'શી આજ્ઞા છે ?'

'મારા ચહેરા પરથી તને કંઇ દેખાતું નથી ?'

'મહાદેવી એક ચોરની નજર મનનાં ભાવ ક્યાંથી વાંચી શકે ?'

'ત્યારે મારે જ તને કહેવું પડશે ! સારૂં...તું આ પલંગ પર આવ...'

વંકચૂલ આ શબ્દો સાંભળીને ચમકયો...

કોઈપણ માનવી કે સૌ માટે પણ આ આકર્ષક લલચાવનારૂં હતું...એમાંય પોતે તો એક નવજવાન હતો અને આમંત્રણ આપનારી સર્વ શ્રેષ્ઠ સુંદરી હતી....આમછતાં વંકચૂલ સ્થિર ભાવે ઉભો રહ્યો...એને આચાર્ય ભગવંતે આપેલા ચાર વ્રતનું સ્મરણ થયું...પરાયી નારી પ્રત્યે મનમાં વિકારને ન પોષવો એ વ્રત હૈયે ચડયું.

રાણીએ તેનો હાથ પકડી લીધો અને કહ્યું : 'આવ....હું તારા પર ખરેખર મુગ્ધ બની છું... તું જરાય ભય ન સેવીશ...મારી મનોકામના પૂર્ણ કર...અને તારે જેટલું જોઈએ તેટલું લઈને ચાલ્યો જા....'

વંકચૂલે પોતાનો હાથ છોડાવી લઈ ચાર કદમ પાછળ હઠી કહ્યું : 'મહાદેવી, આપ તો માલવદેશના માતા છો....માલવપતિનાં અતિ પ્રિય છો...હું એક સામાન્ય ચોર છું....આવું કામ મને શોભે નહિ...આપને પણ શોભે નહિ.'

'તેં મને વચન આપ્યું છે....'

'કઈ વાતનું ?'

'મારૂં કામ કરવાનું....'

'ઉચિત હોય તો....'

'આમાં અનુચિત શું છે ? તારામાં યાવન છે... મારામાં પણ...યૌવન છે...પુરૂષ અને પ્રકૃતિનો સંયોગ એ કાંઈ અપકૃત્ય કે અસ્વાભાવિક નથી.'

'દેવી ક્ષમા કરો...મારી પરીક્ષા લેતાં હોતો....'

વચ્ચે જ મદનીકાએ કહ્યું : 'હું ખુરેખર કહું છું....મારી કામપિપાસા પૂરી કરી મને આનંદ આપ...'

'એ અધિકાર કેવળ આપના સ્વામીનો છે !'

'નહિ...યૌવનથી થનગનતા પુરૂષનો છે... માલવપતિને તું જાણે છે ?'

'ના...'

'હું રૂપવતી છું માટે પટરાણી છું....મારા જેવી અનેક રાણીઓ છે...એ રાણીઓ સાથેના ઉપભોગમ એમનું યૌવન અકા કરમાઈ ગયું છે...તારા જેવું તેજસ્વી યૌવન મારી નજરે આજ પહેલીવાર ચડયું છે....મારી પ્રાર્થનાનો અસ્વીકાર કરીને મારા અતૃપ્ત મનને વધારે ન બોલાવીશ.'

'મહાદેવી, મારે મન આપ માતા સમાન છો. ...આવો નિર્બળ વિચાર મનમાંથી કાઢી નાખો... કામ લાલસા એક એવી આગ છે જે કદી બુઝાતી નથી....અને કેવળ થોડી પળોના આનંદ ખાતર આપ આપનું ગૌરવ નષ્ટ ન કરો....'

'જુવાન, તને ખબર છે હું માલવની મહારાણી છું...'

'અને મારા માતા છો.'

'હું તારો ઉપદેશ સાંભળવા નથી માગતી.... મારી મનોકામના પુરી કરે છે કે નહિ એજ જાણવા માંગું છું.' રાણીએ કંઈ તેજભર્યા સ્વરે કહ્યું.

'મહાદેવી, હું એક ક્ષત્રિય છું...ગમે તેટલો અધમ હોવા છતાં મારા વ્રતને જીવ માફક જ જાળવવામાં માનું છું...આપ કૃપા કરીને મનની મલિનતા દૂર કરો...મને વિદાય આપો....મારે કશું નથી જોઈતું.'

'આ ઈન્કારના પરિણામની કલ્પના કરી શકે છે ?'

'મહાદેવી, મોતથી મોટી સજા કોઈ નથી... અને માનવીને એકજવાર મરવાનું હોય છે... કોઇપણ પરિણામનો ભય સેવીને હું મારા મોતને બગાડવા નથી માગતો.' વંકચૂલે પણ તેજભર્યા સ્વરે કહ્યું.

બંનેના સ્વરમાં હવે કોઈ પ્રકારની હળવાશ નહોતી રહી. બંનેને એ ખ્યાલ પણ નહોતો રહ્યો કે, આ રાજભવન છે...બાજુમાં જ મહારાજા સૂતા છે!

રાણીએ ફરીવાર વંકચૂલનો હાથ પકડીને કહ્યું 'અકારણ મોતને ભેટવા કરતાં માણી લે...'

રોષ પૂર્વક રાણીને ધક્કો મારી વંકચૂલ બોલ્યો: 'મા, મને ક્ષમા કરો...હું કોઈ પણ સંયોગોમાં આપની ઇચ્છા પુરી કરી શકીશ નહિ.'

'પરિણામ ઘણું ભયંકર આવશે.'

'એની જરાય પરવા નથી. પરિણામ સહન કરવા ખાતર હું છટકવાનો પણ પ્રયત્ન નહિ કરૂં.' વંકચૂલે ગર્વ ભર્યા સ્વરે કહ્યું.

રાણીએ કહ્યું : આ તારો છેલ્લો જવાબ છે?'
'હા માતા, ક્ષત્રિયના બે જવાબ હોતા નથી.'
તરત રાણીએ બુમ મારી : 'દોડો દોડો...કોઈ ચોર આવ્યો છે!'
આમ કરીને તે મુખ્ય દ્વારની સાંકળ ઉઘાડવા ગઈ.
રાજા તરત પોતાના ખંડ તરફ ચાલ્યો ગયો.
દ્વાર ખોલીને રાણીએ બુમ મારી: 'દોડો... દોડો...ચોર!'

વંકચૂલ સ્વસ્થભાવે એમને એમ ઉભો રહ્યો. તેના મનમાં થયું : સુંદર નારીના હૈયામાં કેટલી કુરૂપતા ભરી છે! કેવળ કામતૃપ્તિ ખાતર પોતાના પાતિવ્રત્યનો જુગાર ખેલનારી આ નારી કેટલી નીચ બની શકે છે!

રાણીની બુમ સાંભળીને રાજા તરત પોતાના ખંડના દ્વાર પાસેથી પાછો વળ્યો...નીચેના દાદર પાસે ઉભેલા બે પ્રહરીઓ પણ દોડતા દાદર ચડવા માંડ્યા....

રાજાએ શયનખંડના દ્વાર પાસે આવીને કહ્યું: 'કેમ પ્રિયે, શું થયું છે?'

'ઓહ, સ્વામી...મારા શયનખંડમાં એક ચોર ઉભો છે...તેણે મારી આબરૂ લેવાનો...'
વચ્ચેજ રાજાએ કહ્યું : 'ક્યાં છે?'
રાણી તો ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. પણ વંકચૂલ સામે ચાલીને બોલ્યો. 'આ રહ્યો હું.'

રાણીને એક તરફ મૂકીને મહારાજા ખંડમાં આવ્યા અને વંકચૂલના તેજસ્વી વદન સામે જોઇને બોલ્યા : 'તું કોણ છે?'
'હું ચોર છું....'
'મારા અંતઃપુરમાં કેવી રીતે દાખલ થયો?'
'તમારા પ્રહરીઓની આંખ આંજીને...'
'તેં શું ચોર્યું છે?'

'હજી સુધી કંઈ ચોર્યું નથી. હું ચોરી કરૂં પહેલાંજ રાણી જાગી ગયાં....'
તરત મદનિકાએ રોષ ભર્યા સ્વરે કહ્યું : 'પછી તેં મને પકડવાનો પ્રયત્ન ન કર્યો? મારા પાતિવ્રત્યને ખંડિત કરવાની દુષ્ટ ઈચ્છા વ્યક્ત ન કરી?'

'મહારાણી, હું આપની વાતનો ઈન્કાર ક્યાં કરૂં છું?' વંકચૂલે કહ્યું.

બંને સશસ્ત્ર પ્રહરીઓ દ્વાર પાસે ઉભા રહી ગયા હતા...બીજી આઠ દસ દાસીઓ પણ આવી ગઈ હતી. મહારાજાએ સઘળી વાત સાંભળી હતી .. છતાં તેઓએ પ્રશ્ન કર્યો : 'શું તેં મારી પ્રિય રાણી પર બદનજર કરી હતી?'

નિર્ભયતાપૂર્વક વંકચૂલે કહ્યું : 'મહાકૃપાવતાર, જે રૂપ યૌવન જોઇને મુનિ પણ ચલાયમાન થઈ જાય...ત્યાં મારા જેવો ચોર સાહસ કરી બેસે એ કંઇ આશ્ચર્ય નથી!'

રાણીએ સ્વામીનો હાથ પકડીને કહ્યું: 'સાંભળો છો ને? કેટલો દુષ્ટ અને ભયંકર છે?'

'મહાદેવી, આપ સ્વસ્થ થાઓ...' કહી મહારાજાએ વંકચૂલ સામે જોઇને કહ્યું : 'સિંહની બોડમાં જનારની કઈ દશા થાય છે એ તું જાણે છે?'
'હા...મોત!'
'મારી પ્રિયતમાએ કરેલા આક્ષેપ અંગે તારે કંઇ કહેવું છે?'
'ના...'
'આ દુષ્ટને પકડી લો....' રાજાએ પ્રહરીઓ સામે જોઇને કહ્યું.

તરત બંને પ્રહરીઓ ખંડમાં આવ્યા અને વંકચૂલ કોઇ પ્રકારનો વિરોધ દર્શાવ્યા વગર સ્વેચ્છાએ પકડાઈ ગયો.

મહારાજાએ પ્રહરીઓ સામે જોઇને કહ્યું : 'એને રાજભવનના કારાગારમાં લઈ જાઓ...'

'જી...' કહીને પ્રહરીઓ વંકચૂલને લઇને ખંડ બહાર નીકળી ગયા.

રાજા પણ પાછળ જવા અગ્રસર થયો.

મદનિકાએ સ્વામીનો હાથ પકડી લેતાં કહ્યું : 'કૃપાવતાર, ભયથી મારી છાતી થડકી રહી છે.'
'પ્રિયે, હવે ભયનું કાંઈ કારણ નથી...તું ખૂબજ

પરેશાન થયેલી લાગે છે...હવે આરામ કર...આવતી કાલે એ દુષ્ટનો હું પોતે જ ન્યાય કરીશ.' આટલું કહીને માલવપતિ ખંડ બહાર નીકળી ગયા.

તેઓ પોતાના ખંડમાં ન જતાં પ્રહરીઓની પાછળ જ ચાલતા થયા.

તેમના મનમાં થતું હતું કે જે પુરૂષ મારી સુંદર પત્નીની ઈચ્છાને તાબે થતો નથી...જે વાત મેં કાનો કાન સાંભળી છે...તે પુરૂષે આ રીતે ગુનાનો એકરાર શા માટે કર્યો હશે?

આ પ્રશ્નની સાથે જ રાજાના મનમાં જવાબ મળી ગયો... 'ઓહ, આ કોઈ સામાન્ય ચોર નથી. પણ મહાપુરૂષ છે...મહારાણીની અને મારી પ્રતિષ્ઠા ખંડિત ન થાય એટલા ખાતર જ તેણે સ્વેચ્છાએ ખોટી વાતો માથાપર ચડાવી દીધી છે!'

સમગ્ર રાજભવન જાગૃત થઈ ગયું હતું.... ચાર છ રાણીઓ મહાદેવીના શયનખંડમાં આવીને શું બન્યું? તે જાણવા પ્રશ્નો કરી રહી હતી.

અને રાજા વીરસેન વંકચૂલને લઈ જતા પ્રહરીઓ પાસે પહોંચી ગયો. બીજા ચાર પાંચ રક્ષકો આવી ગયા હતા.

મહારાજાએ કહ્યું : 'હું તમારી સાથે જ આવું છું...જરા ઉતાવળ કરો...'

પ્રહરીઓ ઉતાવળી ગતિએ ચાલવા માંડ્યા. ત્યાં મહાપ્રતિહાર દોડતો આવી પહોંચ્યો અને તલવાર મ્યાનમુક્ત કરીને બોલ્યો : 'મહારાજ, આ દુષ્ટનું મસ્તક ધડથી જુદું કરી નાખું છું.'

'સબુર! આ દુષ્ટને હું જ શિક્ષા કરવા માંગું છું.'

મહાપ્રતિહારની તલવાર એમને એમ રહી ગઈ.

વંકચૂલને લઈને મહારાજા રાજભવનના કારાગારમાં ગયા.

⊙

---

# ઉપયોગી દૂહાઓ

## સંગ્રા. પૂ. પં. મ. શ્રી પ્રવિણવિજયજી ગણિવર

ઉંડે કુપે તે પડે, જે કરતો વ્રત ભંગ;
ભવોભવ દુઃખીયો તે ભમે, દુર્લહો સદ્‌ગુરૂ સંગ.

માલા તો ભલી કાષ્ટકી, બીચમેં પોયા સૂત;
માલા બિચારી ક્યા કરે, જપને વાલે કપુત.

ગ્રન્થ પન્થ સબ જગત કે, બાત બતાવત દોય;
સુખ દીને સુખ હોત હૈ, દુઃખ દીને દુઃખ હોય.

સાધુ વો જો સાધે કાયા, કોડી એક ન રાખે માયા;
લેવે એક ન દેવે દોય, સોય નામ સાધુકા હોય.

સાકર તજે ન સરસતા, સોમલ તજે ન ઝેર;
સજ્જન તજે ન સજ્જનતા, દુર્જન તજે ન વેર.

પરમેશ્વર સે પ્રીત, ઓર પરનારી સે હસના;
તુલસી દોનું ના બને, આટો ખાના ઓર ભસના.

એક રૂપૈયો પડે, નાણાવટું ન થાય;
મળે સુંઠનો ગાંગડો, ગાંધી નહિ થવાય.

આ જગતમાં અભિમાન તો, કદી ન કરશો કોય:
શેર તણે માથે કહાં, સવાશેર પણ હોય.

કૃતઘ્નીને જે ગુણ કર્યો, વસ્તુનો વણસાડ;
ગધે ખાધું ખેત તે, નહિ પુન્ય નહિ પાપ.

યોગ્ય ખરચ કરવું ભલું, ભલું અધિક નહિ ભાઈ;
લેખન કરી લખવું ભલું, નહિ રેડી રૂશનાઈ.

કરી જાણે ઉપયોગ તો, નિરૂપયોગી ન જણાય;
વાંકાના પૈડા બને, સીધે થાંભલા થાય.

જો ઉપયોગ ન આવડે, અપાર ઉપજે શોક;
આંજે અંજન આંખનું, મુખ ઉપર મૂરખ લોક.

સદૈવ જે સાથે રહે, તેમાં ખટપટ થાય;
દાંત તળે એક દિન, જરૂર જીભ દબાય.

તમા ન તજીએ તેહની, જેની ગરજ સદાય;
જળ સાથે રીસાઈને, કહો મગર ક્યાં જાય.

જેની ગરજ સદા પડે, તેને કેમ તજાય;
બાળે છે ઘર આગ પણ, ઘરમાં એ જ રખાય.

# પ્રશ્નોત્તર કર્ણિકા

શ્રી ધર્મરત્ન

પ્ર૦ ૯૪ : ગુરુવન્દનથી શું લાભ થાય ?

ઉ૦ : ગુરુવન્દનથી નીચે પ્રમાણેના લાભો થાય છે.

૧ વિનય ગુણનું આરાધન, વિનય એ અભ્યન્તર તપ હોવાથી તપનું આરાધન,
૨ અહંવૃત્તિનો-અભિમાનનો ક્ષય,
૩ પૂજ્યની પૂજા, (ગુરુ મ. પૂજ્ય છે.)
૪ તીર્થંકરની આજ્ઞાનું પાલન,
૫ શ્રુતધર્મની આરાધના,
૬ શુભ દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ અને અશુભ આયુષ્યનો અબંધ તથા બન્ધાઇ ગયું હોય તો-કૃષ્ણ મહારાજાની જેમ ઉત્કૃષ્ટ ભાવના આવી જાય તો તેનો ઘટાડો,
૭ નીચ ગોત્રનો ક્ષય,
૮ ઉચ્ચ ગોત્રની પ્રાપ્તિ,
૯ સૌભાગ્યની પ્રાપ્તિ,
૧૦ અપ્રતિહત આજ્ઞૈશ્વરત્વ,
૧૧ જનપ્રિયત્વની પ્રાપ્તિ
૧૨ અશુભ પ્રકૃતિઓ નિબિડ બંધાઇ હોય તો શિથિલબંધવાળી થાય, તે લાંબી સ્થિતિવાળી બંધાઇ હોય તો ટૂંકી સ્થિતિવાળી થાય, તે તીવ્ર રસવાળી હોય તો મન્દ રસવાળી થાય, બહુ પ્રદેશવાળી હોય તો અલ્પ પ્રદેશવાળી થાય અને અનાદિ-અનંત સંસાર અટવીનું ભ્રમણ અટકી જાય,
૧૩ એજ રીતે શુભ પ્રકૃત્તિઓ શિથિલ બંધવાળી હોય તો નિબિડ બંધવાળી બને, ટૂંકી સ્થિતિવાળી હોય તો લાંબી સ્થિતિવાળી બને, મન્દ રસવાળી હોય તો તીવ્ર રસવાળી અને અને અલ્પ પ્રદેશવાળી તો હોય બહુ પ્રદેશવાળી બને,
૧૪ અને સર્વોત્કૃષ્ટભાવ આવી જાય તો કેવલજ્ઞાન પણ પ્રાપ્ત થાય.

પ્ર૦ ૯૫ : નમુત્થુણં-માં લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં અને લોગપજ્જોઅગરાણં-આ પાંચ પદોમાં જે લોગ શબ્દ છે તેનો અર્થ એક સરખો છે કે જુદો જુદો છે ?

ઉ૦ : નમુત્થુણંના લોગુત્તમાણં આદિ પાંચ પદોમાં રહેલ લોગ શબ્દનો અર્થ જુદો જુદો છે અને તે ક્રમશઃ નીચે પ્રમાણે છે.

૧ લોગુત્તમાણં-માં રહેલ લોગ શબ્દનો અર્થ સકલ ભવ્ય લોક સમજવાનો છે.
૨ લોગનાહાણં-માં રહેલ લોગ શબ્દનો અર્થ ચરમાવર્તમાં રહેલ ભવ્ય લોક સમજવાનો છે.
૩ લોગહિઆણં-માં રહેલ લોગ શબ્દનો અર્થ સંસારવર્તિ-સકલ જીવ લોક-અર્થાત્ અવ્યવહાર રાશિગત અને વ્યવહાર-રાશિગત ભવ્ય-અભવ્ય અને જાતિભવ્યરૂપ સકલ જીવરાશિ અથવા પંચાસ્તિકાયસ્વરૂપ સઘળો ય લોક સમજવાનો છે. અહીં લોક શબ્દથી પાંચે અસ્તિકાય લીધેલા હોવાથી અલોક પણ સમજી લેવો.
૪ લોગપઈવાણં-માં રહેલ લોગ શબ્દનો અર્થ, અર્ધપુદ્ગલ-પરાવર્તની અંદરના સંસારવાળા વિશિષ્ટ કોટિના સંજ્ઞી ભવ્ય જીવો સમજવાના છે.
૫ લોગપજ્જોઅગરાણં-માં રહેલ લોગ શબ્દનો અર્થ, ગણધરપદને યોગ્ય વિશિષ્ટમતિ-બુદ્ધિવાળા ભવ્ય જીવો સમજવાના છે.

પ્ર૦ ૯૬ : લોગુત્તમાણં આદિ પાંચે પદોમાં લોગ શબ્દ સમાન હોવા છતાં અર્થ ભેદ કરવાની શી જરૂર છે ?

ઉ૦ : એ પાંચે પદોમાં રહેલ લોક શબ્દનો અર્થભેદ સહેતુક છે અને તે ક્રમશઃ આ પ્રમાણે છે.

૧ પ્રથમ લોક શબ્દથી જો સર્વ જીવો લઇએ તો સર્વ જીવોની અંદર તો અભવ્ય જીવો પણ આવી જાય અને અભવ્યજીવોથી તો ભવ્ય જીવો પણ ઉત્તમ છે, તેથી તીર્થંકરના આત્મામાં કોઈ વિશિષ્ટ પ્રકારનું

ઉત્તમત્વ સિદ્ધ ન થાય અને તીર્થંકરના આત્માઓમાં વિશિષ્ટ પ્રકારનું ઉત્તમત્વ તો છે જ, માટે સર્વ ભવ્ય જીવોમાં ઉત્તમ છે એમ કહીએ તો જ તે ઉત્તમત્વ સિદ્ધ થાય. આ કારણે અહીં લોગુત્તમાણું પદમાં રહેલ લોક શબ્દનો અર્થ સર્વ જીવ નહિ કરતાં સર્વ ભવ્ય જીવ કર્યો છે.

૨ નાથ શબ્દનો અર્થ યોગ અને ક્ષેમ કરનારા એવો થાય છે. યોગ કરનારા એટલે નહિ મળેલા ગુણોને મેળવી આપનારા અને ક્ષેમ કરનારા એટલે મળેલા ગુણોનું રક્ષણ કરનારા. ચરમાવર્ત્તિ જીવોમાં જ મોક્ષની પ્રાપ્તિમાં સહાયક ગુણોને મેળવવાની યોગ્યતા હોય છે. એ સિવાયના જીવોમાં આ યોગ્યતા હોતી નથી. જે જીવોને તીર્થંકરદેવો ગુણો મેળવી આપે છે તે જીવોના જ નાથ તરીકે તીર્થંકર દેવો બની શકે છે, પણ તે સિવાયના જીવોના નાથ તીર્થંકર દેવો બની શકતા નથી. ચરમાવર્ત્તિભવ્ય જીવોને તીર્થંકર દેવો મોક્ષાનુકૂલ ગુણો મેળવી આપે છે તેથી તીર્થંકર દેવો તેમના જ નાથ કહેવાય, માટે અહીં લોગનાહાણું પદમાં રહેલ લોક શબ્દનો અર્થ ચરમાવર્ત્તિ ભવ્ય જીવો કર્યો છે. ચરમાવર્ત્તિ એટલે એક પુદ્‌ગલપરાવર્ત્તની અંદર મોક્ષે જનારા જીવો.

૩ લોગહિઆણું-માં લોક શબ્દનો અર્થ સકલજીવો કે પંચાસ્તિકાય કર્યો છે, તેનું કારણ એ છે કે ભગવાન તે સકલ જીવોને કે પંચાસ્તિકાયને યથાસ્વરૂપે જુએ છે, જે રીતે જુએ છે તે રીતે પ્રતિપાદન કરે છે અને તેઓને ભાવિમાં બાધા-પીડા ન થાય તે રીતે પ્રવૃત્તિ કરે છે. અહીં હિત માટે ત્રણ વાત બતાવી. ૧ વસ્તુનો યથાર્થ બોધ, ૨ બોધને અનુરૂપ પ્રતિપાદન અને ૩ ભવિષ્યમાં બાધા-પીડાનું કારણ ન બને તે રીતે પ્રવૃત્તિ. આજ સાચું હિત છે. તેથી તીર્થંકરદેવો સકલજીવોના કે પંચાસ્તિકાયના હિત કરનારા છે એમ કહ્યું છે.

૪ લોગપઈવાણું-માં લોક શબ્દનો અર્થ અર્ધપુદ્‌ગલ પરાવર્ત્તની અંદરના સંસારવાળા ભવ્ય જીવો લેવાનુ કારણ એ છે કે ભગવાનની દેશનારૂપ કિરણો વડે આવા જીવોનો જ મિથ્યાત્વરૂપ અંધકાર નાશ પામી શકે છે.

૫ લોગપજ્જોઅગરાણું-માં લોક શબ્દનો અર્થ ગણધરપદને યોગ્ય ભવ્ય જીવો લેવાનું કારણ એ છે કે-અહીં ભગવાનને પ્રદ્યોતકર-અર્થાત્ પ્રદ્યોત કરવાના સ્વભાવવાળા કહેલા છે તેમાં પ્રદ્યોત એ સામાન્ય પ્રકાશરૂપ નથી લેવો, કારણ કે તે તો લોકપ્રદીપ કહેવાથી પણ આવી જાય છે. એટલે અહીં ઉત્કૃષ્ટ પ્રકાશ લેવો છે. અર્થાત્ સમસ્ત અભિલાપ્ય વસ્તુનો યથાર્થ બોધરૂપ પ્રકાશ અહીં લેવાનો છે. ગણધર ભગવંતોને શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ અને ઔત્પાતિકી આદિ બુદ્ધિના પ્રતાપે ભગવાનના મુખથી નીકળેલા માત્ર ત્રણ પદોમાંથી છ દ્રવ્યો અને તેના સર્વ અભિલાપ્ય પર્યાયો સહિત જીવાદિ તત્ત્વોનો વિશિષ્ટ કોટનો નિર્મલ જ્ઞાનરૂપ પ્રકાશ થાય છે. જેના પ્રતાપે એ મહાપુરુષો ત્રિપદીમાંથી ત્યાં ને ત્યાં જ તરત ચૌદપૂર્વો સહિત દ્વાદશાંગીરૂપ સકલ શ્રુતની રચના કરે છે. માટે એ ઉત્કૃષ્ટ મતિવાળા ગણધરરૂપી ભવ્ય જીવોને જ ભગવાન પ્રદ્યોત કરવાના સ્વભાવવાળા છે એમ કહ્યું છે.

માત્ર ત્રણ જ પદમાં સમસ્ત અભિલાપ્ય વસ્તુઓનો બોધ થાય એવા ત્રણ પદો ભગવાન તીર્થંકર નામકર્મના વિપાકોદયના પ્રભાવે કહે છે. એજ રીતે એ ત્રણ પદમાંથી સમસ્ત અભિલાપ્ય વસ્તુનો બોધ ભગવાનના મુખ્ય શિષ્યોને થાય છે તેમાં તેઓનું ગણધરપણાનું પ્રકૃષ્ટ પુણ્ય કારણ છે. આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે-તીર્થંકર ભગવાન સિવાય અન્ય કોઇ વ્યક્તિ એ ત્રિપદીનું ઉચ્ચારણ કરે તો ગણધરોને પણ એવો પ્રકાશ ન થાય. એજ રીતે તીર્થંકર ભગવંતો પણ ગણધર સિવાય અન્ય કોઈ વ્યક્તિને એ ત્રિપદી સંભળાવે તો તેથી તે વ્યક્તિને તેવો પ્રકાશ ન થાય.




**પૂર્વ પરિચય** : અયોધ્યાપતિ નઘુષરાજાની ગેરહાજરીમાં રાજ્યના સંરક્ષણ માટે પટ્ટરાણી મહાસતી સિંહિકા દક્ષિણાપથના રાજાઓનાં આક્રમણને શૌર્યપૂર્વક ખાળે છે, ને વિજય પ્રાપ્ત કરે છે. આ બાજુ ઉત્તરાપથના રાજાઓ પર વિજય પ્રાપ્ત કરી મહારાજા નઘુષ અયોધ્યામાં મહોત્સવપૂર્વક પ્રવેશ કરે છે મહારાણી સિંહિકાના પરાક્રમની તેમને જાણ થાય છે. સિંહિકાના કોઇ પૂર્વના અશુભોદયે મહારાજાનાં હૈયામાં મહારાણી પ્રત્યે દુર્ભાવ પ્રગટેછે. તેમના સતીત્વ પ્રત્યે, શીલ પ્રત્યે આશંકા જન્મે છે. મહારાણી બધું સમતાભાવે સહન કરે છે. મહાચિંતામાં વ્યગ્ર મહારાજાને શરીરે દાહજ્વરની વિષમ વેદના વધુ જોર પકડે છે. મહારાણી સિંહિકાને એ સમાચાર મળે છે.

**હવે વાંચો આગળ;**

## ૭ : સતીત્વની પ્રતીતિ

'તેને મારી સામે ન લાવશો...મારે એનું મુખ નથી જોવું...'

'એક વાર આવવાની રજા આપો મહારાજા,'

'પણ, મારે એનું કામ નથી...'

'એમની તીવ્ર ઈચ્છા છે...એકવાર...'

મહામંત્રીએ નઘુષની પાસે સિંહિકાને આવવા દેવા માટે પ્રાર્થના કરી. નઘુષ દાહની ભયંકર પીડામાં રીબાઇ રહ્યો હતો. તેના હૃદયમાં સિંહિકા પ્રત્યે તીવ્ર રોષ ઉછળી રહ્યો હતો. તેણે સિંહિકાને પોતાની પાસે આવવા દેવાની ના પાડી દીધી... પરંતુ મહામંત્રીએ વિશેષ આગ્રહ કર્યો ત્યારે તેણે કહ્યું :

'તમારે એને લાવવી હોય તો લાવો. હું મારી આંખો બંધ કરીને પડ્યો રહીશ...નઘુષ પોતાની આંખો બંધ કરી, ભીંત સામે પડખું ફેરવી પડ્યો રહ્યો.

મહામંત્રીએ નયનાને ઈશારો કરી દીધો. નયના તુરત જ બહાર ગઈ અને સિંહિકાને લઈ આવી ગઇ. મહામંત્રીની જમણી આંખ સ્ફૂરાયમાન થવા લાગી. વૈદ્યોના નિરાશ બની ગયેલા હૃદયમાં જાણે આશાનો સંચાર થવા લાગ્યો.

સિંહિકા આવીને નઘુષના મસ્તકના ભાગ આગળ ઉભી રહી ગઈ.

'નયના એક પાત્રમાં પાણી લાવ.'

નયનાએ તુરત જ સુવર્ણના પાત્રમાં પાણી હાજર કર્યું. સિંહિકાએ આંખો બંધ કરી. હાથ જોડી તેણે પ્રાર્થના શરૂ કરી.

'હું અરિહંત પરમાત્માની સાક્ષીએ, સિદ્ધ ભગવંતોની સાક્ષીએ, સાધુપુરૂષોની સાક્ષીએ, સ્વર્ગલોકના દેવોની સાક્ષીએ અને મારા આત્માની સાક્ષીએ કહું છું કે મારૂં શીલ અખંડિત છે. મારા નાથ સિવાય કોઈ પણ પુરૂષને મારા હૈયામ સ્થાન મળ્યું નથી....રાગદૃષ્ટિથી જોયું નથી....જો મારૂં સતીત્વ અખંડિત હોય તો મારા નાથનો જ્વર દૂર થઈ જાઓ....'

સુવર્ણના પાત્રમાંથી સિંહિકાએ નઘુષના દેહ પર જલનો છંટકાવ કર્યો.

સૌ સ્તબ્ધ બનીને ક્ષણમાં નઘુષના સામે તો ક્ષણમાં સિંહિકાની સામે જોઇ રહ્યા. પરિણામ જોવાની આશામાં સૌના જીવ ઉંચા થઈ ગયા.

ક્ષણ...બે ક્ષણ...ચાર ક્ષણ વીતી...નઘુષની આંખો ઘેરાવા લાગી. તેના મુખ પરથી ઉદ્વેગ... અશાંતિ...પીડા દૂર થવા લાગી...મીઠી નિદ્રા આવી ગઇ.

વૈદ્યોએ શરીર તપાસ્યું. દિંગ થઇ ગયા! શરીરમાંથી જ્વર દૂર થઈ ગયો હતો....સૌના મુખ પર હર્ષ છવાઈ ગયો...નયના તો નાચી ઉઠી. તે બહાર દોડી ગઈ...બહાર નગરના સેંકડો લોકો મહારાજાની ગંભીર બિમારીથી ગમગીન બનીને

ઉભા હતા. નયનાએ સૌને શુભ સમાચાર આપ્યા. ત્યાં તો મહામંત્રી પણ બહાર આવ્યા :

'ભાઇઓ ! મહારાજા જ્વરમુક્ત બન્યા છે. આનંદ પામો...મહાસતી સિંહિકાના સતીત્વે મહારાજાને જ્વરમુક્ત કર્યા છે...'

'મહારાજા નઘુષનો જય હો ! મહાસતી સિંહિકાદેવીનો જય હો !' નગરજનોએ હર્ષોત્સવ મનાવ્યો.

મહામંત્રી અને સારોય રાજપરિવાર સિંહિકાના ચરણોમાં પડી ગયો.

'ખરેખર દેવી. આપે અયોધ્યાના રાજ્યકુળની કીર્તિપર કળશ ચઢાવી દીધો ! ક્ષમા કરજો. અમારા ચિત્તમાં પણ આપના માટે...'

'તમારો કોઇનો ય એમાં દોષ નથી...મારા અશુભ કર્મોના ઉદયે જ આ પરિસ્થિતિ સર્જી હતી....પરમેષ્ઠિ ભગવંતોની કૃપાથી સહુ સારૂં બની આવ્યું છે...'

'નયના, ચાલો આપણે આપણા સ્થાને.' સિંહિકા પોતાના મહેલમાં જવા તૈયાર થઈ.

'મહાસતી; હવે આપ અહીં જ રહો...ત્યાં શા માટે...' મહામંત્રી બોલ્યા.

'મહારાજાની આજ્ઞા થશે તો મને અહીં આવતાં થોડી જ વાર લાગવાની છે? હાલ તો પૂજનનો સમય થઈ ગયો છે...'

નયનાને લઈ સિંહિકા ચાલી ગઈ.

પુરા ચાર પ્રહર વીતી ગયા. નઘુષ નિદ્રામાંથી જાગ્રત થયો. આજુબાજુ તેણે દૃષ્ટિ કરી. મંત્રીવર્ગ અને પરિચારકોને જોયા. સૌના મુખ પર આનંદ તરવરી રહ્યો હતો. મહામંત્રી નઘુષની પાસે આવ્યા.

'કોઇ પીડાનો અનુભવ થાય છે કૃપાનાથ?'

'ના. બિલકુલ સ્વસ્થતા છે.' નઘુષ મહામંત્રીની સામે જોઇ રહ્યો...અને ગંભીર વિચારમાં પડી ગયો. મહામંત્રીએ ઈશારો કર્યો અને સહુ ખંડ છોડીને ચાલ્યા ગયા.

'મહાદેવીને હવે બોલાવી લેવા જોઈએ.' મહામંત્રીએ પ્રસ્તાવ મૂક્યો.

'સાચી વાત છે...મારા હાથે મોટો અપરાધ થઈ ગયો છે....' નઘુષને પોતાની ભૂલ સમજાણી.

'પરંતુ મહાદેવીના હૃદયમાં આપના પ્રત્યે પૂર્ણ બહુમાન છે...ખરેખર મહાદેવીના સતીત્વનો ગજબ પ્રભાવ છે?'

'મને તો લાગે છે કે એના સતીત્વના પ્રભાવથી જ દક્ષિણાપથના રાજાઓ ભાગી ગયા....' નઘુષની દૃષ્ટિ ખૂલી.

'જો મહાદેવી એ વખતે મહેલમાં બેસી રહ્યાં હોત તો આજે અયોધ્યા પર જરૂર દક્ષિણાપથના રાજાઓનું રાજ્ય હોત....' મહામંત્રીએ આજ સિંહિકાની રાજા સમક્ષ પ્રશંસા કરી !

'ગજબ સાહસ કર્યું...' નઘુષે સિંહિકાના પરાક્રમને બિરદાવ્યું.

'જેની પાસે સતીત્વની અનંત શક્તિ હોય તેના સાહસનું પૂછવું જ શું !'

'પ્રજાએ પણ કેવો અદ્ભુત સાથ આપ્યો. !'

'મહાદેવીના એક આદેશપર પચીસ હજાર નવયુવાનો તૈયાર થઇ ગયા, તેમાં મહાદેવીનું સતીત્વનું જ તેજ ચમત્કાર કરી ગયું !

નઘુષ મૌન રહી ગયો...તેના મુખ પર ગ્લાની થઈ આવી.

'મહામંત્રી, ખરે જ મારા હાથે મોટો ગુનો થઈ ગયો છે. નિરપરાધી અને મહાસતી પર મેં કલંક મૂક્યું...મેં ઘોર પાપ ઉપાર્જ્યું છે....

'રાજન્, એ પાપનો તો ઉદય પણ આવી ગયો અને ખપી ગયું...માટે હવે ચિંતા ન કરો. હવે તો મહાદેવીને અહીં બોલાવી લેવા....'

મહામંત્રીએ વિનંતિ કરી.

'વિલંબ નહિ થાય....' નઘુષના મુખ પર પ્રસન્નતા પથરાઇ ગઈ. તે મહામંત્રીના સામું જોઈ હસી પડચો. મહામંત્રીનું હૃદય પણ આનંદિત બની ગયું. ત્યાં તો પરિચારિકા આવી. મહારાજાને સ્નાનવિધિ માટે પ્રાર્થના કરી ગઇ. મહામંત્રી વિદાય થયા અને નઘુષ સ્નાનાગારમાં પ્રવેશ્યો.

અયોધ્યાના નરનારીઓની લાખો જબાનો પર સિંહિકાના સતીત્વની ગુણ-ગાથા ગવાવા લાગી. થોડાક સમય પહેલાં તો સિંહિકાના અપૂર્વ પરા-

ક્રમને જોવાનો અને અભિનંદવાનો અણુમોલ અવસર મળી ગયો હતો. હજુ એ અવસર ભૂલાયો ન હતો. ત્યાં તો સિંહિકાના સતીત્વનો ચમત્કાર જોવા મળી ગયો, તેથી અયોધ્યાના નરનારીઓના હૃદયમાં હર્ષ-સાગરે પૂર્ણિમાના પયોદધિની સ્પર્ધા કરવા માંડી. માત્ર અયોધ્યામાં જ નહિ...અનેક ગામ-નગરોમાં સિંહિકાનું નામ મહાન ગૌરવ સાથે લેવાવા લાગ્યું.

સિંહિકાના ચિત્તમાં પણ પ્રસન્નતા પથરાણી. જો કે એના ચિત્તમાં બીજી કોઈ વાતની વ્યગ્રતા ન હતી. શાની હોય? જે આત્મા પરમાત્માની સાક્ષીએ-આત્મ સાક્ષીએ વિશુદ્ધ હોય, તેને વ્યગ્રતા શાની? કર્મોના વિવિધ ઉદયોમાં આંતરવિશુદ્ધ આત્મા સદૈવ પ્રસન્ન રહે છે. હા, સિંહિકાને એક વાત જરૂર સાલતી હતી. નઘુષના હૃદયની અશાંતિ-સંતાપ. પોતાના નિમિત્તે પોતાના પતિને સંતાપ થયો હતો તેને નિવારવાના પ્રસંગની તે રાહ જોઈ રહી હતી અને પ્રસંગ મળી ગયો. નઘુષના હૃદયમાંથી શોક-સંતાપ દૂર થઈ ગયો...એટલું જ નહિ પરંતુ હર્ષ-આનંદ સ્થાપિત પણ થઇ ગયો. સિંહિકાને હવે કોઈ વાતે દુઃખ ન રહ્યું. તે પરમાત્મ ભક્તિમાં લીન બની ગઈ.

'દેવી, મહારાજા અહીં પધાર્યાં છે...' નયના દોડતી આવી. સિંહિકાને સમાચાર આપ્યા.

'હાલ આવી...' સિંહિકાએ પૂજનવિધિ પૂર્ણ કરી લીધી અને પોતાના મહેલમાં પહોંચી.

નઘુષ દિવાનખાનામાં આવી ગયો હતો. સિંહિકાએ પ્રવેશ કર્યો. નઘુષને બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કર્યા.

'આપની તબિયત હજુ સારી નથી...ને આપે અહીં આવવાનો શ્રમ લીધો....હું જ ત્યાં આવી જાત...' સિંહિકાએ માંદગીમાં લ્હેવાઇ ગયેલા નઘુષના દેહ સામે જોઇ કહ્યું.

'હવે મારી તબિયત બિલકુલ સારી છે....મને જરા ય શ્રમ લાગ્યો નથી...' નઘુષે સિંહિકાને બેસવાનો ઇશારો કરતાં કહ્યું. સિંહિકા ઉચિત આસને બેસી ગઈ.

'રોગ ચાલ્યો ગયો....પરંતુ અશક્તિ...નબળાઇ તો હજુ વર્તાય છે...નાથ!'

'શરીર નબળુ હશે...મન હવે તંદુરસ્ત બની ગયું છે!'

'દેવ-ગુરુની કૃપાથી.'

'તમારા માટે દેવગુરુની કૃપા મારા માટે તો સિંહિકાની કૃપા....'

'ના....નાથ, જરા ય નહિ...હું તો આપના ચરણની રજ છું...આપ એવું ન બોલશો...' સિંહિકાના મુખ પર ગંભીરતા વ્યાપી ગઇ.

'ખરેખર, તમારા સહવાસમાં વર્ષો વીતવા છતાં તમારા સતીત્વને હું પરખી ન શક્યો...મેં તમારા પ્રત્યે અન્યાય કર્યો...'

'આપે જરા ય અન્યાય કર્યો નથી નાથ, મારા કર્મ રૂઠે ત્યાં આપ પણ શું કરી શકો? પરંતુ જે થયું તે સારા માટે જ થયું!'

'આજે મને સત્ય સમજાયું કે દક્ષિણાપથના દુર્દ્ધર રાજાઓને પણ તમે ભગાડી મૂકયા તે તમારા સતીત્વનો જ અદ્‌ભુત પ્રભાવ હતો...મેં અવળી કલ્પના કરી પાપ બાંધ્યાં...' નઘુષના સ્વરમાં દર્દ ઉભરાયું.

'નાથ, વિષાદ ન કરો. જે બનવા કાળ હોય છે તેને કોણ મિથ્યા કરી શકે છે?'

નઘુષના ચહેરા પર થાક વરતાવા લાગ્યો. સિંહિકાએ આરામ કરવા વિનંતી કરી. નઘુષે ત્યાં જ આરામ લીધો. સિંહિકા પરિચર્યા કરતી ત્યાં જ બેઠી રહી. બે-ત્રણ ઘડી આરામ કરી નઘુષ સિંહિકાને લઇ પોતાના મહેલમાં આવ્યો...સારા ય રાજપરિવારમાં પુનઃ આનંદ-કિલ્લોલ વર્તાઇ ગયો.

સમય અસ્ખલિતગતિથી ચાલ્યો જ જાય છે. કાળક્રમે સિંહિકાએ એક પુત્રનો જન્મ આપ્યો.

જન્મનો મહોત્સવ મંડાયો. અયોધ્યાના રાજ્યનો ભાવિ વારસદાર હજારો નગરજનોના અભિનંદનને પાત્ર બન્યો. નઘુષના હૃદયમાં પણ આનંદ થયો. સિંહિકાએ પુત્રના કાનમાં શ્રી નવકારમંત્રના શાશ્વત અક્ષરો નાંખ્યા. નાંખતી જ રહી.

નઘુષે પુત્રના ભાવિ સંસ્કરણ-શિક્ષણ માટે

સારા સારા કલાગુરૂઓને પસંદ કરીને રોકી લીધા. પરંતુ સૌથી મોટા ગુરૂ તો સિંહિકા જ હતી. જે બાલકની ગુરૂ માતા નહિ, જે બાલકનું ઘડતર કરનાર શિલ્પી નહિ, તે બાલકનું જીવન ઘડાયા વિનાના પથ્થર જેવું બની જાય છે.

માત્ર બાળકનો જન્મ આપવાથી માતાનું કર્તવ્ય પૂર્ણ થતું નથી....માત્ર બાળકના ખાવા-પીવાનું કે પહેરવા-ઓઢવાના ખ્યાલ રાખવાથી કર્તવ્ય અદા થતું નથી.

બાળક અભક્ષ્ય ન ખાઇ લે.

બાળક અપેયનું પાન ન કરી લે.

બાળક તેના કુળને-સમાજને ઉચિત પહેરવેશ પહેરે.

બાળકને ન જોવા જેવાં દૃશ્યો જોવાની આદત ન પડી જાય.

બાળક ન કરવા જેવા મિત્રોની સોબત ન કરી બેસે.

બાળક માતા-પિતાનો પૂજક-વિનીત બન્યો રહે.

બાળકના હૃદયમાં પરમાત્મા પર પ્રેમ વધતો રહે.

બાળકના હૃદયમાં સદ્‌ગુરૂ પ્રત્યે સદ્‌ભાવ બન્યો રહે....

બાળક સ્વાર્થી ન બની જાય....

બાળક ક્રોધી અભિમાની કે માયાવી ન બની જાય.

આવાં આવાં લક્ષોને માતા પોતાની સામે રાખીને પોતાના બાળકનું ઘડતર કરે ત્યારે બાળક પ્રત્યે પોતાનું કર્તવ્ય પૂર્ણ થાય છે! સિંહિકાએ ત્રનું સર્વાંગીણ ઘડતર કરવામાં પોતાનો સમય અને શક્તિ લગાડવાં માંડયાં. જેટલો સમય તે પુત્રની પાછળ વ્યતીત કરતી હતી તેટલો સમય તે કોઈ કામમાં પસાર નહોતી કરતી. નઘુષને પણ સિંહિકાના આ પ્રયત્નથી સંતોષ અને આનંદ થતો હતો.

પુત્રનું નામ 'સોદાસ' પાડવામાં આવ્યું.

સોદાસ દિનપ્રતિદિન મોટા થવા લાગ્યો. તરુણવયમાં આવતાં કલાગુરૂઓએ તેને અનેક પ્રકારની કલાઓ શીખવવા માંડી. સોદાસ યુદ્ધકલામાં અતિ કુશળતા મેળવવા લાગ્યો. તેમાંય મંત્રસિદ્ધ અસ્ત્રોમાં તે ખૂબ પારંગત થવા લાગ્યો.

સોદાસની સર્વકલાઓ પર સિંહિકા આત્મવિદ્યાનું ધ્યાન રાખતી હતી. દિવસનો મોટો ભાગ સોદાસ કુલગુરુઓની પાસે રહેતો. રાત્રે તે માતાની પાસે બેસતો અને સિંહિકા તેને આત્મજ્ઞાન આપતી. મનુષ્ય જીવનમાં કરવાના ધર્મપુરુષાર્થને સમજાવતી. ભગવાન ઋષભદેવથી માંડીને અનેક મહાપુરુષોના ઉત્તમ પવિત્ર અને પરાક્રમી ચરિત્રો સંભળાવતી....સોદાસ ભારે ઉત્કંઠાથી અને રસથી તે સાંભળતો. તેના ચિત્તમાં પણ અનેક પવિત્ર મહાન કાર્યો કરવાના મનોરથ જાગતા. સિંહિકાને તે મનોરથો કહેતો પણ ખરો. સિંહીકા તેની વાતો સાંભળીને આનંદિત બની જતી.

બીજી બાજુ, સોદાસના કલાચાર્યો પાસે પુરોહિતનો પુત્ર આનંદ પણ વિદ્યાભ્યાસ માટે આવતો હતો. આનંદ સ્વભાવે પણ આનંદી હતો. સોદાસની સમાનવયનો હતો. સોદાસ સાથે તેની પ્રીતિ બંધાણી. બંને વચ્ચે પ્રીતિ ગાઢ બનવા લાગી. મોટા ભાગે આનંદ સોદાસની સાથે જ ભોજન કરતો...સાથે જ આરામ કરતો. સાથે જ બંને ફરવા જતા. પરંતુ આનંદનું ઘડતર જુદુ હતું સોદાસનું જુદુ હતું. આનંદને ખાવામાં-પીવામાં-ફરવામાં સોદાસ દ્વારા થતી ચીકાશ ગમતી નહિ. પરંતુ તે સોદાસને અપ્રીતિ ન થાય તે માટે સોદાસને પ્રિય હોય તેમ જ કરતો. સોદાસ ઘણી વાર આનંદને ખાવાપીવામાં ટોકતો પણ ખરો... આનંદને તે ગમતું નહિ, તે સાંભળી લેતો.

એક દિવસ સોદાસ અને આનંદ અશ્વારૂઢ બની ફરવા નીકળ્યા. ફરતા ફરતા તેઓ દૂર નિકળી ગયા.

'સોદાસ, આપણે ઘણા દૂર આવી ગયા છીએ!'

'હા, ઘેર પહોંચતાં મોડું થઈ જશે.'

'મને તો ભૂખ લાગી છે!'

'તો શું મને નથી લાગી?'

'અહીં કંઈ ખાવાનું મળી જાય તો તપાસ

કરીએ...' આનંદ ઘોડા પરથી નીચે ઉતર્યો. એક વૃક્ષની નીચે સોદાસ બંને અશ્વોને સાચવતો ઉભો રહ્યો. અને આનંદ આજુબાજુ તપાસ કરવા નિકળ્યો. પા-અડધા કલાકમાં આનંદ આવી પહોંચ્યો.'

મિત્ર, બધી તૈયારી થઇ ગઇ છે. અહીંથી થોડેક દૂર એક ખેડૂતની ઝુંપડી છે...ત્યાં આપણે જવાનું છે.' બંને અશ્વો પર બેસી પાંચ-દસ મિનિટમાં જ ત્યાં પહોંચી ગયા. ખેડૂતે બંને મિત્રોનું સ્વાગત કર્યું. સોદાસને જોઇ તેને ખૂબ જ આનંદ થયો.

'કુમાર, રસોઈ તૈયાર છે; આપ પધારો...' બંનેના માટે માટીના ભાજનમાં ભોજન પીરસવામાં આવ્યું.

'ભાઇ, આ શાક શાનું છે?' સોદાસે ખેડૂતને પૂછયું.

'કુમાર, આ શાક જમીનકંદનું છે...'

'કંદમૂળ? મારાથી નહિ ખવાય...' અને તેણે ભાજન દૂર મૂકી દીધું. ખેડૂત તો મૌન રહ્યો; કારણ કે આનંદે જ તેને તે બનાવવાનું કહ્યું હતું.

'સોદાસ, અહીં જંગલમાં તો કંદમૂળ સિવાય શું મળે? કયાં રોજ ખાવાનું છે? આ તો જયારે બીજું કંઇ ન મળે તો...'

'પણ કંદમૂળ કેમ જ ખવાય? હું ચલાવી લઇશ...'

'મને તારો આ આગ્રહ પસંદ નથી. તારે ન ખાવું હોય તો હું પણ નહિ ખાઉં.'

'આનંદ; તું મને શા માટે આગ્રહ કરે છે?'

'એ માટે કે તું કોઈ પણ પૌષ્ટિક ભોજન કરતો નથી...જયાં કોઈ શક્તિપોષક ભોજન સામે આવે છે, તું એને 'અભક્ષ્ય' કહીને લેતો નથી... તેથી જો તારૂં શરીર પણ કયાં શક્તિશાળી દેખાય છે?'

'તું જાણે છે કે માતાજીને આ પસંદ નથી?'

'પણ અહીં કયાં માતાજી જોવા આવવાનાં છે? મહેલમાં તને ખાવાનો હું આગ્રહ કયાં કરૂં છું?' આનંદનું દિલ દુભાતું જોઇ સોદાસ વિચારમાં પડી ગયો. તેને આનંદ પર ખૂબ સ્નેહ હતો.

'તું મને વારંવાર આગ્રહ ન કરીશ....તારા સ્નેહના કારણે આજે એક વાર હું ખાઈ લઉં છું...' આનંદ ખુશી થઈ ગયો. સોદાસે કંદમૂળનું ભોજન કર્યું. આનંદે ખૂબ ખવરાવ્યું. સોદાસે જીંદગીમાં કયારેય કંદમૂળનો સ્વાદ ચાખ્યો ન હતો...આજે તેને કંદમૂળના ભોજનમાં સ્વાદ લાગ્યો. પરંતુ તેના હૃદયમાં તો ભારે ગડમથલ મચી મઈ હતી. 'જો માતાજીને ખબર પડી જશે તો?' આ વિચાર તેને અકળાવવા લાગ્યો.

'આનંદ, જો માતાજીને ખબર પડી....'

'તું ચિંતા ન કર. આપણે બે અને ત્રીજો ખેડૂત, ત્રણ સિવાય કોઇને ગંધ સરખી નહિ આવે.' આનંદે ખાતરી આપી.

સંગનો રંગ લાગ્યા વિના રહે? આનંદ માત્ર કંદમૂળ ખાઇને પોતાની સ્વાદવૃત્તિને સંતોષનારો ન હતો. તે તો માંસભક્ષણ પણ કરતો હતો. તેની ઇચ્છા સોદાસને માંસભક્ષણ કરતો કરી દેવાની હતી. રાજપુત્ર જો પોતાનો સાગરીત બની જાય તો પછી મહેફિલો ઉડાવવામાં મજા આવે.

સરળ અને સ્નેહી સોદાસ આનંદના ફંદામાં ફસાઈ ગયો. શરૂઆતમાં તો તે સિંહિકાથી ખૂબ ડરતો. પરંતુ જયાં એને કંદમૂળ ખાવાનો રસ લાગી ગયો, તે છૂપી રીતે આનંદની સાથે પેટ ભરીભરીને ખાવા લાગ્યો. તેની બુદ્ધિમાં પરિવર્તન આવવા લાગ્યું. તેનો સ્વભાવ પણ ફરવા લાગ્યો.

હવે તેને પરમાત્મપૂજામાંથી આનંદ ઉડી ગયો. ધ્યાનમાં ચિત્ત અસ્થિર બનવા લાગ્યું. સિંહિકામાતાની કલ્યાણકારી વાતોમાં તેની રુચિ ઓછી થવા લાગી.

સિંહિકાએ પણ સોદાસમાં પરિવર્તન આવેલું જોયું. તેણે સોદાસને આડા-અવળા પ્રશ્નો પૂછીને એના હૃદયને માપવા પ્રયત્ન કર્યો પરંતુ કપટી આનંદના સહવાસમાં સોદાસની સરળતા રાઈ ગઇ હતી. તેણે સિંહિકાને સાચી વાત ન કરી. બીજાં બીજાં કારણો બતાવી સિંહિકાને જવાબ અ

બીજી બાજુ આનંદે હવે સોદાસને માંસભક્ષણ તરફ વાળવા માટે યોજના વિચારવા માંડી. તે માટે તેણે સોદાસના વિચારોનું પરિવર્તન કરવા માટે યુક્તિપૂર્વક પ્રયત્ન કરવા માંડ્યો. સોદાસમાં સિંહિકાએ જન્મથી માંડીને એવા ઉંડા સુસંસ્કારો–સુવિચારો નાંખેલા હતા કે આનંદ સોદાસના વિચારોનું પરિવર્તન કરવામાં સફળ બને તે દુઃશક્ય હતું. ક્યારેક ક્યારેક આનંદ સોદાસની મીઠી મશ્કરી પણ ઉડાવતો.

'એ તો ભાઇ જ્યાં સુધી દરેક વસ્તુનો સ્વાદ ચાખ્યો હોતો નથી, ત્યાં સુધી જ 'અભક્ષ્ય....અભક્ષ્ય....'નો સિદ્ધાંત રહે છે! હવે ક્યાં ગયો એ સિદ્ધાંત?'

ત્યારે સોદાસ પણ તેને સંભળાવી દેતો :–

'આનંદ, હું કંદમૂળ ખાવા લાગ્યો, એનો અર્થ એમ ન સમજીશ કે કંદમૂળ અભક્ષ્ય નથી... એ ખાવામાં પાપ નથી. કંદમૂળ ખાવામાં પાપ જ છે, એવી મારી માન્યતા અપરિવર્તનશીલ જ છે. મારી નબળાઇ છે કે હું એના સ્વાદને છોડી શકતો નથી.' આનંદ હસી પડતો અને વાતને ઉડાવી દેતો.

આનંદે વિવિધ પ્રકારની વાનગીઓ બનાવરાવી સોદાસને ખવરાવવા માંડી કે જે વાનગીઓ રાજમહેલમાં બનતી નહોતી. સિંહિકા જેવી સદાચારી અને ધાર્મિક સન્નારીના રસોઇઘરમાં અભક્ષ્ય વાનગીઓ બને જ ક્યાંથી?

એવી એવી ચીજો આનંદ સોદાસને ખવરાવતો કે સોદાસને ખબર ન પડતી કે એ વાનગી શાની બનેલી છે! ખાધા પછી આનંદ સોદાસને કહેતો કે આ વાનગી આની–આની બનેલી હતી. આનંદે સોદાસનો વિશ્વાસ પુરેપુરો સંપાદન કરી લીધો.

બીજી બાજુ સોદાસ સિંહિકાથી ધીરેધીરે અળગો થવા લાગ્યો. સિંહિકા સોદાસ અંગે ચિંતાતુર રહેવા લાગી. (ક્રમશઃ)


## જૈન ધાર્મિક ચિત્રો અને ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ | શાલિભદ્રજી વગેરેના ૨૦×૧૪ સાઇઝના હિંદી વિવેચન સહિત ૧૨ ચિત્રોના | | રૂા. ૮–૦૦ |
| ૨ | હિંદી મહાવીર ચરિત્ર ૫૧ ચિત્રો સહિત | | રૂા. ૫–૦૦ |
| ૩ | હિંદી બાલપોથી ૨૦ ચિત્રો સહિત (બધી વેચાઇ ગઇ છે, માટે સિલક હશે તો જ મળશે.) | | રૂા. ૧–૫૦ |
| ૪ | હિંદી, મરાઠી અનેકાંત અને સ્યાદ્વાદ (જૈન તત્ત્વજ્ઞાનને સહેલામાં સહેલી ઢબે સમજાવનાર ગ્રંથ) | દરેકના | રૂા. ૫–૦ |
| ૫ | જૈન ધર્મસાર હિંદી (જૈન ધર્મની સંપૂર્ણ માહિતી) | | રૂા. ૧૦–૦૦ |

નં. ૪ ગુજરાતી, અંગ્રેજી અને નં. ૫ ફક્ત અંગ્રેજીમાં છપાય છે

**ધાર્મિક અભ્યાસ નિયમિત કરવાની અને આગળ કરાવવાની ઇચ્છાવાળા કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપો આપવાની છે.**

કોઇ વિદ્વાન મુનિરાજનો ભલામણપત્ર સાથે મોકલવો.

**જૈન માર્ગ આરાધક સમિતિ** ગોકાક, જી. બેલગાંવ (મૈસુર રાજ.)

શેઠ આણંદજી પરમાનંદ ૪૦૯, મીન્ટ સ્ટ્રીટ–મદ્રાસ.

ભગવાનજી કપુરચંદ ૭૬, સુતાર ચાલ–મુંબઇ–૨.

# શંકા અને સમાધાન

પૂ. પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજી ગણિવર.

પ્રશ્નકાર : એક મુનિમહારાજ.

**શં૦** : વ્યંતરદેવો લોકમાં કયા સ્થાને વસે છે?

**સ૦** : સમભૂતલા પૃથ્વીથી ૧૦૦ યોજન નીચે અને પછીના ૮૦૦ યોજનમાં વ્યંતર દેવોનાં તિર્છા અસંખ્યાતાં નગરો હોય છે, અને સમભૂતલા પૃથ્વીથી ૧૦ યોજન નીચે અને ૮૦ યોજનમાં વાણવ્યંતરોનાં નગરો સમજવાં. (મોટી સંગ્રહણી ગા. ૫૭).

**શં૦** : ચર અને સ્થિર જ્યોતિષિઓના પ્રકાશમાં હાનિવૃદ્ધિ હોય કે સરખો હોય?

**સ૦** : સ્થિર જ્યોતિષિઓને રાહુ કે વાદળાં આદિ આવરણ કરનાર સાધનો ન હોવાથી સદાકાળ એક સરખો પ્રકાશ રહેવા છતાં, ચંદ્ર-સૂર્ય, ચંદ્ર-સૂર્ય એમ પચ્ચાસ પચ્ચાસ યોજનનાં આંતરે રહેલા હોવાથી, સૂર્યની તીવ્રતા ચંદ્રથી હણાય, અને ચંદ્રની શીતતા સૂર્યથી હણાય, વળી ચર જ્યોતિષી કરતાં સ્થિર જ્યોતિષિઓનાં વિમાન અર્દ્ધા પ્રમાણનાં હોવાથી શરદપૂર્ણિમાના આવરણ રહિત ચંદ્ર-સૂર્યની અપેક્ષાયે ઓછો પ્રકાશ સમજાય છે. તત્ત્વ કેવલીગમ્ય.

**શં૦** : ચાર જ્ઞાનવાળા મહામુનિરાજો તેજ ભવે મોક્ષે જાય કે નહીં?

**સ૦** : વિપુલમતિ નામનું મનઃ પર્યવ-જ્ઞાન, અપ્રતિપાતિ હોય છે, એટલે વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાની મુનિરાજો પડતા નથી, પરંતુ પ્રાન્તે કેવલી થઈ મોક્ષે જાય છે.

'જેહને વિપુલમતિ તેહ અપ્રતિપાતિપણે ઉપજેજી'
(વિજયલક્ષ્મીસૂરિ મહારાજ).

**विशुद्धयप्रतिपाताभ्यां तद्विशेषः**

અર્થઃ-વિશુદ્ધ અને અપ્રતિપાતવડે ઋજુ-વિપુલ-મનઃપર્યાયજ્ઞાન જુદાં સમજવાં.

અર્થાત્ ઋજુથકી વિપુલ ઘણું સ્વચ્છ જ્ઞાન હોય છે. વલી ઋજુ પ્રતિપાતી હોય છે, જ્યારે વિપુલ અપ્રતિપાતી હોય છે. તે ચરમ શરીરીને જ થાય છે. (તત્ત્વાર્થ અ. ૧, સૂ. ૨૫).

**अन्त्यं चाकेवलप्राप्ते र्न पतत्येव तिष्ठति**
(લોક-પ્રકાશ સર્ગ ૩, શ્લોક ૮૬૬ ઉત્તરાર્દ્ધ)

**यस्य पुनः विपुलमतेः मनःपर्यायज्ञानं समजनि तस्य न पतति आकेवलप्राप्तेः**
(તત્ત્વાર્થવૃત્તિ)

**શં૦** : ચાર જ્ઞાનવાળા મરીને નરકમાં પણ જાય ખરા?

**સ૦** : આત્માની આત્માનંદી ત્રીજી દશા પામેલા, અર્થાત્ ચઊદપૂર્વી, આહારક શરીર કરવાની શક્તિવાલા, ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાન પામેલા, અને અગ્યારમા ઉપશાન્ત-મોહ વીતરાગ ગુણ ઠાણાને પામેલા પણ પ્રમાદ-પર વશ થઈને, કોઈક આત્મા, ચારે ગતિમાં રખડનારા પણ થાય છે. તેની સાક્ષી;

**चउद्दसपुव्वी आहारगा य, मणनाणिणो वीयरागा य हुंति पमायपरवसा, तयणंतरमेवचउगइया.**

**શં૦** : કેટલાક અમારી જેવા અલ્પ સમજણવાળા આત્માઓની એવી દલિલ છે કે, શ્રી જિનેશ્વરદેવોના જન્માભિષેક વખતે ૧ ક્રોડ અને ૬૦ લાખ કલસા વડે ચાર નિકાયના દેવો દ્વારા ૨૫૦ અભિષેક કરાય છે. આ કલશોનું પ્રમાણ પણ ઘણું જ મોટું ગણાવ્યું છે. તેથી અહીં પ્રશ્ન થાય છે કે, આજકાલ એકાદ કોઈ નદીનું પૂર આવી જાય તો પણ સેંકડો ગામડાં તારાજ થાય છે. હજારો માણસો, પશુઓ પણ વખતે તણાઈ જાય છે. અને લોકો કે ક્રોડોની મિલ્કતોની ખાનાખરાબી થાય છે. આવું બધું નજરે દેખાય છે. તો પછી આખા જગતનું **"शिवमस्तु सर्वजगत"** ભલું કરવા જન્મનારા પ્રભુજીની ભક્તિ નિમિત્તે

ઢોળાતા પાણીવડે હજારો નદીઓ ઉભરાઈ જતી હોય, તેથી કેટલાયે ગામો તણાઈ જતા હશે ? કેટલાયે જાનમાલની ખાનાખરાબી થતી હશે ? કેટલીયે ખેતીની પાયમાલી સરજાતી હશે ? આવું મહાપુરૂષના નામે શા માટે થતું હશે ?

**સ૦** : જેમ રોગો મટાડવા દવાઓ ઘેર ઘેર પહોંચતી થઈ, તેમતેમ આરોગ્ય વધવાના બદલે રોગો વધ્યા છે, તે જ રીતે લોકોને જાણકાર બનાવવા ભાષાન્તરો ઘેર ઘેર પહોચ્યાં, તેમ તેમ અજ્ઞાનતા અને નાસ્તિકતા પણ ખૂબ વધી છે. ગુરૂદેવોની સેવા અને આશીર્વાદ પામ્યા સિવાય ભણેલા પંડિતો પણ પ્રાયઃ શાસ્ત્રોનાં અધૂરાં લખાણો પ્રસિધ્ધ કરીને ભોળા લોકોને ફસાવવાની જાળો પાથરનારા છે, એમ સમજવું.

જૂઓ ! શ્રી જિનેશ્વરદેવોના જન્માભિષેકો મેરૂપર્વત ઉપર થાય છે. આ મેરૂપર્વત ૧૦ હજાર યોજનનો લાંબો પહોળો અને એક લાખ યોજનનો ઊંચો છે. મેરૂની દક્ષિણ અને ઉત્તર બાજુ દેવકુરૂ અને ઉત્તરકુરૂ યુગલિક ક્ષેત્રો છે. તેનો ઉત્તર-દક્ષિણ વિસ્તાર લગભગ એકેકનો ૧૧ થી ૧૨ હજાર યોજનનો છે. તે બંને ક્ષેત્રોમાં રહેનારી-સીતા અને સીતોદા મહાનદીઓ પણ પ્રારંભે ૫૦ યોજન પહોળી હોય છે. આ બંને યુગલિક ક્ષેત્રો હોવાથી ગામ નથી, નગરો નથી, ખેતી નથી, તેમ ત્યાં રહેનારા યુગલિકોની શરીર અવગાહના ત્રણ ગાઊની હોય છે. ત્યાં રહેનારાં પશુઓ મનુષ્યોથી ડબલ શરીરવાળાં હોય છે.

અહીં જન્મનારા જીવોને મારી, મરકી ઈતિ-ઉપદ્રવ; રોગ, શોક, વિયોગ, આકસ્મિક ઉપદ્રવો ક્ષેત્રસ્વભાવથી લાગે જ નહી. અહીં જન્મનારા મનુષ્યો અને પશુઓ નિરૂપક્રમ આયુષવાળા હોય છે, એટલે તેમને ઉપઘાતનાં કારણો લાગતાં નથી.

આટલાં કારણો ઉપરાંત વિચારવાનું કે, પ્રભુજીના જન્માભિષેકનું પાણી પડતું પડતું જ મેરૂપર્વતની લાખ યોજનની જમીનની માટી ચુસી લે છે. માનો કે, નીચે ઉતરે તો પણ પૂર્વ પશ્ચિમ મોટાં બે વનોમાં ચાલ્યું જાય છે, ઉત્તર-દક્ષિણ અને પછીથી પૂર્વ-પશ્ચિમ થઈને ચાલતી બે સીતા અને સીતોદા નદીમાં પડે તો પણ તેમાં ભળી જાય છે. ઉત્તરકુરૂ અને દેવકુરૂ ક્ષેત્રોમાં તણાઈ જાય, તેવા માણસો અને પશુઓ પણ નથી. અર્થાત્ મહાકાયધારી છે.

જન્માભિષેક સંબંધી આવી કલ્પનાઓ કરતાં પહેલાં તે મહાનુભાવોએ જન્માભિષેકનાં સ્થાનનો અને આજુબાજુનો સંબંધ વિચારવો પણ જરૂરી છે.

લોકોમાં ઉંધા ચશ્મા ગોઠવનારા આજના સ્વયં પુસ્તકો વાંચી પંડિત બનેલા મહાશયો આ સિવાય પણ બીજા અનેક ગપ્પાઓ ફેલાવી લોકોને અવળેમાર્ગે ચડાવી રહ્યા છે. તેવાઓને શ્રી વીતરાગદેવના અભિષેકો, સમવસરણો, ઈન્દ્રાદિકનું આગમન વગેરે કોલાબાની ડોસી જેવું થઈ પડયું છે.

તેની ટુંકી કથા લોકોને સમજવા લખાય છે.

ગુજરાતના એક ગામડામાં એક ડોસીમા હતા, તેઓ આખો દિવસ રેંટીઓ કાંતીને આજીવિકા આનંદથી ચલાવતાં હતાં, તેઓ હંમેશ શેરબશેર રૂ કાંતી સુતરના ફાળકા બનાવતાં, મહિનેદાડે તેમણે લગભગ ૧ાા મણ રૂ કાંતવા મળતું. વર્ષેદાડે પન્નર વીશ મણ રૂનું સુતર તેઓ બનાવતાં હશે. તેઓ પોતાનું ગામ છોડી કયારે પણ શહેરમાં જતાં નહી કે ગયેલાં નહી. તેથી તેઓ રૂ-કપાસની ઉત્પન્ન પણ પોતાની સમજણ મુજબ કલ્પી લેતાં હશે. કોઈકવાર કોઈ ડોસીમાનો જાણીતો માણસ મુંબઈથી આવેલો અને વાતો પ્રસંગે મુંબઈના સ્ટેશન ઉપર રૂની ૧ લાખ ગાંસડી પણ કયારેક ભેગી થઈ જાય છે, તેનું ડોસીમા પાસે તેણે વર્ણન કરી નાખ્યું. પરંતુ આપણા આજકાલના પોતાની મેળે પંડિતો થયેલા પંડિતોને, જેમ જ્ઞાનીઓની વાતો સાચી નથી લાગતી, તેમ પ્રસ્તુત ડોસીમાને મુંબઈ શહેરના

સ્ટેશનો ઉપર કે મીલોની ગોદામો ઉપર ખડકાએલી લાખો મણ રૂની સીલીકની વાતો જરાપણ સાચી ન લાગી. ઉપરથી ડોસીમા મુંબઈથી આવેલા ભાઈ ઉપર ઉશ્કેરાઈ ગયાં.

ભાવિભાવને પાંચ દશ વર્ષ પછી ડોસીમાને કારણવશાત્ મુંબઈ જવાનું થયું અને પેલા તેમના જાણીતાનાં ઘેર ઉતરવાનું થયું, અને એક દિવસ ડોસીમાને પ્રસ્તુત રૂની મોટી મોટી ગોદામો બતાવી. બસ ડોસીમા બિચારા આ વખારો જોઈને ગાંડા જ થઈ ગયાં. 'હાય-હાય, મારા બાપ આટલું બધું રૂ' પીંજશે કોણ? અને કાંતશે કોણ? હવે શું થશે? મારાથી આટલું બધું ક્યારે કંતાઈ રહેશે?'

બસ, જેમ આ ગામડાનાં ડોસીમા બિચારાં શહેરને જાણતાં નહોતાં માટે આટલા મોટા રૂના જથ્થાંની વાત તેમને ગળે કોઈપણ રીતે ઉતરતી નહોતી, અને બિચારી ડોસીએ શહેરનું રૂ જોયું, એટલે કહેનારની વાતમાં શ્રદ્ધા થવાના બદલે ચિત્ત ચક્રમ થઈ ગયું. તે રીતે આજકાલના સ્વયં બનેલા પંડિતો પણ આગળ પાછળના સંબંધો ગોઠવ્યા સિવાય, લોકોને અવળે માર્ગે દોરવનારા બને છે. ને પોતે ચક્રમ બનીને બીજા ભોળાઓને ચક્રમ બનાવવા પ્રયત્નો કરે છે.


## ઘર ઘરનું ઘરેણું

સંસ્કારી સાહિત્ય સસ્તામાં મળી જતું હોય તો તેને વસાવવાનું કોણ ચૂકે? કોઈ નહિ.... ત્યારે.... આપ પણ આ સાહિત્ય **વસાવશો. વંચાવશો** અને પ્રચારમાં મૂકશો જ એવી અમને ખાત્રી છે.

## સાધનાનાં સોપાન

અમદાવાદની ચૈત્ય પરિપાટીમાં થયેલ પ્રભાવક પંદર પ્રવચનોનું સુંદર સારભૂત અવતરણ ચૈત્ય-પરિપાટીનું પણ સુંદર વર્ણન.

પાકું દ્વિરંગી પૂઠું, પૃ. ૩૦૪ છતાંય પ્રચારાર્થે **કિંમત માત્ર રૂા. ૧, પોષ્ટેજ ૩૫ ન.પૈ.** જેની જુજ નકલો હવે અમારી પાસે રહી છે આપના ઘરમાં આ પ્રકાશન હોવું આવશ્યક છે.

## તરણિનાં તેજ

બ્રહ્મચર્યના વિષયનું સર્વાંગ સુંદર મનનીય સાહિત્ય. વિજ્ઞાન, અધ્યાત્મ, સાયકોલોજી, ભૌતિક દરેક દૃષ્ટિએ બ્રહ્મચર્યની મહત્તા દર્શાવતું મનના મુંઝવતા પ્રશ્નોમાં સુંદર માર્ગદર્શન આપતું મનનીય દૃષ્ટાન્તો, વેધક વાક્યોથી ભરપૂર વાંચન આપના મન, વચન કાયાની સમાધિને ટકાવી રાખશે.

**કિં. રૂા. ૧-૨૫, પોષ્ટેજ ૨૫ ન. પૈ.**

**લેખક** તથા **વ્યાખ્યાનકાર** પૂજ્ય પંન્યાસજી સુજ્ઞાનવિજયજી ગણિના શિષ્યરત્ન મુનિ શ્રી **રાજેન્દ્રવિજયજી મહારાજ 'શાસ્ત્રી'. પ્રસ્તાવના લેખક** પૂજ્ય પંન્યાસજી મ. શ્રી **કનકવિજયજી ગણિવર્ય.**

**આજે જ લખો:— સંસ્કાર સાહિત્ય સદન**

**પૂનમચંદ ના. દોશી**
તાલુકાશાળા હેડમાસ્તર
**નવાડીસા** (બનાસકાંઠા)

**બાબુલાલ કે. શાહ**
C/o. ગગલદાસ સરૂપચંદ, રતનપોળ,
ગોલવાડ, **અમદાવાદ**

— સસ્તામ (૫૫૦) પાનાનું રસસભર વાંચન વસાવવાનું રખે ચુકતા —

# પૂર્વદેશના તીર્થોની યાત્રાયે

—× શ્રી રીખવચંદભાઈ હાથીચંદ. અમલનેર (મહારાષ્ટ્ર) ×—

મહારાષ્ટ્રના શાસનપ્રેમી ધર્મપ્રચારક તથા ધાર્મિક ધગશવાળા નિઃસ્વાર્થ કાર્યકર શ્રી રીખવચંદભાઇ એકદિલ સાધર્મિકોની સાથે પૂર્વદેશના શ્રી શિખરજી આદિ કલ્યાણક ભૂમિઓથી પવિત્ર તીર્થોની યાત્રાયે નીકળેલ; તે સમયે તે તીર્થયાત્રાનાં જે સંસ્મરણો તેઓએ આલેખેલ છે, તે 'કલ્યાણ'માં પ્રસિદ્ધિ અર્થે તેઓએ મોકલેલ છે. જે ક્રમશઃ 'કલ્યાણ'માં પ્રસિદ્ધિને પામશે. જે વાંચતાં-વિચારતાં ઘેર બેઠાં તે તીર્થ પ્રદેશોની પવિત્ર સ્મૃતિનો લ્હાવો જરૂર વાચકોને પ્રાપ્ત થશે.

( લેખાંક : ૧ )

## યોજના અને તૈયારી

તીર્થનામ યથાર્થ તે, જેહથી ભવ તરાય,
વિષય કષય મૂળ ભવતણા, તીર્થ ભકતે છેદાય;

તીર્થયાત્રા પ્રવાસના ઉત્પાદક બે મુખ્ય ધર્મમિત્રો શા. કેશવલાલ મગનલાલ તથા સુમતિલાલ ચંદુલાલને વિચાર આવ્યો કે, 'આપણા પૂજ્યો વડિલો, આશ્રિતો, કુટુંબીઓ, ધર્મ સ્નેહીઓને સાથે લઈ જ્યાં શ્રી તીર્થંકર ભગવંતોના વિહાર થયા છે, તે બિહાર પ્રદેશની તીર્થયાત્રા કરીએ "જિન પ્રતિમા જિન સારખી કહી સૂત્ર મઝાર" 'કલ્યાણક' ભૂમિ, દેશના ભૂમી, વિહાર ભૂમી ઈ. નાં વંદન, સ્પર્શન, પૂજન કરીએ ને જીવન સફલ કરી, સમ્યગ્દર્શન નિર્મળ કરીએ.' નાશિક પુન્ય ભૂમિ છે, જ્યાં શ્રી ચંદ્રપ્રભુજીએ ધ્યાન કરેલું છે, શ્રી રામચંદ્રજી જેવા સિદ્ધ પુરૂષોએ સત્યતા સાધી છે, સીતાજી જેવા મહા સતીઓએ સતીત્વ બતાવ્યું છે, લક્ષ્મણજી જેવા વાસુદેવ વસેલા છે, પાંડવો પણ આ ભૂમિપર નિવાસ કરીને રહ્યાના શાસ્ત્રોલ્લખ છે. અત્યારે પણ લાખ્ખો હિંદુ યાત્રિકો આ નાશિક-પંચવટી-ગોદાવરી (ગંગા) ની તીર્થયાત્રાએ આવે છે. આ પુન્ય ભૂમિમાં આવેલો વિચાર સફળ કરવા બંને ભાગ્યશાળીઓ મુંબઈ ગયા, જૈન તીર્થયાત્રા ટુરીસ્ટકાર માટે હીંમતલાલ જાદવજી કોઠારીને મલ્યા. તેમણે ધર્મપ્રેમથી પુરો સહકાર આપ્યો. પોતે હસમુખા સરળ સ્વભાવના છે, સાધર્મિક સેવાને સમજે છે. ડબ્બો નક્કી કર્યો. વાત બહાર મૂકતાં જ તરત સીટો ભરાઈ ગઈ. ૨૮ મોટા ને ૩૦ છોકરાં ૨ રસોયા ૨ નોકર ૨ સંચાલક ૬૪ જ એક દિલ હતા માટે રહી શકયા.

### પ્રયાણ

મુંબઈથી બુધવાર આસો વદ ૧૧ તા. ૨૪-૧૦-૬૨ સં. ૨૦૧૮. સવારે ટ્રેનમાં ડબ્બો લાગવાનો હતો, તે પહેલાં મુંબઈના સાધર્મિકો, સ્નેહીઓ શુભ આશીર્વાદ આપવા બોરાબંદર સ્ટેશને આવેલા ને ધર્મકાર્યમાં વાપરવા ચાંલ્લા પુલહાર ઈ. થવા લાગ્યા. 'અમારા વતી યાત્રા કરજો દાદાની પૂજા કરજો પુલહાર ચઢાવજો. 'બોલો શ્રી મહાવીરસ્વામી ભગવાનની જય' બોલતા બોલતા ટ્રેન ઉપડી. બધા જોતા ઉભા રહ્યા. ટ્રેન દેખાતી બંધ થઈ ત્યારે પાછા વળ્યા. (આર્યદેશનો આચાર છે કે ધર્મગુરૂ, વ્હાલા સગાં ઈ. ને વળાવીને તે દેખાય ત્યાં સુધી જોતા ઉભા રહે) બપોરે ડબ્બો નાશિક છુટયો, શુભ પ્રવૃત્તિ એવી ચીજ છે કે, સામા જીવોને ભાવોલ્લાસ પેદા કરે છે. નાશિક શહેરના અગ્રગણ્ય જૈનો યાત્રાએ જાય, જૈન અજૈન મોટા વેપાર સબંધવાળા સગા, ધર્મસ્નેહીઓને આનંદનો પાર નહીં. રાત્રે ટ્રેનપર નાશીક, ત્રંબક, ઘોટી સંગમનેર, ભગુર, સીન્નર, પીંપળગામ, આભુના, સમશેરપુર ઈ. ગામોના ભાઈબેનો વિદાયગીરી આપવા આવ્યા. સુમતિલાલ દલીચંદ સંઘવી સંગમનેરથી આવ્યા હતા. તેમને વિદાયગીરી આપવા સંગમનેરના આગેવાનો નાશિક સુધી આવ્યા હતા. એક

નાનો મેળો ભરાઈ ગયો હતો. સ્ટેશન માસ્તરને ધર્મનો આનંદ થયો. ભાઈશ્રી રસિકલાલ ચંદુલાલે બધા યાત્રાળુને રૂા. ૧) શ્રીફળ ફુલના હાર પહેરાવ્યા. હવે ૩૮ સીટનો ડબો ને ૬૪ માથાં ગણત્રીનાં હતાં તો કેમ રહી શકે ?

સરસ્વતીચંદ્ર વિદ્વાન હતા. જ્ઞાનના જાણકાર રાજાનાં રાજ્યમાં રહેવાની ઈચ્છા થવાથી શહેરના દરવાજે ગયા. દરવાને રોકયા, રાજાની પરવાનગી વગર અજાણ્યાને અંદર ન જવાય. ચીઠી વિનંતિપત્ર મોકલ્યો, જવાબમાં રાજાએ ઘીનો વાડકો ભરીને મોકલ્યો, પંડિત સમજી ગયા કે 'ઘીની માફક છલોછલ શહેર વસ્તીથી ભરેલું છે.' તેનો જવાબ પંડિતે, ૦। પાસેર સાકર લીધીને વાત કરતાં કરતાં ચપટી ચપટી ઘીના વાડકામાં નાંખી ને ઘી ઢળ્યું નહીં. પાછો જવાબરૂપે વાટકો મોકલ્યો. રાજા સમજી ગયા. પંડિત વિદ્વાન છે. ઘીમાં સાકર સમાઈ તેમ સમાઈને શહેરમાં રહેશે. સત્કાર કરીને ગામમાં લીધા. તેવી રીતે અમે બધા સમાઇ જતા હતા. વળી ૧ બિસ્તર વધારાનો ધર્મસ્નેહી રીખવચંદભાઇનો પાથરી મુકયો. ભુસાવલ જંકશને કલકત્તા મેલ આવ્યો કે, રીખવચંદભાઇ મલી ગયા. સૌને બહુ આનંદ થયો.

**બરાનપુર** : પહેલાં બરાનપુર સ્ટેશને મેલ ઉભો રહ્યો, ત્યાંના આગેવાન જૈનો ૩ માઇલ દૂર રાત્રે ટ્રેન પર મળવા આવ્યા. બરાનપુર કે જ્યાં પહેલાં ૧૮ મંદિરો હતાં. પૂ. શ્રી માનદેવસૂરિજી, પૂ. શ્રી હીરવિજયસૂરિ જેવા પ્રભાવક આચાર્યો, પૂ. મુનિવરો અહિં વિચરેલા છે. હાલતો ગામમાં સુંદર જિનાલય છે, વણાટકામનું મોટું ઉત્પાદક છે.

**ઇટારસી** : સવારે ૯ વાગે. ઈટારસી જંકશને મેલ પહોંચ્યો. ત્યાં ગાડીઓ ૦।। કલાક પડી રહે છે. સેન્ટ્રલ રેલ્વેનું મોટું જંકશન સ્ટેશન છે. રેલ્વેના વર્કશોપમાં ૨૦૦૦૦) વીશહજાર માણસ કામ કરે છે. ૧ લાઈન દીલ્હી, ૧ મુંબઈ, ૧ નાગપુર, ૧ મદ્રાસ, ૧ કલકત્તા. હિંદુસ્તાનભરના મધ્યમાં મધ્ય પ્રદેશમાં આ શહેર છે. સાઉથ, નોર્થ, ઈસ્ટ, સેન્ટ્રલ ઈ. રેલ્વેની ગ્રેટ ટ્રંગલ જેવી ટ્રેનો અહીંથી પસાર થાય છે.

સ્ટેશન પર જ બૈતુલવાળા ગોઠી કુટુંબના શેઠીઆઓએ વિશાળ ધર્મશાળા બનાવી છે. લગભગ એક લાખ માણસ આનો ઉપયોગ કરે છે, ગામને લાગીને સમજો ગામમાં જ હોય તેમ સ્ટેશન છે, અહીં નાનું જીર્ણ ઘરમંદિર હતું. ૧૫ ઘર છે. અમલનેરવાળા શ્રી રીખવચંદભાઈના વારંવાર જવાથી ભાવના વધવાથી તે જ જુની જગા ઉપર જીર્ણોધ્ધારરૂપે સુંદર મંદિર બનાવવાનું સંઘે નક્કી કરેલ છે. [૧૦] દશ હજારની ટીપ પણ થઈ છે, રીખવચંદભાઇની દેખરેખ નીચે કામકાજ થશે, માટે હિંદુસ્તાન ભરમાંથી જેને લાભ ઉઠાવવો હોય તેઓને દેરાસર ખાતે નીચેના સીરનામે રકમ મોકલવા વિનંતિ છે.

૧. દામોદરદાસજી નહાર
ઇટારસી [ મધ્ય પ્રદેશ ] C. Rly.

૨. મગનમલ શાંતીલાલ મુનોત
ઈટારસી [મધ્ય પ્રદેશ] C.Rly.

**ગયા** : ઈટારસીથી મેલ અલ્હાબાદ થઈને મુગલસરાય પહોંચ્યો ને અમારો ડબો છોડી દીધો. નોર્થન રેલ્વેવાળા મેલને ડબો લગાવતા નથી, માટે બીજે રસ્તે **ગયા** જંકશન પહોંચ્યા. ગયા ૫ માઇલના ઘેરાવામાં લાખોની વસ્તીવાળું શહેર છે. વૈષ્ણવ ધર્મીઓ પિતૃશ્રાદ્ધ અહિં કરે છે. બૌદ્ધોનું મોટું ધર્મસ્થાન છે. સ્ટેશન બહુ મોટું છે. બાંધણી સુંદર છે. અહિંથી ભદ્દિલપુર જવાય છે, જ્યાં શ્રી શીતલનાથ ભગવાનનાં ૪ કલ્યાણકો થયેલ. હાલ ગામનું નામ **હટવરીયા** કહે છે.

**રાજગૃહી** : ગયાથી રાત્રે ૮ વાગે બસમાં રાજગૃહી પહોંચ્યા. ૨।।–૨।। કલાકનો રન છે, જ્યાં દેરાસર આગળ ગયા કે બહારથી દેખતાં

જ દીલ ઠરી જાય તેવું નૂતન જિનાલય તથા બહુ મોટા શ્રી મુનિસુવ્રતસ્વામીજીના ભવ્ય બિંબના દર્શન કર્યાં. આસો વદ ૧૩ રાત્રે પ્રતિક્રમણ કરી મુકામ કર્યો, આસો વદ ૧૪ વહેલા ઉઠી પ્રતિક્રમણ કરી ૧૧–૧ાા માઈલ તળેટી દૂર છે, ટાંગા, ટમટમ. ડોળીવાળા મળે છે, ગામમાંથી જ બેસાડીને લઈ જાય છે.

પહેલો પહાડ વીપુલગિરિ : જ્યાં શ્રી મુનિસુવ્રતસ્વામીજી ભ. ની દેશના થયેલી છે. મંદિર છે.

બીજો પહાડ રતનગિરિ : જ્યાં શ્રી ચંદ્રપ્રભુજી ભ. નું ચોમુખજીનું મંદિર છે. ત્યાંથી ઊતાર કઠણ છે. તે ઉતરી સડક પર આવી ટમટમમાં બેસીને ૧ માઈલ ગયા એટલે તળેટીયે ભાતું મળે છે.

ત્રીજો પહાડ ઉદયગિરિ : ચડાવ થોડો કઠણ. ઉપર શ્રી પાર્શ્વનાથ ભ. નું મંદિર છે. ભમતી છે, આગળ ૨૪ તીર્થંકરની મૂર્તિઓ છે, ત્યાંથી નીચે ઉતરવાનું, અહિં ઊકાળેલું પાણી મળે છે, ભાતું મળે છે,

ચોથો પહાડ સુવર્ણગિરિ : ૨–રાા માઈલ દૂર છે. શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર છે, દરેક ઠેકાણે ચૈત્યવંદન કરેલ.

પાંચમો પહાડ વૈભારગિરિ મુખ્ય સ્થાન છે, નીચે તળેટીપર બાગ–બગીચા, પુતળા, વિશ્રાંતિસ્થાન રોનકદાર છે. બહુજ માણસની આવજાવ હોય છે. સરકારી રેસ્ટ હાઉસ, ગરમપાણીના ૪–૫ ઝરણાં જોરદાર વહે છે. ગરમ પાણી જોરથી વાગે તેના શેકથી રોગ મટે છે. સેંકડો રોગીઓ ત્યાં કાયમ આવે છે, અહિં બ્રહ્મકુંડનું મહત્ત્વ વધારે છે. અમે મર્યાદિત જલથી સ્નાન કરીને પૂજાનાં વસ્ત્રો પહેરી શ્રી વૈભારગિરિ ઉપર ચઢવા લાગ્યા. પગથીઆ, સડક ઈ૦ સારૂં બાંધેલું છે. શ્રી મહાવીર સ્વામીજી, તથા શ્રી મુનિસુવ્રતસ્વામીજીનાં મંદિરે પૂજાની સગવડ છે. શ્રી ગૌતમસ્વામીજીનું મંદિર છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજીની દેશના થયેલી છે. શ્રી વીરભગવંત અહીં વારંવાર સમવસર્યાં છે, શ્રી ધન્નાજી તથા શ્રી શાલિભદ્રજીએ અણસણ કર્યાં તેની સ્થાપના છે. તે બધાયનાં દર્શન કર્યાં. નીચે કુંડ પાસે ઉતર્યા. કુદરતની વિરૂદ્ધ વાત કરનારા બંધ બાંધે પણ વરસાદ ન આવે તો શું ભરાય ? ને અતિવૃષ્ટિ થાયતો, ધરણ ફુટે તો હજારો માણસો વહી જાય, લાખો કરોડોનું નુકશાન થાય તેની તપાસ સમિતિનો ખર્ચ ૧૦ લાખ રૂ. પુનામાં લાગ્યો. હજારો વર્ષથી કુદરતી ગરમ પાણી આવ્યા જ કરે છે, કુદરત તારી કળા ન્યારી છે !

'આજ દેવ અરિહંત નમું' એ ચૈત્યવંદનમાં 'વૈભારગિરિવર ઉપરે વીર જિનેશ્વરરાય' વાહરેવાહ કવિ શ્રી રૂષભદાસજીએ નામ સાર્થક કર્યું છે, તેમની રચના સાદી ભાષામાં મિષ્ટ અર્થવાળી સૌને મોઢે થાય તેવી છે. ખંભાતના વતની હતા, વીતરાગના પરમ ભક્ત હતા. નિત્યે ૨૦ નવકારવાળી ગણતા. સિવાય ઉપવાસ, આંબીલ, એકાસણા ઘણા તપો કરતા, શ્રી સરસ્વતી દેવીના કૃપાપાત્ર હતાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો, રાસો તેમણે બહુ જ બોધદાયક રચ્યા છે. તે રીતે હિતશિક્ષાનો રાસ પણ બોધક છે.

[ક્રમશ :]

**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્ક્સ**
ઠે. માંડવીપોળ **અમદાવાદ.**

# દેશ અને દુનિયા

શ્રી સંજય

## પાન ખાનારાઓ ચેતે !

તાજેતરમાં વિશ્વસ્વાસ્થ્ય સંસ્થામાં રોયલડેન્ટલ કોલેજના અધ્યક્ષ પ્રો. ખંડોળેગે જાહેર કર્યું છે કે, 'પાન ખાવાથી અને પાન મોઢામાં રાખી સૂઈ રહેવાથી કેન્સરનો રોગ થવાનો ભય રહે છે. બીડી પીવા ઉપરાંત તમાકું સાથે પાન ખાવાથી મોઢામાં ચાંદા પડે છે, પાન સાથે ચૂનો ખાવાથી દાંત મજબૂત થાય છે, એવી દલીલ સાથે તેઓ સંમત ન થતાં તેમણે જણાવેલ કે, 'ઉલટું આથી દાંતને વધારે નુકશાન કરે છે' જૈન દર્શને ખાવા-પીવામાં સંયમ રાખવાનું તથા મોજ-શોખ ઓછા કરવાનું જે કહ્યું છે, તે કેટ-કેટલું લાભદાયી છે, તે આથી સમજાય છે.

## નાણાનો કેવો દુર્વ્યય:

પ્રજાને પેટે પાટા બાંધીને દેશના વિકાસમાં સહાયક બનવાની શિખામણ આપનારા આપણા કોંગ્રેસી સત્તાધીશોની એ વાત કેવી પોથીમાંનાં રીંગણા જેવી છે, તેની તાજેતરનું ઉદાહરણ સાક્ષી પૂરે છે. રશીયા ખાતેના કોંગ્રેસીતંત્રના એલચીને લાઈટના કેટલાક શેડ્ઝ જોઈતા હતા, તે માટે તેમણે વિદેશવ્યવસાય ખાતાના ઓફીસરને જણાવેલ; તેમણે દીલ્હીના ગ્રામ ઉદ્યોગ એમ્પોરીયમમાંથી ૮ શેડઝ રૂા. ૨૪૭ ને ૬૦ ન. પૈ. ની કિંમતે ખરીદ્યા. તેના પેકીંગના રૂા. ૧૪૦ ખર્ચવામાં આવ્યા, ને તેને રશીયા મોકલવાના માટેનું વિમાની ભાડું રૂા. ૧૧૪૭ ને ૩૦ ન. પૈ. થયું. ૨૪૭ રૂા. ની વસ્તુની પાછળ આ રીતે ૧૩૦૦ રૂા. નો ખર્ચ થયો. આ છે ભારતની વિકાસ યોજનાનો નમૂનો ! માછલાઓ મારીને ઘોર હિંસાના કામો કરીને દેશને પૈસાદાર બનાવવાનાં સ્વપ્ના સેવનાર કોંગ્રેસીતંત્રમાં ૧૦૦ મણ તેલે અંધારૂં ધોળે દિવસે વર્તાઈ રહ્યું છે, તેનો આ નમૂનો !

## આ છે ગુજરાત સરકાર :

ગુજરાત સરકારના પ્રધાનમંડળમાંથી જીવરાજ મહેતાના જવા પછી કંઈક પ્રજાને રાહત રહેશે, ને તેમાંયે ગુજરાતની ભૂમિમાં માછલાઓ મારવાની, કૂતરાઓ મારવાની હિંસક યોજનાઓ બંધ પડશે, તેમ જે કલ્પના હતી, તે ભાંગીને ભૂક્કો થઈ છે. સમગ્ર કોંગ્રેસીતંત્ર જ આજે કેવળ હિંસાવાદ પર જ નભી રહ્યું છે, ને તેનો પ્રચાર કરવામાં જ કલ્યાણ રાજ્યની વાતો કરી રહ્યું છે, આ કેવી બાલિશતા છે. હમણાં પ્રસિદ્ધ થયેલા સમાચાર મુજબ ગૂજરાત સરકાર સૌરાષ્ટ્રમાં જાફરાબાદ ખાતે માછલીના ખાતરનું ઉત્પાદન કરવા માટે ફીશમીલ પ્લાંટ નાંખનાર છે. આ કારખાનામાં શરૂઆતમાં માસિક ૧૫૦ ટન મત્સ્યખાતરનું ઉત્પાદન થશે. માછલીઓને મારીને તેનું ખાતર કરશે, જે ફળફળાદિ, શાકભાજી, તથા અનાજના વાવેતરમાં તેમજ આંબાના પાકમાં ફાયદાકારક બનશે, તેમજ ઢોરના ખોરાક તરીકે પણ આનો ઉપયોગ થશે, જેથી ઢોરની ઓલાદ સુધરે, ને દૂધનું પ્રમાણ વધશે. આ ખાતર પરદેશમાં ચઢાવીને તેમાંથી ફોરીન એકસ્ચેંજ મેળવી શકશે. ખરેખર આજના તંત્રવાહકોની બુદ્ધિ કેવી બહેર મારી ગઈ છે. તેમાંયે ચુસ્તપણે જીવદયામાં માનનાર ગૂજરાતની પ્રજા પર શાસન કરનાર ગૂજરાત સરકાર, માછલાના ખાતરનું ઉત્પાદન કરી, તે ખાતર ઢોરોને ખવડાવી જીવદયામાં ધર્મ માનનાર જીવદયાની લાગણીવાળી પ્રજાની ધાર્મિક ભાવના સાથે કેવા અડપલાં કરી રહી છે. છે કોઈ પૂછનાર ?

## ધાર્મિક ભાવના તે આનું નામ :

કાશ્મીર ખાતે હઝરત મહમદપયગંબરના વાળ જે સ્થાને સચવાઈ રહ્યા છે, તે સ્થળેથી તે હઝરતબાલની ચોરી થયાના સમાચારથી સમગ્ર કાશ્મીર તથા ભારતભરના તેમજ

દેશ–પરદેશના મુસ્લીમોમાં જબ્બર ઉહાપોહ મચેલ. ખુદ ભારત સરકારે તે માટે ખેદ પ્રદર્શિત કરેલ. કાશ્મીર સરકારે લાખ્ખોનું ઇનામ કાઢેલ. સભા–સરઘસો દ્વારા મુસ્લીમ પ્રજાએ તેમજ તેમના પ્રત્યેની હમદર્દી ધરાવનાર ઇતર પ્રજાએ પણ પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી. આમ કોઇપણ પ્રકારની મૂર્તિપૂજાને વ્યકતરૂપે નહિ માનનાર પણ ઇસ્લામી કોમ પણ પોતાના પૂજ્યો પ્રત્યે, કે તેના પ્રતિક પ્રત્યે કેટ–કેટલી શ્રદ્ધા તથા લાગણી દર્શાવે છે, એ આથી સમજાય છે. પ્રત્યેક વ્યક્તિનાં હૃદયમાં પોતાના પૂજ્યપુરૂષો પ્રત્યે, પૂજ્ય સ્થાને રહેલાઓ પ્રત્યે ભક્તિભાવ તથા લાગણી હોવી જ જોઈએ. કેવલ; આજે હિંદુ પ્રજા જ પોતાના પૂજ્ય સ્થાનો પ્રત્યે ભક્તિ, લાગણી તેમજ શ્રધ્ધાભાવ રહિત બનતી જાય છે; એ ખરેખર કમનશીબી છે !

## રોજનું ખર્ચ રૂા. ૮૦૦૦૦ :

ભારતની લોકસભામાં ચૂંટાઈને આવેલાઓને કે તેમને મત આપનારાઓને પણ કદાચ એ ખબર નહિ હોય કે, ભારત જેવા હજુ આર્થિક દૃષ્ટિયે માંડ પગભર થતા દેશમાં તેની લોકસભાનું દરરોજનું ખર્ચ રૂા. ૮૦ હજારનું થાય છે. ચૂંટણીમાં ઉભા રહ્યા પછી લાખો રૂા. ખર્ચીને ચૂંટાઈ આવનાર સભ્યો ત્યાં જઇને જે ખુરશી પર બેસે છે, તે ખુરશી પર બેઠા પછી તેમની એક મિનીટનું ખર્ચ રૂા. ૨૫૦ થાય છે; આ પરિસ્થિતિમાં ત્યાં જઇને કેવલ વાણી વિલાસ પાછળ, કે એકપક્ષની સાચી રજૂઆતને કેવલ પક્ષીય ધોરણે જોઈને દેશના હિતને ગૌણ કરી તેનાં ખંડન પાછળ જે સમયનો દુર્વ્યય થાય છે, તે સમયનો નહિ પણ ભારતની ક્રોડોની પ્રજાએ પરસેવા ઉતારીને પેદા કરેલી મિલકતનો પણ કેટ–કેટલો દુર્વ્યય થાય છે. ગઈ તા. ૧૨–૧૨–૬૩ ના લોકસભાની ચાલુ બેઠકે કોંગ્રેસપક્ષે પોતાના પક્ષની મીટીંગ રાખેલ, જેના પરિણામે લોકસભામાં કોરમ તૂટી ગયું, ને અધ્યક્ષને નિરૂપાયે ૩ કલાક બેઠક મુલતવી રાખવી પડી. જેનું ખર્ચ રૂા. ૪૫૦૦૦ થયું; કેવલ પોતાના પક્ષની મિટીંગ ખાતર લોકસભાની ચાલુ બેઠક ત્રણ કલાક મુલતવી રાખવાનો બનાવ દુનિયાભરના દેશોની પાર્લામેંટમાં આ પ્રથમ જ બન્યો છે. શાસકપક્ષ તરીકે કોંગ્રેસે આ રીતે ભારતની પ્રજાના રૂા. ૪૫૦૦૦ નું પાણી કર્યું. આમ કરકસર તથા ચીવટાઈ અને શિસ્તનો આગ્રહ રાખનારા દેશના આ બધા મહારથીઓએ પ્રજાને આ કયો બોધપાઠ પૂરો પાડયો ?

## ભણેલા બેકારોના આંકડા :

વારંવાર ભારત સરકારના નિયોજન પ્રધાનો એમ કહેતા હતા કે, 'ત્રીજી યોજનાને અંતે દેશમાંથી બેકારી દૂર થશે, ને સ્વાવલંબી અર્થતંત્ર સિધ્ધ થશે.' પણ હમણાં નોકરી અધિકારીઓનાં દફતરનો બહાર પડેલો રીપોર્ટ એમ કહે છે કે, 'દેશમાં દિન–પ્રતિદિન ભણેલા બેકારોની સંખ્યા વધતી જ જાય છે. ૧૯૫૮માં મેટ્રીક થયેલા બેકારોની સંખ્યા ૨૮૩૨૬૮ ની હતી. ઇંટર થયેલા ૪૪૫૭૫ હતા. ને ગ્રેજ્યુએટ બેકારો ૩૬૫૪૯ હતા. ત્રણેયની કુલ સંખ્યા ૩૬૪૩૯૨ થઈ હતી. જે ૧૯૬૨ માં વધીને મેટ્રીક થયેલા બેકારો ૫૫૩૬૧૮, ઇંટર થયેલા બેકારો ૯૦૯૫૪, ને ગ્રેજ્યુએટ થયેલા ૬૩૭૮૪ ને કુલ ત્રણેય મળીને ૭૦૮૩૫૬ થયેલ. આ સિવાય બેકારોના વધુ આંકડાઓ પણ મળી શકે તેમ છે. દેશમાં ચોમેર પ્રગતિ થઇ રહી છે, ને વાતો કરનારાઓની આંખો હવે જરૂર ઉઘડશે. આટ–આટલી ખર્ચાળ કેળવણી, મોંઘી દાટ જીવન જરૂરીયાતની વસ્તુઓ છતાં પ્રજાને કયાંયે શાંતિ કે સુખ; સ્વસ્થતા કે આરામ જ ન મળે ! માટે જ વારંવાર શાસ્ત્રો પોકારી–પોકારીને કહે છે કે, 'સંસારમાં ધર્મ જ સાચું શરણુ છે, એ સિવાય અન્યત્ર ફાંફા મારવા તે જીવતી માને મૂકીને પાડોશીની આશા રાખવા જેવું મૂર્ખાઇભર્યું છે.

## જીવન એ અકસ્માત :

સંસારમાં જીવન ક્ષણભંગુર છે. આયુષ્ય ચંચળ છે. કયારે મોત આવીને માનવનો ઘાટ ઘડી નાંખે તે કાંઇ કહી શકાય નહીં. તાજેતરમાં રામપુરા-ભંકોડા બાજુ દેત્રોજ ગામમાં ચાર બ્હેનો વચ્ચે એકનો એક ભાઈ, ને વિધવા માતાનો એકનો એક ૧૬ વર્ષનો પુત્ર બચુ મગનલાલ પટેલ પોતાની ભેંસને પાણી પાવા તળાવે લઇ ગયેલ. તેટલામાં એકાએક તોફાને ચઢેલ ભેંસે બચુને પાણીમાં ડુબાડી દેતાં તેનું તરત જ અવસાન થયું હતું. માનવને મોત કયારે કઈ રીતે ખબર લેવા આવે છે તે કોઇની કલ્પનામાં પણ આવતું નથી. પોષ સુદિ ૧૪ રવિવારના શંખેશ્વરજી તીર્થની યાત્રા કરી કેટલાયે જૈન યાત્રિકો અમદાવાદની બસમાં બેઠેલાં; બાદ વીરમગામથી પણ કેટલાયે મુસાફરો તેમાં બેઠેલા ને તે બસની સાથે છારોડી તથા સાણંદ વચ્ચે સામેથી આવતો ભારખટારો પૂર જોશમાં અથડાયો, ને બસનું એક પડખું તૂટી પડતાં કેટ-કેટલાયે માનવો આમ અચાનક મોતના મુખમાં ધકેલાઈ ગયા. જે ભાગ્યશાલીઓએ શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની યાત્રા કરી છે, તે તો કૃતકૃત્ય બની ગયા, ને તેની અનુમોદનામાં રમતા તેઓ કદાચ સદ્‌ગતિગામી બન્યા હોય! પણ સંસાર કેવો અશરણ છે, તે આ ઉપરથી સમજાય છે. કાશ્મીરની નજીક નેફા વિસ્તાર આગળ ભારતના છ મોટા અફસરો એક હેલીકોપ્ટરના અકસ્માતમાં વાત કરતાં મોતના મુખમાં સમેટાઈ ગયા. આમ આજે તો વારે-તહેવારે, ન મુહૂર્ત; ન ચોઘડીયું; ન કોઈ સંદેશો કે સમાચાર; વાત કરતાં માનવ મોટરમાં, ટ્રેનમાં, પ્લેનના અકસ્માતમાં સામટા સો વર્ષ પૂરા કરીને ફાની દુનિયા ત્યજીને નીકળી પડે છે. હમણાં તા. ૨૫-૧૨-૬૩ ના ગ્રીક જહાજમાં નવા વર્ષમાં નાતાલની મોજ માણવા ગયેલા કેટ-કેટલા રંગીલા પ્રવાસીઓ અમનચમનની મોજનાં સ્વપ્નો સેવતા હતા, ત્યાં તે જહાજ 'લેકોનીયા' માં અચાનક આગ લાગતાં હજારો પ્રવાસીઓ શોક સાગરમાં ડૂબી ગયા, ને તે સ્ટીમર દરીયામાં ડૂબી ગઇ. ૫૫ માનવો મૃત્યુના મુખમાં દટાઈ ગયા. તે રીતે થોડા મહીના અગાઉ આરબ લાઈનના વિમાનને ઠેઠ મુંબઈના સીમાડે અકસ્માત નડતાં લગભગ ૮૦ માનવો દરિયાનાં ઉંડાણમાં ગરક થઈ ગયા. જેને મહિનાઓ થવાછતાં હજુ કેટ-કેટલાયના શબો હાથમાં આવ્યા નથી. 'રે જીવન તારૂં બીજું નામ અકસ્માત' એ સાચું છે.

## માનવ આજ હડકાયો બન્યો છે.

તા. ૨૭-૧૨-૬૩ ના રોજ ગુજરાત વિધાનસભામાં પ્રજાસમાજવાદી પક્ષના સભ્ય ચીમનલાલ જી. પટેલના પ્રશ્નના લેખિત જવાબમાં ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન શ્રી મોહનલાલ વ્યાસે જણાવ્યું હતું કે, 'ગુજરાત રાજ્યમાં તા. ૧લી જાન્યુઆરીથી ૩૧ મી ઓગષ્ટ સુધીના આઠ માસના ગાળામાં ૨૫૧૬૬ કુતરા કરડવાનાં કિસ્સા નોંધાયા હતા, તેમાંથી એક પણ કિસ્સામાં કોઈનું મરણ થયું નથી.' આઠ મહિનામાં ગુજરાત રાજ્યમાં કૂતરૂં કરડવાથી કોઈનું પણ જ્યારે મરણ થયું નથી, એમ ખુદ્દ આરોગ્યખાતાના પ્રધાન લેખિત જવાબમાં સ્પષ્ટપણે જણાવે છે, તો પછી ગુજરાત રાજ્યની મ્યુનિસીપાલિટીઓને ઠેર-ઠેર કૂતરાઓને મારી નાંખવાનો હડકવા કેમ લાગુ પડયો છે? અમદાવાદની મ્યુનિસીપાલીટી, પાટણની મ્યુનિસીપાલિટી તેમજ બીજી પણ મ્યુનિસીપાલિટીના મદાંધ સત્તાધીશો આજે વગર વાંકે બિચારા નિર્દોષ, નિમકહલાલ તથા વફાદાર ગણાતા કૂતરાઓને પાળવાના બદલે ઝેરની લાડુડીઓ આપી, ક્રુરપણે સામુદાયિક કત્લેઆમ ચલાવે છે, તે કોઈ રીતે માફ ન કરી શકાય તેવો ગંભીર અપરાધ છે. ખુદ્દ ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન ખાત્રીપૂર્વક કહે છે કે, 'છેલ્લા ૮ મહિનાના ગાળામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કૂતરાના

કરડવાથી એક પણ મરણ થયું નથી. તો અમે ગુજરાત સરકારને પૂછીએ છીએ કે, માનવે કેટલા કૂતરાઓને આઠ આઠ મહિના દરમ્યાન માર્યા? તેની તમને ખબર છે? માનવ હડકાયો કે કુતરૂં હડકાયું? ખરેખર આજે માનવને મારવાનો હડકવા લાગુ પડયો છે.

યૂરોપના લોકો પશુપક્ષીઓને પાળે છે, બચાવે છે, ને તેમના પ્રત્યે પ્રેમ રાખે છે, ત્યારે ભારતની પ્રજા હવે વંઠી રહી છે કે, વાતવાતમાં કૂતરાઓને, વાનરોને, ઉંદરોને, તથા હરણોને મારતી થઈ છે. તે પણ ગાંધીજીની અહિંસાની વાતોમાં રસ લેતી કોંગ્રેસી સત્તાના વડપણ નીચે!

## વ્યવસ્થિત કાવત્રુ!

ગોરી પ્રજા તથા એશીયાની પ્રજા વચ્ચે ગજગ્રાહ ગોરી સંસ્કૃતિએ ઉભો કર્યો છે. યૂરોપની પ્રજા કોઈપણ રીતે એશીયન પ્રજાની ઉન્નતિ સાંખી શકે નહિ. પેલાથી અરે સદીઓથી કોઈને કોઇ બ્હાના નીચે યૂરોપની ભણેલી પ્રજાએ પોતાની જાતને સુસંસ્કૃત રાજ્ય તરીકે કહેવડાવીને એશીયાની પ્રજાને કચડી નાંખવા, તેના રીત, રિવાજો, રહેણી-કહેણી વગેરેને અસભ્ય, જંગલી કહીને તેને ઉતારી પાડવા એકી અવાજે વર્ષોથી વ્યવસ્થિત કાવત્રું કર્યું છે. છતાં એશીયાની પ્રજા પોતાની સંસ્કૃતિ, પોતાનો ધર્મ તથા પોતાની રહેણી-કહેણીને મકકમપણે વળગી રહી છે, એટલે હવે યૂરોપની પ્રજાએ એશીયાની પ્રજાની વધતી જતી જનસંખ્યા ઓછી કરવા ભૂખમરો તથા બેકારીનો હાઉ આગળ કરી એશીયાનું નાક ગણાતા ભારતમાં વસતિવધારો રોકવાના બ્હાને ભારતની પ્રજાની સંખ્યા ઘટાડવાનું નવું કાવત્રુ કર્યું છે, ને તે કાવત્રાનો ભોગ આપણા દેશનાયકો થઈ ગયા છે. તાજેતરમાં તા. ૧૦-૧-૬૪ ના દીલ્હી ખાતે યોજાયેલ 'એશીયન જનસંખ્યા પરિષદ'નું ઉદ્‌ઘાટન કરતાં વડા પ્રધાન શ્રી નહેરૂએ કહ્યું હતું કે, 'વસતિવધારાનો પ્રશ્ન હવે એશીયાના ઘણાખરા રાષ્ટ્રોને અસર કરનારો નીવડયો છે. અને એ તરફ દુર્લક્ષ સેવવું એ સારૂં નથી. આ પ્રશ્નને કાંઈક અગમબુદ્ધિ અને નિયોજન દ્વારા ઉકેલવો જોઈએ, કેન્દ્રીય ગૃહપ્રધાન શ્રી નંદાએ આ પરિષદમાં જણાવેલ કે, 'એશીયાના લોકોની સુખાકારીનો આધાર વધતી જતી વસતિને ઘટાડવા પર રહેલો છે' શ્રી નંદા આ પરિષદના ભારતીય પ્રતિનિધિમંડળના ચેરમેન તરીકે ચૂંટાયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સતત વસતિ વધારાને લીધે જીવનધોરણ પર આર્થિક વિકાસની અસર ઓછી રહેવા પામે છે. આ રીતે આ પ્રદેશના સર્વ દેશો માટે વધતી જતી જનસંખ્યામાં ઘટાડો કરવાના ઉપાયો શોધવા અને સમશ્યામાંથી ઉગારવાની બાબત મહાન ચિંતારૂપ બની ગઈ છે'-નંદાજી તથા પં. જવાહરલાલજી-બંને કેવલ યૂરોપની ચાલબાજીનો ભોગ બન્યા છે. કારણ કે આ પરિષદનો અહેવાલ જણાવે છે કે, 'આ પરિષદમાં યૂનોનાં નિષ્ણાતો, ઉપરાંત અમેરિકા, રશિયા, બ્રિટન, અને ફ્રાન્સના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.' આ બધા યૂરોપના નિષ્ણાતોને ભારતની વસતિ ઘટે તેમાં સારો રસ છે. કારણ કે, વધતી જતી ભારતની પ્રજા ગોરી પ્રજા પર પ્રભુત્વ જતે દિવસે જમાવી ન દે, તે માટે ભારતની જનસંખ્યા ઘટે તેવું કરવા આ લોકો ભૂખમરો, બેકારી વગેરેના હાઉ આપણને આગળ ધરે છે. એક બાજુ ભારતમાં યાંત્રિકવાદ ફેલાવવો છે, ને બીજી બાજુ વસતિ વધશે તો લોકો બેકાર બનશે તેમ કહીને ભારતના લોકોને નિયોજન કેંદ્રોમાં સંતતિનિયમના ઓપરેશન કરાવી, સ્ત્રી-પુરૂષોને નપુંસક બનાવી, નામર્દ બનાવવા છે. તે પણ ભારતની સર્વશ્રેષ્ઠ પ્રજા હિંદુ સંસ્કૃતિને માનનાર હિંદુ કોમને જ. મુસ્લીમોમાં બહુપત્નીત્વ કાયદેસર છે. તેમને નિયોજન કેંદ્રમાં જવાનું મોટે ભાગે રહેતું નથી. ફકત દરરોજ સમગ્ર ભારતમાં હિંદુ સ્ત્રી-પુરૂષોના ઓપરેશનો થઈ રહ્યા છે, જેથી નહિ સંયમ, નહિ બ્રહ્મચર્યપાલન: કેવલ

નિરંકુશ સ્વચ્છંદાચાર: ને વસતિ વધારાના નામે ભારતની પ્રજાની સંખ્યા ઘટાડી; જતે દિવસે યૂરોપની પ્રજાનું વર્ચસ્વ એશીયાની પ્રજા પર જામે તે માટે આ એક ચાલબાજી છે. પૂર્વકાલમાં ક્રોડોની વસતિ હતી. કદિ બેકારી કે ભૂખમરો ન હતો: શ્રમ કરીને પોતાની પુણ્યાઇ પ્રમાણે પ્રજા સુખ તથા સંતોષ પૂર્વકજીવન નિર્વાહ કરતી. વિક્રમ રાજાએ સંઘ કાઢયો તે પ્રસંગે કેવલ સંઘમાં ૭૦ લાખ તો શ્રાવકના કુટુંબો હતા. દ્વારિકામાં ભગવાન શ્રી નેમિનાથ સ્વામીના સમયમાં ૫૬ ક્રોડ તો યાદવો હતા. તો આ બધા રહી શકતા હતા ને હવે વસતિ વધી ગઇ ? યૂરોપના લોકોને એવું કયું હેત ભારત પર વરસી ગયું કે, 'એશીયન જનસંખ્યા પરિષદ'ના કાર્યક્રમમાં ભાગ લેવા તે બધા દોડી આવ્યા ? યૂરોપમાં દિન-પ્રતિદિન વસતિ વધારો ઉમળકાભેર વધાવી લેવાય છે, ને ભારતની વસ્રતિ વધે તેની ચિંતા યૂરોપના આ બધા દેશો કરે છે, તેજ સમજી શકાય છે કે, ભારતની વસતિ વધે તે એમને કોઈ રીતે પોતાનું વર્ચસ્વ વધારવાની મહત્ત્વાકાંક્ષા માટે હિતાવહ નથી. જતે દિવસે ભારતમાં મુસ્લીમોની તેમજ અન્ય અનાર્ય વસતિ વધી જશે, ને ભારતીય સંસ્કૃતિની ઉપાસક આર્યપ્રજા ઘટતી જશે. આ યૂરોપીયનોની ચાલબાજી છે. તેમની આ ચાલબાજીનો ભોગ વર્તમાન કોંગ્રેસીતંત્રના સત્તાધીશો બન્યા છે, તે ઠેર ઠેર નિયોજન કેંદ્રો ખોલીને ઓપરેશનો કરાવવાનો પ્રચાર કરી રહ્યા છે, રે ભારત ! તારી કમનશીબી !

## રોગ મટાડવા ઉપવાસ

મોસ્કો (રશીયા)ના એક યુવાન પદાર્થ વિજ્ઞાનશાસ્ત્રી લાડીમીર લેશકોતસેવે ૪૫ દિવસના ઉપવાસ કર્યા હતા. ઉપવાસ દરમ્યાન તે માત્ર ખનીજ પાણી લેતો હતો. ૪૦ દિવસ પછી વધારે નબળાઈ લાગતાં લાડીમીરે ૪૫ મા દિવસે ફળનો રસ લઇને ઉપવાસ છોડ્યા હતા. લાડમીરે ગંભીર રોગ મટાડવા આ ઉપવાસો કર્યા હતા. ને તેઓ તંદુરસ્ત તથા પ્રસન્ન રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિ તો આધ્યાત્મિક આરોગ્ય પ્રાપ્ત કરવા જેમ ઉપવાસનું મહત્ત્વ સ્વીકારે છે, તે રીતે શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય માટે પણ ઉપવાસનું મહત્ત્વ માને છે. રોગોનું કારણ વિકૃત આહાર-વિહાર છે, ને તેને ટાળવા માટે ઉપવાસ એ મહત્ત્વનું સાધન છે. ભારતમાં આજે રોગો વધી રહ્યા છે, ને દિન-પ્રતિદિન દવાખાનાઓ, દવાઓ તથા હોસ્પીટાલો વધતી જાય છે, તે ભારતની પ્રગતિનાં ચિહ્ન નથી જ, પણ પડતીના ચિહ્ન છે. ખાવા-પીવામાં નિરંકુશતા, તથા રહેણી-કહેણીની સ્વચ્છંદિતા માનસિક તેમજ શારીરિક તંદુરસ્તીને જોખમાવે છે. પણ આજે માનવને વિજ્ઞાનના યુગમાં થોડો પણ સંયમ, સહિષ્ણુભાવ કે તપ, ત્યાગ કયાં પરવડે છે ? ને ખાઇને માંદા પડવું ગમે છે, દવાથી જીવવું ગમે છે, ને વાત-વાતમાં ઉશ્કેરાઈ જઈ શરીર તથા મનને બહેલાવવું ગમે છે, ત્યાં આ બધી શાસ્ત્રોએ કહેલી અને આજના યૂરોપના વૈજ્ઞાનિકોએ પોતાની જાત પર પ્રયોગ કરીને નક્કી કરેલી વાતો કયાંથી ગમે ?

## પ્રવાસો અને ઉદ્ઘાટનો

ગુજરાત રાજ્યના નાયબ નાણાપ્રધાન શ્રી માલદેવજી ઓડેદરાએ ગુજરાત વિધાનસભામાં તા. ૨૬-૧૨-૬૩ ના રોજ ભૂતપૂર્વ પ્રધાનોના તા. ૮-૩-૬૨ થી તા. ૩૧-૧૨-૬૨ સુધીના ૧૦ મહિનાના પ્રવાસ અંગેનો અહેવાલ જણાવતાં કહેલ કે, દસ માસમાં પ્રધાનોએ ૬૮૭ પ્રવાસો કર્યા છે. ને રૂા. ૧૦૯૮૭૯ ને ૧૪ ન. પૈ.નું પ્રવાસ ખર્ચ થયેલ છે, ને પ્રધાનોએ ૬૬ જેટલાં ઉદ્ઘાટનો કરેલ છે. આમ ૧૦ મહિનાના ગાળામાં પ્રધાનમંડળની આ પ્રગતિ ગુજરાત રાજ્ય માટે જરૂર ગૌરવ (?) લેવા જેવી ગણી શકાય ખરી ? વર્તમાનમાં જે પ્રધાનમંડળ સત્તા પર આવેલ છે, તેમાં મુખ્યપ્રધાન શ્રી બળવંતરાયભાઇ વારંવાર કહેતા હતા કે, 'પ્રધાનોએ સમારંભોથી આઘા રહેવું,' પણ આ બધું પ્રધાનપદની કે સત્તાની ખુરશી પર ન બેસાય ત્યાં સુધી, બાદ બધું જ

બદલાઇ જાય છે. પ્રધાનપદ જેવા જવાબદારીનાં સ્થાને રહેલાઓએ તો ઉદ્‌ઘાટનો, સમારંભો તથા આવા બધા જલસાઓથી દૂર રહી, પ્રજાના હિતને હૈયે રાખી સ્વાર્થત્યાગની ભાવના પૂર્વક જનતાની સેવા કરવી જોઇએ. તેમજ સાદા, સંયમી તથા વિનમ્ર બનવું જોઈએ. સેવાને મહત્ત્વ આપવું, પણ સ્વાર્થને નહિ. યૂરોપના દેશોમાં સત્તાસ્થાને રહેલાઓ પોતાનાં સ્થાનને કેટ-કેટલી પ્રમાણિકતાથી વળગી રહે છે, ને પ્રજાને મન સ્હેજ પણ અસંતોષ જણાય કે તરત જ પોતે છૂટા થઈ જતાં વાર નથી લગાડતા. ને સત્તાસ્થાન છોડયા પછી એજ સાદાઈ તથા સરળતા: તાજેતરમાં બ્રિટનના વડાપ્રધાનપદેથી છૂટા થયેલા મેક-મિલન લંડનના ટ્રફાલ્ગર સ્કવેરમા અગીયાર નંબરની બસ માટે ઉભી રહેલી કયુમાં પોતે શાંતિથી ઉભા છે; તે વખતનો ફોટો અચાનક કોઈ ફોટોગ્રાફરે ઝડપીને 'ડેઈલીમેઈલ' પત્રને વેચેલ. ને તે વખતનો ફોટો 'ડેઇલીમેઇલ'માં પ્રસિધ્ધ થયો છે ઈંગ્લાંડના વડાપ્રધાનના પદે વર્ષોથી રહેલા છતાં બસની કયુમાં ઉભા રહેતાં ન તેમને અસંતોષ કે, ન તેમને શરમ-સંકોચઃ અને ભારતમાં તો જો એકાદ મહિના માટે પ્રધાનપદ મલી ગયું હોય તો બસ પછી તો તે માજીપ્રધાનનો રૂવાબ જાણે ગવર્નર જનરલ જેવો થઇ જાય. બંગલો, મોટર, રસોઈયો, રેડીયો, ફરનીચર, ઉપરાંત પુત્રપરિવારને લીમી-ટેડ કન્સલ્ટીંગમાં ભાગીદારી, ને ઈંગ્લાડ-યૂરો-પની મુસાફરી તેમજ પરદેશી બેંકોમાં લાખ્ખો પૌંડોની જમાવટ: આ બધું આજે બની રહ્યું છે. તે કહી આપે છે કે, ભારતની પ્રજાની નીતિનું ધોરણ નીચું જઈ રહ્યું છે, તેમાં સત્તા-સ્થાને રહેલાઓનો સંપત્તિ તથા સત્તાનો મોહ વધુ જવાબદાર છે.

## યતનાધર્મનું મહત્ત્વ:

જૈનદર્શન વારંવાર પોકારી-પોકારીને ફર-માવે છે કે, યતના રાખો, ઉપયોગ રાખો, ખાવા-પીવામાં, રહેણી-કહેણીમાં જો યતના-શીલ નહિ રહો તો સ્વ-પર બન્નેનું ઈહલોક તથા પરલોક બન્નેય રીતે અહિત સર્જાશે. ઘરની બહાર જ્યાં ત્યાં હોટેલોમાં, લોજોમાં કે કંદોઈને ત્યાંથી ઉઘાડી રહેલી મીઠાઈઓ ખાવાથી, સ્વ તથા પર બન્નેનું અહિત છે. તે હકીકત તાજેતરમાં બનવા પામેલ છે, મહા-રાષ્ટ્ર રાજ્યમાં ધુલીયાથી ૧૨ માઈલ દૂર કુસુંબે ગામમાં તા. ૨૯-૧૨-૬૩ના એક ડોશીમાના કારજમાં જ્ઞાતિભોજન કરવામાં આવેલ, જેમાં જમ્યા બાદ ૧૦૦ માણસોને ઉલટીઓ થયેલી. તેમાં ૮ માણસોની તબીયત વધુ બગડેલી. ને તેમાંથી ૨૧ જણાનું તો તત્કાળ મરણ નીપ-જયું હતું. એજ રીતે તા. ૭-૧૨-૬૩નાં આંધ્રમાં આલવાઈ નજીક આગમ ગામે એક મિજબાનીમાં ૩૦૦ માણસોએ જમણમાં ભાગ લીધા બાદ તેમને ખોરાકનું ઝેર ચઢવાના ચિહ્નો જણાયેલ. દુકાનોની મીઠાઈઓ, હોટેલની ચહા તેમજ યતના વિનાના આ બધા તૈયાર થયેલા ખોરાકો ચોમેર જીભ્હાના સ્વાદની ખાતર વધી જવાના કારણે આ બધા ગંભીર પરિણામો આવે છે. માટે જ યતના તો પહેલી જ જોઈએ, ને શારીરિક તથા આત્મિક સ્વાસ્થ્ય ખાતર પણ જાણીતી વસ્તુ. ને જાણીતી રીતે થયેલી જ યતનાપૂર્વક તૈયાર કરાયેલી જ વસ્તુને મોંઢામાં મૂકવાનો આગ્રહ રાખવો જોઈએ....અનુપયોગ કેવું ભયંકર પરિણામ લાવે છે, ને નિર્દોષ જીવની હત્યા કઈ રીતે થાય છે, તે માટે પંચમહાલ જીલ્લાના લીંબડીયા ગામે બનેલો કિસ્સો કરૂણતાની હદ વાળો છે. લીંબડીયા ગામે નાનાભાઈ હીરાભાઈ ભોઈની પત્ની ઘેર ચૂલા ઉપર ચા બનાવતાં હતા. ચુલા પર ચા તપેલામાં ઉકળતી હતી. ને તે બાઈ કપ-રકાબી લેવા જતાં ચુલા પાસે રમતો ૧॥ વર્ષનો બાળક બા-બા કરી ઉભો થવા જતાં ચૂલા ઉપર ઉકળતી ચામાં પડતાં સખ્ત દાઝી જતાં મૃત્યુ પામ્યો....માટે જ આપણને વારંવાર કહેવામાં આવે છે કે, યતના જેવો કોઈ ધર્મ નથી. ખૂબ ખૂબ સાવધ રહો! ખાવો, પીવો, હરો કે ફરો યતના પૂર્વક જીવન જીવતાં શીખો! તો જ સ્વ તથા પરનું હિત થઈ શકશે!

# સમાચાર સાર

**રાજેંદ્ર જયંતિ ઉત્સવ :** પૂ. આ. મ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.શ્રીનો જયંતિ ઉત્સવ; પૂ. આ. મ. શ્રી વિજયયતીંદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મ.ની પ્રેરણાથી પોષ સુ. ૭ રવિવારના અમદાવાદ ખાતે રતનપોળ, હાથીખાનામાં શ્રી રાજેંદ્રસૂરિ જ્ઞાનમંદિરના ચોકમાં ભવ્ય સમારોહપૂર્વક ઉજવાયેલ. જુદા જુદા વક્તાઓએ મનનીય વક્તવ્યો કરેલ. બપોરે શ્રી વાઘણપોળના મહાવીર સ્વામીના જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવેલ, ને અંગરચના કરવામાં આવેલ.

**પુનાથી વિહાર કર્યો :** પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મ. શ્રી મુલુંડથી વિહાર કરી પુના શહેર પધારેલ. ૨૭ દિવસની સ્થિરતા કરી હતી. વ્યાખ્યાન ચાલુ હતું. તેઓશ્રીએ વિહાર કર્યો છે.

**શિક્ષણ તથા વૈયાવચ્ચ માટે :** પૂ. વિદ્વાન તથા શિક્ષણપ્રેમી તપસ્વી મુનિરાજ શ્રી કેવલવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી જૈન માર્ગ આરાધક સમિતિએ નીચે મુજબ યોજનાઓ નક્કી કરી છે, ને ચાલુ કરી છે. ૧ કચ્છમાં શ્રમણ પાઠશાળા માટે રૂા. ૧ હજાર આપવા. ૨. તાડપત્ર પર બૃહદ્કલ્પસૂત્ર તથા નિશીથચૂર્ણી લખાઈ રહી છે. 'નૈરૂપમિતિ કથા' ગ્રંથ કાગલ પર લખાઇ રહેલ છે. ૩ તેમજ પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે આયુર્વેદિક ઔષધો મોકલવાની યોજના ચાલુ છે. ૪ વિહાર કરવામાં અશક્ત પૂ. સાધુ-સાધ્વીઓને માટે એક સ્થાન પર રહેવાનો પાલીતાણા ઇ. સ્થલોમાં પ્રબંધ કરવો, ને તેમના સંયમ પાલન માટેની આવશ્યકતા માટે પ્રબંધ કરવો: આ કાર્ય શ્રી ઇંદ્રચંદ્રજી ધોકાને સુપ્રત કરેલ છે. એ સિવાય શિક્ષણ વિષયક તથા પુસ્તક પ્રકાશન વિષયક યોજનાઓ મંજૂર કરેલ છે. જૈન માર્ગ આરાધક સમિતિ જૈન ધર્મના તત્ત્વજ્ઞાન તથા સિદ્ધાંત પ્રચાર માટે અને પૂ. શ્રમણવર્ગની જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે જે જે યોજનાઓ તેમજ કાર્યો પૂ. મુનિરાજ શ્રી કેવલવિજયજી મ.શ્રીના ઉપદેશ તેમજ પ્રેરણાથી કરી રહેલ છે, તે માટે અમે પુનઃ પુનઃ અભિનંદન આપીએ છીએ, ને તેમના કાર્યની સફળતા ઇચ્છીએ છીએ.

**પ્રવાસ :** જુન્નર (મહારાષ્ટ્ર) મહારાષ્ટ્રીય જૈન વિદ્યાર્થીભુવનના વિદ્યાર્થીઓ આ બાજુના પ્રસિદ્ધ સ્થળ ઇણાદ્રી ખાતે પ્રવાસે ગયેલ. જ્યાં એક મોટી શિલા પર થાંભલા વિનાનો મોટો હોલ છે. જેમાં ૨૫૦૦ માણસો બેસી શકે તેવી ગુફાઓ છે ત્યાં પ્રભુજીને લઇ જઈને પૂજા-સ્નાત્ર વગેરે ભક્તિનો કાર્યક્રમ યોજેલ, જે જંગલમાં મંગલ જેવું થયેલ. શેઠ ચુનીલાલ ખુશાલચંદ લુણાવત તરફથી મિષ્ટાન્ન ભોજન થયેલ. પ્રાર્થના, મૈત્રીભાવના વિષે ગીતગાન કરી સાંજે વિદ્યાર્થીઓ પાછા આવેલ. શિક્ષકો તથા વિદ્યાર્થીઓની વ્યવસ્થાથી કાર્યક્રમ સુંદર રીતે થયેલ. હાલ ભવનમાં ૭૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

**સી. વર્ગના સભ્યોને :** 'કલ્યાણ'ના સી. વર્ગના (દ્વિ. વર્ષીય) સભ્યોને વિનંતિ કે, તેમના નામોનું નવું લીસ્ટ તૈયાર થઈ રહ્યું છે. આગામી બારમા અંકથી તેમનો ગ્રા. નં. નવો આવશે, માટે હવેથી રેપર પર આવેલ નવો ગ્રા. નં. નોંધી લેવા ધ્યાનમાં રાખે! અને અમને પત્ર લખતી વખતે તે નંબર અવશ્ય જણાવે.

**આગ્રહ ભરી વિનંતિ :** શારીરિક કારણે જરાયે વિહાર ન કરી શકે તેવા વૃદ્ધ, બિમાર કે અશક્ત પૂ. સાધુ-સાધ્વીજી પાલીતાણામાં કાયમી સ્થિરતા કરી રહેવા ઇચ્છતા હોય તેમના માટે તમામ સગવડો થઈ શકે તેમ છે, તેવાઓએ પોતે કે તે તે ગામના સંઘે નામો લખી જણાવવાની કૃપા કરવી. યોગ્ય સંખ્યા થયે જ વ્યવસ્થા શરૂ કરાશે. શ્રી જૈનમાર્ગ આરાધક સમિતિ. મુ. ગોકાક (જી. બેલગામ) (મૈસુર રાજ્ય)

**દહેજ પધાર્યા છે :** પૂ. પં. શ્રી ચિદાનંદ વિજયજી ગણિવર આદિ ઠા. ૪ માસર રોડ થઇને આમોદ પધાર્યા હતા. ત્યાંથી તેઓશ્રી ગંધારતીર્થની યાત્રા કરી પો. સુ. ૫ ના દહેજ પધારતાં સામૈયું થયેલ. સુ. ૮ ના પૂજા પ્રભાવના થયેલ. જિન-મંદિરનો જીર્ણોદ્ધાર થયેલ છે. તેમાં નૂતન જિન-બિંબોનો પ્રવેશ મહા સુ. ૭ ના થનાર છે, તે નિમિત્તે પૂ. મહારાજશ્રીને સંઘે વિનંતિ કરતાં પૂ. મહારાજશ્રી સ્થિરતા કરશે.

**બોટાદ :** અત્રે પૂ. મુ. શ્રી વિજયચંદ્રવિજયજી મ. ના ઉપદેશથી પો. સુ. ૧૪-રવિવારના નમસ્કાર મહામંત્રનો સામુદાયિક જાપ ૩ લાખનો થયેલ. જેમાં ૬૫૦ ભાઇ-બહેનોએ લાભ લીધેલ. સંઘ તરફથી એકાસણા કરાવાયેલ. સવારે સામુદાયિક સ્નાત્ર મહોત્સવ પૂજા, તથા પ્રભુજીને અંગરચના થએલ. પૂ. મહારાજશ્રી હાલ અત્રે રોકાશે.

**યાત્રાસંઘ :** પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં શ્રી નગીનદાસ મંડપ-પાટણ તરફથી ચારૂપતીર્થની યાત્રાનો સંઘ પો. વ. ૧ ના નીકળેલ. ૧૫૦ લગભગ ભાઈ-બહેનો ચાલીને આવેલ. વ્યાખ્યાન, પૂજા, ભાવના તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ. પાટણથી વાહનો દ્વારા ઘણા ભાઇ-બ્હેનો આવેલ. આરતી, મંગલદીવામાં ઘી સારૂં થયેલ. પૂ. પં. મહારાજશ્રીએ વ. ૬ ના પાટણથી કુણઘેર તરફ વિહાર કરેલ. લોકો સારી સંખ્યામાં વળાવવા આવેલ. કુણઘેર સામૈયું થયેલ. પાટણથી સ્નાત્રમંડળ આવેલ. ઠાઠથી સ્નાત્ર ભણાવેલ શ્રી જગજીવનભાઈ શ્રી શિખરજી તીર્થની યાત્રા કરીને આવેલ, તે નિમિત્તે તેમના તરફથી નવકારશીનું જમણ થયેલ. પાટણમાં હજુ જિનાલયોના ગભારામાં લાઇટો ચાલુ છે, જે કોઈ રીતે બંધ થવી જોઇએ. પૂ. મુનિવરો જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં જિનાલયોમાં ઇલેકટ્રીક લાઇટો થતી હોય તો ઉપદેશ આપીને જરૂર બંધ કરાવે.

**અંધેરીમાં મહોત્સવ :** પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા શતાવધાની પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. ની શુભનિશ્રામાં માહ સુ. ૫ થી સુ. ૧૨ સુધી માલારોપણ મહોત્સવની શરૂઆત થશે. માહ સુ. ૧૧-૧૨-શનિ-રવિ-બન્ને દિવસ શ્રી અર્હત્પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. સુ. ૫ ના માલાની ઉછામણી બોલાશે, ૧૦ ની સવારે માળનો વરઘોડો, ને ૧૧ ની સવારે ૪૭ ભાગ્યવાનોને માલારોપણ થશે. દરરોજ પૂજા, ભાવના, તથા અંગરચના રચાવાશે. શ્રી અરિહંત પૂજન માટે શ્રી અનુભાઈ લલ્લુભાઈ આવનાર છે. ઉત્સવ ભવ્ય ધામધૂમથી ઉજવાશે.



**શ્રી સરસ્વતીબેન મગનલાલ નાણાવટી સુરત.**

જેઓ 'કલ્યાણ'ના માનદ પ્રચારક શ્રી ચંદ્રસેન નાણાવટીના માતુશ્રી છે, તેમણે તાજેતરમાં સુરત ખાતે પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં ઉપધાનતપની આરાધના કરી દ્વિ. કા. સુ. ૩ ના મહોત્સવપૂર્વક માલ પહેરી છે. અમારા તેમને અભિનંદન !

**સ્વર્ગારોહણ તિથિની ઉજવણી :** સુરેન્દ્રનગર ખાતે પોષ સુ ૩ ના પૂ. આ. મ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ.શ્રીની ૬ ઠ્ઠી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી નિમિત્તે પૂ. સા. શ્રી જયશ્રીજીના સદુપદેશથી કોંઢવાળા શ્રી મગનલાલ લક્ષ્મીચંદ તરફથી એકધાનના આયંબિલો કરાવાયેલ. ૧૦૦ ઉપરાંત આયંબિલો થયેલ. દરેકને ૧૦ ન. પૈ. ની પ્રભાવના કરવામાં આવેલ. ને શ્રી અમૃતલાલ નરશીદાસ ધ્રાંગધ્રાવાળા તરફથી પૂજા તથા પ્રભાવના હતી. પોષ સુ. ૧૦ ના વાગડવાલા પૂ. સા. શ્રી ચતુરશ્રીજીની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે એક સદ્‌ગૃહસ્થ તરફથી પૂજા તથા પ્રભાવના હતી.

**જનરલ સભા :** શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળની એક જનરલ સભા તા. ૨૧-૧૨-૬૩ શનિવારે મહેસાણા મુકામે શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ લાલભાઈનાં પ્રમુખસ્થાને યોજાયેલ. પુસ્તક પ્રકાશન અંગે તથા ભીલડીયાજી તીર્થના મૂલનાયકના લેપનો તમામ ખર્ચ આપવા બાબત અને નવા ટ્રસ્ટીઓની નિમણુંક અંગે તેમ જ શ્રી કપૂરચંદ વારૈયાના સુંદર કાર્યની કદર બદલ પગારમાં રૂા. ૫૦ ના વધારા સંબંધી કાર્યવાહી સર્વાનુમતે થયેલ. બહારગામથી પધારેલ મહેમાનોને ડો. મગનલાલભાઈ તરફથી જમણ તેમના બંગલે અપાયેલ.

**દસાવાડા :** ઉત્તર ગુજરાતમાં ચારૂપ તથા મેત્રાણાની વચ્ચે આ ગામ આવેલું છે. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. ના સદુપદેશથી ધર્મમાં જાગૃતિ અત્રે સારી આવેલ છે. જીવદયા મંડળ અત્રે જીવોને છોડાવવા વગેરે જીવદયાના કાર્યો કરે છે. પૂ. પં. મ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પૂ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. આદિ બરલુટથી વિહાર કરી વાગરા, જાલોર, થઈ નાકોડા તીર્થમાં પધારતાં અત્રેના ભાઈઓ મા. જેરાભાઈ તથા રજપુત કરસનભાઈ તેઓશ્રીને વિનંતિ કરવા ગયેલ. પૂ. પંન્યાસજી મ. શ્રીની આજ્ઞાથી પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. આદિ દસાવાડા પધારવા વકી છે.

**બેંગલોર તરફ :** પૂ. મુ. શ્રી પ્રીતિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી તત્ત્વવિજયજી મ. હૈદ્રાબાદનું ચાતુર્માસ પૂર્ણ કરી કર્નુલ પધારતાં સંઘે બેંડસહ સામૈયું કરેલ. અત્રે ૧૨ દિવસની સ્થિરતા થતાં શ્રી સંઘમાં શિખરબંધી દેરાસર બાંધવાનો નિર્ણય થયો. જમીન ખરીદીને ૩૦ હજારની ટીપ કરી. પૂ. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી અનંતપુર પધાર્યા. અત્રે પૂ. મહારાજશ્રીના સદુપદેશથી ઘર મંદિર કરવાનો નિર્ણય થતાં રૂા. ૫ હજારની ટીપ થઈ. પૂ. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી બેંગલોર પધાર્યા છે.

**શોકજનક અવસાન :** ગારીયાધાર નિવાસી શ્રી ગીરધરલાલ રવચંદ શાહ ૬૫ વર્ષની વયે મુંબઈ-ઘાટકોપર ખાતે તા. ૧૧-૧૨-૬૩ ના અવસાન પામ્યા છે. તેઓ જાણીતા કાર્યકર શ્રીપ્રકાશ જૈનના પિતા હતા. સ્વ.શ્રીએ જીવનમાં ૨૦ ઉપરાંત અઠ્ઠાઈઓ, બે વાર આયંબિલ પૂર્વક ગિરિરાજની ૯૯ યાત્રાઓ કરેલ. સિદ્ધગિરિમાં ૩ ચાતુર્માસ કરેલ. ૨૦ વર્ષથી ચતુર્થવ્રતનું તેઓ પાલન કરતા હતા. ૯ લાખ નવકારનો જાપ કરેલ. તેઓ પોતાની પાછળ વિધવા પત્ની તથા ૪ પુત્રો બે પુત્રીઓને મૂકીને ગયેલ છે. તેઓ ધર્મનિષ્ઠ તથા સાદા અને નિરભિમાની હતા. અમે સ્વ૦ના પરિવાર પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

**અમદાવાદ :** અત્રે નાગજીભૂધરની પોળના ઉપાશ્રયે પૂ. મ. શ્રી પદ્મવિજયજી મ.ની પ્રેરણાથી પૂ. પરમવૈરાગી સ્વ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરજી મ.શ્રીની શુભનિશ્રામાં સુદિ ૩ ના ઉજવવામાં આવેલ. પૂ. આ. મ. તથા પૂ. પં. શ્રી સુબોધસાગરજી ગણિ, પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ. તથા પં. શ્રી મફતલાલ પં. શ્રી છબીલદાસ આદિએ પૂ.શ્રીનાં જીવન પ્રસંગો પર મનનીય વક્તવ્યો કરેલ. સુદિ ૬ રવિવારે સ્વર્ગારોહણ નિમિત્તે ૬૪ ઈંદ્રો તથા ૫૬ દિક્કુમારિકાઓ ઈ૦ યુક્ત સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ. જે આકર્ષક તથા અનેરો બનેલ.

**સાધ્વીજીની મુલાકાત :** પાટણ ખાતે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા તથા પુરવઠા પ્રધાન શ્રી વિજયકુમાર ત્રિવેદી તા. ૩૦-૧૨-૬૩ ના આવેલ. તેમણે તે દરમ્યાન પંચાસરજીનાં ભવ્ય જિનાલયનાં દર્શન કરી પ્રસન્નતા વ્યક્ત કરેલ. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર તથા ત્યાં રહેલ પ્રાચીન પ્રતોનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કરેલ. આ દરમ્યાન પરમ તપસ્વી સાધ્વીજી શ્રી ચંદ્રપ્રભાશ્રીજીએ આ પ્રસંગે ખાસ વડાપ્રધાનને મળીને 'સત્તાપર રહેલાઓ આજે જે રીતે મૂંગા જીવોની ક્રૂરપણે હિંસા કરી રહ્યા છે. તે કોઈ પણ ઉપાયે બંધ થવી જોઇએ.' ઈત્યાદિ ખાસ ઉપદેશ આપેલ, જે વડાપ્રધાને શાંતિથી સાંભળેલ. તે જ રીતે સાધ્વીજી મહારાજ મહેસાણા જીલ્લાના કલેકટર શ્રી દીગેને પણ મળેલ. ને 'પાટણ ખાતે સેંકડો કૂતરાઓની જે ક્રૂરપણે કતલ થાય છે, તેથી જૈનો તેમ જ હિંદુઓની લાગણી દુભાય છે,' તે વગેરે હકીકત જણાવીને આ કતલ બંધ થાય તે માટે આગ્રહ કરેલ. આ રીતે જૈન સાધ્વીજીએ જે હિંમત કરીને જીવદયાના કામ માટે પ્રધાનો તથા કલેકટરની આંખ ઉઘાડવા પ્રયત્ન કર્યો તે જરૂર આવકારપાત્ર છે. આ મુલાકાત 'કલ્યાણ' ના માનદ પ્રચારક શ્રી લલિતકુમાર વી. શાહના પ્રયત્નથી યોજાઈ હતી.

**ભૂલ સુધારો :** 'કલ્યાણ'ના ગતાંક-ડીસેમ્બરના અંકમાં પેજ ૮૭૫ પર શ્રી નરભેરામ પાનાચંદ મહેતાની જીવનઝરમરમાં પંક્તિ ૬ પર 'પૂ. મહારાજ શ્રી દર્શનવિજયજી ગણિવર્યની' જે છપાયું છે, તેના બદલે 'પૂ. મહારાજ શ્રી દર્શનસાગરજી ગણિવર્યની' એ રીતે સુધારીને વાંચવું.

**ગ્રાહકોને સૂચના :**-'કલ્યાણ'ના પ્રચારકોને ત્યાં જે નવા તથા જૂના ગ્રાહક તથા સભ્યો લવાજમ ભરે. તેમણે કૃપા કરી અમને કાર્ડ દ્વારા તરત જ જણાવવું. જેથી કાર્યાલયને અંકો મોકલવાની અનુકૂળતા રહે ને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે.

**વિહાર કર્યો :** પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણિવર આદિ બાસીં ખાતે ઉપધાન, ઉદ્યાપન આદિ મહોત્સવો પત્યા બાદ પોષ સુદિ ૨ ના બાસીંથી વિહાર કરી ઉપલા પધારતાં બાસીંવાળા શ્રી બાબુલાલ રામચંદ શેઠ તરફથી સામૈયું થયેલ. પાંચ દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાનો થયેલ. જૈન-જૈનેતરવર્ગ સારી સંખ્યામાં લાભ લેતો હતો.

**તલેગાંવ :** (ઢમઢેરા-મહારાષ્ટ્ર) પૂ. મુ. શ્રી નેમવિજયજી મ. ની નિશ્રામાં અત્રે ચાતુર્માસમાં આરાધના સુંદર રીતે થયેલ. પૂ. મહારાજશ્રીની સ્થિરતા દરમ્યાન લોકોએ ઠીક લાભ લીધેલ.

**દેસૂરી :** (રાજસ્થાન) પૂ. મુ. શ્રી જિનપ્રભવિજયજી મ. આદિ ઠા. ૩ જયપુરથી વિહાર કરી માગ. સુ. ૧૧ ના દેસૂરી પધાર્યા છે. માગ. વદિ ૫ થી તેઓની શુભ નિશ્રામાં સંઘવી શ્રી કેસરીમલ રૂપચંદજી તરફથી ઉપધાન કરાવવામાં આવેલ છે, જેમાં ૨૭૯ આરાધકોની સંખ્યા લાભ લે છે. ગામમાં ઉત્સાહ સારો છે.

**શંખેશ્વરજી પધાર્યા છે :** પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી મ. (ડહેલાવાળા) આદિ ઠા. ૨ સાબરમતી ચાતુર્માસ પૂર્ણ કરી, શાતાપૂર્વક યોગોની આરાધના કરી, મા. વદિ ૭ ના અમદાવાદ પધારેલ. વદિ ૧૩ ના ત્યાંથી વિહાર કરી શેરીસા, પાનસર, ભોયણી આદિ તીર્થોની યાત્રા કરી શંખેશ્વરજી પધાર્યા છે.


નં. ૨૪૮૧

**શા. છોટાલાલ ચંદુલાલ જરીવાલા**

૬/૧૧૫૬, મહીધરપુરા. વાણીઆ શેરી,

**સુરત નં. ૩.**

જરીનું ભરતકામ ૦ ચંદરવા
પુઠીઆ ૦ સાડી ૦ છત્રી
તથા આંગીનું બાદલું
બનાવી આપનાર તથા વેચનાર.

**આયંબિલ તથા પૂજા :** સુરેંદ્રનગર ખાતે ચાતુર્માસાર્થે વિરાજમાન પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની તબીયત છેલ્લા ૩ મહિનાથી ગંભીર માંદગીથી અસ્વસ્થ રહેતી. પૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની પુણ્યકૃપાના બળે વૈદકીય ઉપચારો તથા સખ્ત પરેજી પાળવાથી ધીરે ધીરે સ્વસ્થ થતાં, તેઓશ્રીની શાતા માટે તથા ગંભીર માંદગીમાંથી સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું, તેની ખુશાલીમાં તેઓશ્રી દીર્ઘકાળ પર્યંત ચારિત્રનું પાલન કરી શાતા ભોગવે તે નિમિત્તે તથા દેવગુરૂભક્તિ નિમિત્તે સાવરકુંડલા નિવાસી શેઠ અમરચંદ કુંવરજી, કલકત્તા નિવાસી શેઠ મણિલાલ વનમાલીદાસ તથા મુંબઇ નિવાસી શ્રી શિવજીભાઇ વેલજી શાહ તરફથી પોષ સુ: ૧૪-રવિવારના એકધાન્ય મગના આયંબિલો કરાવેલ. આયંબિલ કરનાર તપસ્વી ભાઇ-બ્હેનોને ૨૫ ન. પૈ. પ્રભાવના થયેલ. જેમાં ૩૩૦ લગભગ આયંબિલ થયેલ. બપોરના વ્યાખ્યાન હોલમાં તેઓના તરફથી નવપદજીની પૂજા ઠાઠથી ભણાવેલ. જેમાં શ્રી વાસુપૂજ્ય મિત્રમંડળના ભાઇઓએ ભક્તિરસ જમાવેલ. શહેરના લગભગ સર્વ ભાઈ-બ્હેનોએ આ પ્રસંગમાં ઉમળકાભેર ભાગ લીધેલ. પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ૩ મહિના બાદ પહેલાં વહેલાં ચાલીને પૂજામાં પધાર્યા હતા. તેઓશ્રીએ પણ આયંબિલ કર્યું હતું. પેંડાની પ્રભાવના થઇ હતી. ૩ મહિનાની માંદગીમાં આમવાતના કારણે સખ્ત વેદના રહેતી હોવા છતાં પૂ. મહારાજશ્રીએ સમતા તથા સમાધિભાવે શાંતિ જાળવીને એક જ વૈદકીય ઉપચારો તથા સખ્ત પરહેજી પાળી હતી. જે સંઘમાં સૌ કોઇને સદ્ભાવ પ્રેરક બનેલ. પૂ. મહારાજશ્રીનું સ્વાસ્થ્ય હવે દિનપ્રતિદિન સુધારા પર છે.

**વર્ષગાંઠનો ઉત્સવ :** પાવાપુરી ખાતે પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં સમવસરણના નૂતનમંદિરની પ્રતિષ્ઠા ૨૦૧૩માં થયેલી. તેની ૭મી વર્ષગાંઠનો ઉત્સવ પોષ વદિ ૬ના ધામધૂમથી ઉજવાયેલ. ૩ દિવસ પૂજા, પ્રભાવના તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂ. ગણિવર્ય શ્રી દર્શનસાગરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મહોત્સવ ઉજવાયો હતો. કલકત્તાથી શેઠ મણિલાલ વનમાલીદાસ આદિ આવેલ.


असली केसर

**काशमीरी**

भाव ९-५० प्रति तोला

काशमीर स्वदेशी स्टोर

एक—१० कैलास कोलोनी

नई दिल्ली-१४



## શુભ સંદેશ

મીનાકારી યંત્રો-સૂરિમંત્ર, વર્ધમાન વિદ્યા, સિદ્ધચક્ર મહાયંત્ર, રૂષીમંડલ યંત્ર, મંત્ર તંત્ર યુક્ત પાર્શ્વનાથ વીગેરે દરેક જાતના યંત્રો તથા મીનાકારી ફોટાઓ

**તેમજ**

માંગલીક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ મહારાજોને તથા ભાઇ બહેનોને પ્રવાસમાં દર્શન કરવા માટે દરેક ધાર્મીક ફોટાઓ સુંદર ફેન્સી બોક્ષમાં તેમજ પ્લાસ્ટીકની ડબીઓમાં

બોકસ એક નંગના **રૂા. ૩-૫૦**

પ્લાસ્ટીકની ડબી ૨¾×૨¾ સાઇઝ એક નંગના **રૂા. ૧-૫૦**

**તેમજ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી આદેશ્વરજી પાલીતાણા, શ્રી નેમનાથ જુનાગઢ.

ઉપરના ત્રણે ફોટા એક જ ડબી કે બોકસમાં મળી શકે છે.

બનાવનાર:—**ભાઇચંદ બી. મહેતા જૈન**

દીવાનપરા નં. ૧, પારેખ કુંજ, **રાજકોટ.**

**મુંબઇમાં—**

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**

ગોડીજીની ચાલ, કીકા સ્ટ્રીટ **મુંબઇ-૨.**

**આવકારદાયક સ્તુત્ય પગલું :** અમદાવાદ ખાતે બિરાજમાન શ્રી શ્રમણસંઘે તથા શ્રાવક આગેવાનોએ એકત્ર થઇને જૈનમંદિરોમાં ઇલેકટ્રીક લાઇટનો ઉપયોગ બંધ કરવા તા. ૧૫-૯-૬૩ ના જે નિર્ણય લીધેલ, તેને ચારે બાજુએથી વધાવી લેવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં લગભગ બધા જિનાલયોના ગભારામાંથી ઇલેકટ્રીક કાઢી નાંખવામાં આવેલ છે. ઘીના દીપકોથી વાતાવરણ સુશોભિત બની રહેલ છે ત્રણ જિનાલયોના રંગમંડપમાંથી પણ ઇલેકટ્રીક લાઇટ બંધ કરેલ છે. ખાસ કરીને શેઠ આણંદજી કલ્યાણજીના વહિ-વટ હેઠળના તીર્થોમાં અને જિનાલયોમાંથી લાઇટનો ઉપયોગ ગભારામાં અને રંગમંડપમાં પણ બંધ કરવાની વ્યવસ્થા થઇ છે. હઠીભાઈની વાડીના, ને મોરૈયા પાર્શ્વનાથના જિનાલયના ગભારામાંથી લાઈટ બધ કરવામાં આવી છે. તે રીતે ઉદયપુર, ચાણસ્મા, બોરસદ, નડીયાદ અને અન્યાન્ય ગામોના સંઘોએ પણ જિનાલયમાં લાઇટનો ઉપયોગ બંધ કરી દીધો છે. ભારતભરના તમામ સંઘોને વિનંતિ છે કે, જિનાલયનાં વાતાવરણની પવિત્રતા, વિશુદ્ધિ તથા નિર્મળતા જાળવવા માટે વહેલામાં વહેલી તકે ઇલેકટ્રીક લાઇટોનો ઉપયોગ બંધ કરી, આશાતના ટાળવા શકય કરે !

**સુરત :** પૂ. મુનિરાજ શ્રી કાંતિવિજયજી મ. ઠા. ૩ મુંબઈ-શાંતાક્રુઝથી દ્વિ. કા. ૭ ના વિહાર કરી, વાપી, વલસાડ થઈ પો. સુ. ૭ ના સુરત ખાતે હરિપુરા પધાર્યા છે. હાલ અત્રે સ્થિરતા થવા સંભવ છે. પૂ. તપસ્વી મુ. શ્રી સંજમવિજયજી અત્રે પધાર્યા છે. પૂ. આ. શ્રી વિજયનીતિસૂરિજી મ. ના પૂ. મુ. શ્રી ચંદ્રવિજયજી આદિ અત્રેથી વિહાર કરી મુંબઈ તરફ પધારવા સંભવ છે.

**સિદ્ધચક્ર બૃહત્પૂજન :** પૂ. વાગડદેશોદ્ધા-રક ચારિત્રચૂડામણિ સ્વ. આ. મ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ. શ્રીનો ભચાઉ મુકામે સમાધિ-પૂર્વક સ્વર્ગારોહણ થતાં શ્રી સંઘમાં અપાર શોકની છાય પ્રસરી ગઇ. તેઓશ્રીના ઉપકારોની પુણ્ય-સ્મૃતિ નિમિત્તે તેઓશ્રી પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને શ્રી સુરેંદ્રનગર જૈન સંઘ તરફથી શ્રી સિદ્ધચક્રબૃહત્ પૂજનનો ભવ્ય કાર્યક્રમ તા. ૧૨-૧-૬૪ ના પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ-વરશ્રીની શુભ નિશ્રામાં ભવ્ય રીતે યોજાયો હતો. પૂજનના વિધિ વિધાનો માટે અમદાવાદવાળા શાહ ચીનુભાઈ લલ્લુભાઈ તથા કડીવાળા સંઘવી બાબુભાઈ ગીરધરલાલ આવેલ. હજારો ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ૩।। મહિને ચાલીને નીચે ઉતરીને આ પ્રસંગે પૂ. પં. મ. શ્રી પધાર્યા હતા. દેવદ્રવ્યની ૨ હજારની ઉપજ થયેલ.

**પરીક્ષાઓનું પરિણામ :** જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પુના દ્વારા જુલાઈ-સપ્ટેંબર-૬૩ માં લેવાયેલી પરીક્ષામાં ભારતભરના ૮૬ કેંદ્રોમાં ૩૨૧૫ પરીક્ષાર્થી બેઠેલ. તેનું સત્તાવાર પરિણામ પ્રબોધિનીમાં ૯૫ ટકા, પ્રાથમિકમાં ૭૬ ટકા, પ્રારંભિકમાં ૬૮ ટકા, ને પ્રવેશમાં ૭૯ ટકા. આમ એકંદરે ૮૪ ટકા જાહેર થયેલ છે. પરિચય તથા પ્રદીપની પરીક્ષાનું પરિણામ અનામત રાખ-વામાં આવેલ છે, સંસ્થા ઉત્તીર્ણ પરીક્ષાર્થીઓને અભિનંદન પાઠવે છે.

**કચ્છ-ભદ્રેશ્વર યાત્રા પ્રવાસ :** સુરેન્દ્રનગર શ્રી વાસુપૂજ્ય જિનમિત્રમંડળના ઉપક્રમે કચ્છ-ભદ્રેશ્વરજીનો યાત્રા પ્રવાસ યોજાતાં લગભગ ૭૫ ભાઇ-બહેનો થયેલ. દ્વિ. કા. વદિ ૭ ના સુરેન્દ્રનગરથી નીકળી નવલખી, કંડલા થઈ બીજે દિવસે બપોરે ૨ વાગ્યે ભદ્રેશ્વરજી પહોંચેલ. પૂજા-સેવા કરી, રાત્રે ભાવના કરી, બીજા દિવસે સ્નાત્ર, તથા પૂજા ઠાઠથી ભણાવી બપોરે બે વાગ્યે સ્પે. બસો દ્વારા માંડવી થઈ પંચતીર્થની યાત્રા કરી સાંજે ભુજ આવ્યા. ત્યાં બીજે દિવસે સ્નાત્ર, પૂજા તથા ભાવનાનો પ્રોગ્રામ ભરચક રાખેલ. સેંકડો માણ-સોએ પ્રભુભક્તિમાં લાભ લીધેલ. 'કચ્છમિત્ર'ના મેનેજર શ્રી જમનાદાસ પી. વોરાએ કચ્છમાં ઠેર ઠેર સગવડતા માટે વ્યવસ્થા કરેલ. જેથી આભાર-દર્શનનો મેળાવડો ભુજ સંઘના પ્રમુખ શ્રી

મોતીલાલ ગોપાલજીનાં પ્રમુખસ્થાને યોજાયેલ. પ્રાસંગિક વક્તવ્યો બાદ મિત્રમંડળ તરફથી જે. પી. વોરાને તથા શ્રી નગીનદાસ જસાણીને શાલો અર્પણ કરવામાં આવેલ. જેના જવાબમાં તેમણે જણાવેલ કે, 'મેં તો મારી ફરજ જ ફક્ત અદા કરેલી છે, પણ આવા યુવાનો આટલા ભક્તિરસમાં તલ્લીન બનીને આવા જડવાદના જમાનામાં પણ આટલો સમય કાઢી જે યાત્રા પ્રવાસો યોજે છે, તે કચ્છ માટે જરૂર અનુકરણીય છે.' ત્યારબાદ રાતના ટ્રેનમાં નીકળી, બીજે દિવસે બપોરે પૂજા-સેવા માટે મોરબી ઉતરી રાત્રે પાછા ફર્યા હતા. કચ્છની પ્રજા ભદ્રિક માયાળુ તથા પ્રેમાળ છે. યાત્રાનાં સ્થળો સુંદર તથા સ્વચ્છતાભર્યાં છે. એ છાપ આ યાત્રા પ્રવાસ દ્વારા યાત્રિકોનાં હૈયામાં પ્રતિબિંબિત થઈ હતી.

**દિલગીરી જાહેર કરી :** પાટણ ખાતે શ્રી બી. એમ. હાઇસ્કુલ દ્વારા યોજિત રંજન કાર્યક્રમમાં જૈન ધર્મના પૂ. સાધ્વીજીની વેષભૂષાનો જે કાર્યક્રમ યોજાયેલ, તેને અંગે 'કલ્યાણ'ના ડીસેમ્બર-૬૩ ના અંકમાં જે વિરોધ વ્યક્ત કરેલ, તેનાં પરિણામે તેના સંચાલકોએ જાહેર કર્યું છે કે, 'આ વેષભૂષાના કાર્યક્રમથી જૈનોને દુઃખ થયેલ છે, તેથી અમે દિલગીર છીએ.' જૈનોએ પોતાનાં ધર્મનાં પ્રતીકો પ્રત્યે જેઓ આ રીતે મજાકભરી દૃષ્ટિ તથા વૃત્તિ કેળવતાં હોય, તેનો સખ્ત વિરોધ વ્યક્ત કરવો જ જોઇએ. મૂંગા બેસી ન જ રહેવાય. ખૂબી તો એ છે કે, આ બી. એમ. હાઇસ્કુલના સ્થાપક શેઠ ભોગીભાઇની સુપુત્રીએ દીક્ષા ગ્રહણ કરી છે, ને હાલ સાધ્વીજી તરીકે વિદ્યમાન છે, તેમની હાઇસ્કુલમાં જૈનેતર શિક્ષકો પૂ. સાધ્વીજીની વેષભૂષાનો રંજન કાર્યક્રમ યોજે એ કેવી કરૂણ કમનશીબી છે.

**સમી :** પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ અત્રે સપરિવાર પધારતાં સંઘે સામૈયું કરેલ. પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.શ્રીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી પોષ સુદિ ૩ ના પૂ. સૂરિદેવશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ. પૂ. આ. મહારાજે તેઓશ્રીના વૈરાગ્ય, ત્યાગ ઇ. ગુણો પર મનનીય વિવેચન કરેલ. અંતે બાળકોને દેવશી-રાઇ પ્રતિક્રમણનાં પુસ્તકોનું પારિતોષિક વહેંચાયેલ, બપોરે પૂજા, પ્રભાવના તથા આંગી થયેલ. ગામમાં તે દિવસે સારી સંખ્યામાં આયંબિલો થયેલ.

**પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે :** પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર વાડાસીનોરથી વિહાર કરી સાઠંબા, બાયડ આદિ સ્થળોએ વિચરી મૌન એકાદશીની આરાધના માટે આણંદમાં પધાર્યા હતાં. મોગરવાલા શ્રી દેવચંદભાઇ તરફથી આણંદ તથા મોગરમાં ખાસ બોરસદથી આવેલ બેંડ સાથે સામૈયા થયેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. શા. દેવચંદભાઈ તરફથી પૂજા તથા સાધર્મિક ભક્તિ થયેલ. ત્યાંથી તેઓશ્રી નાપાડ પધારતાં પૂજા, પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય થયેલ. વદિ ૩ ના છાણી પધારતાં મુનિરાજ શ્રી ગુણાનંદવિજયજી મ. આદિ સમસ્ત સંઘ સામે આવેલ બન્ને દિવસ વ્યાખ્યાન થયેલ. વડોદરામાં ૫ દિવસની સ્થિરતા કરી, પૂજ્યશ્રી ડભોઇ પધાર્યા હતા. પો. સુ. ૬ ના શા. ખુબચંદ પાનાચંદ તથા શ્રી ગિરધરભાઈએ સજોડે ચતુર્થ વ્રત ગ્રહણ કરેલ. તેમના તરફથી પૂજા, ભાવના, પ્રભાવના થયેલ. સંગીતકાર શ્રી નટવરભાઇએ ભક્તિરસ જમાવેલ. બીજે દિવસે મોગરવાલા શ્રી દેવચંદભાઇએ પૂજા ભણાવેલ, અત્રેથી પૂજ્યશ્રી સપરિવાર પ્રતાપનગર ખાતે પૂ. સ્વ. આ. મ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ.શ્રીની મૂર્તિની પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી સંઘની વિનંતિથી પધાર્યા છે.

**નવકારમંત્રની આરાધના :** શ્રી શંખેશ્વરજી તીર્થની પ્રભાવક છત્રછાયામાં પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.શ્રીની શુભ નિશ્રામાં શ્રી ઋષભદાસજી જૈન તથા શ્રી સરદારમલજી તરફથી એક લાખ નવકારમંત્રની આરાધના કરાવાયેલ જેમાં બોડેલીના ૧૭ નવા જૈનભાઇઓ પણ જોડાયેલ હતા.

**એક સ્પષ્ટતા :** ૨૦ વર્ષથી સમાજમાં તથા જૈનસંઘમાં કેવલ શ્રદ્ધા, સસ્કાર તથા શિક્ષણની પ્રેરણા માટે મનનીય સાહિત્ય પ્રસિદ્ધ કરતું 'કલ્યાણ' માસિક, કોઇની વ્યક્તિગત માલિકીનું નથી. કોઇને એક પાઇની પણ કમાણી કરવાનો ઉદ્દેશ નથી. ગુજરાત સરકાર નિયુક્ત ટ્રસ્ટના ધારા પ્રમાણે તે ટ્રસ્ટ થયેલ ધાર્મિક સંસ્થા છે. ઓડીટરો દ્વારા તેનાં દર વર્ષે હિસાબો ઓડીટ થાય છે, છતાં કેટલાક ભાઇઓ એમ જ માની લે છે કે, 'બીજા માસિકોની જેમ 'કલ્યાણ' ધંધાદારી માસિક છે.' જેથી આ ખુલાસો કરવાની ખાસ જરૂર પડી છે. ગોરેગાંવ (મુંબઇ)થી કલ્યાણ પ્રત્યે આત્મીયભાવ દર્શાવનાર શેઠ રમણલાલ માણેકલાલનો પત્ર અમારા પર આવેલ છે કે, 'કલ્યાણ' જેવા શિષ્ટ તથા સંસ્કાર પોષક માસિકના પ્રચારનું બોર્ડ ૨૦૧૭થી અત્રેના દેરાસરમાં ટીંગાડવામાં આવેલ, તે શ્રી...... એ દલીલ કરી કે આ એક ધંધાર્થી માસિક છે, ને તે મુજબ પૂજારી મારફત આ બોર્ડ ઉતરાવી નાંખ્યું છે. ખરેખર આવા સંસ્કાર પોષક ધાર્મિક ઉદ્દેશથી ચાલતા માસિક માટે આવો પ્રચાર કરવો તે કેવલ 'સ્વ-પર વંચના છે' ભાઇશ્રી રમણલાલભાઈના આ પત્રનો જવાબ અમારી ઉપરોક્ત જાહેરાતમાં આવી જાય છે, ને ફરી-ફરીને અમે સમગ્ર જૈન સંઘને નમ્ર અનુરોધ કરીએ છીએ કે, 'કેવલ સાહિત્ય સેવાના ઉદ્દેશથી જ નિઃસ્વાર્થ અને ઉદારદિલ ધર્માનુરાગી ટ્રસ્ટી-મંડળના સંચાલન મુજબ ચાલતું 'કલ્યાણ' કોઇ વ્યક્તિગત ધંધાર્થી દૃષ્ટિયે ચાલતું માસિક નથી. તેની સહુ કોઇ નોંધ લે! ને તેની ખાત્રી કરવા એક વખત 'કલ્યાણ'ની ઓફીસે આવી તેની વ્યવસ્થા તથા તેનો વહિવટ નજરે નિહાળે ને તેનો પ્રચાર કદાચ ન કરવો હોય તો ન કરે, પણ તેના માટે જનતાને ઉંધા પાટા ન બંધાવે.'

**છરી પાળતો સંઘ :** પૂ. આ. મ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં ઉંઝાથી મેત્રાણાતીર્થનો છરી પાળતો સંઘ (મહેતા પ્રી. પ્રેસવાળા) શેઠ વૃજલાલ મુલચંદભાઇએ પ્ર. કા. વદિ ૭ના કાઢેલ. જેમાં ૧૪૦ ભાઈ-બ્હેનો જોડાયેલ. સંઘ બીજા દિવસે સિદ્ધપુર આવેલ. સિદ્ધપુર સંઘે સામૈયું કરેલ. ને સંઘને જમણ આપેલ. સ્થાનિક સંઘની પણ ભક્તિ થયેલ. બપોરે સંઘવી તરફથી પૂજા, આંગી વગેરે થયેલ. બીજા દિવસે સંઘ ઉમરૂ પધારતાં ટીંબાચુડીવાળા શેઠ ભવાનભાઈ મગનલાલે સંઘની ભક્તિ કરેલ. પ્ર. કા. વદિ ૯ના સંઘ મેત્રાણાતીર્થમાં પધારતાં સંઘનું સમૈયું થયેલ. બીજા યાત્રાળુઓ થઈ ૮૦૦ લગભગ યાત્રાળુઓ થયેલ. ૩ દિવસની સ્થિરતા થઈ હતી. પૂજા, ભાવના તથા સાધર્મિકવાત્સલ્ય થયેલ. સાધારણ ખાતામાં ૩ હજારની ઉપજ થઈ હતી. કા. વદિ ૧૦ના સંઘવીને તીર્થમાળ પૂ. આ.


**શ્રી ૧૧ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ**

શ્રી પ્રભુજીની પ્રતિમાને લેપ કરવા માટે શાસ્ત્રીય પધ્ધતીથી પ્રાચીન પ્રતિમાઓને તથા ખંડીત પ્રતિમાઓના દરેક ભાગને વ્યવસ્થિત રીતે કલાત્મક શિલ્પની દૃષ્ટિએ સંકલન કરી આપીએ છીએ.
અમો જાણીતા લેપ કામના **મિસ્ત્રી જેઠાલાલ છગનલાલ અને બાબુલાલ મોહનલાલ** લેપ કામના મિસ્ત્રી હિન્દભરના ઈતિહાસીક જૈન તિર્થો તથા દેરાસરમાં પ્રતિમાઓને લેપ કરવાનું કામ કર્યું છે. અમારી દર પેઢી વારસાગત આ લેપનું કામ કરે છે.

**મિસ્ત્રી બાબુલાલ મોહનલાલ [લેપ કામના મિસ્ત્રી]**

ઠે. ભોજક શેરી, [ડી. મ્હેસાણા] **મુ. વડનગર.**

**તા. ક.**—ઓપ તથા ચક્ષુટીકાનું રીપેરીંગ કામ પણ અમો કરીએ છીએ દેરાસરોના ટ્રસ્ટીઓ એક વખત જરૂર અમારી સાથે પત્રવ્યવહાર કરો.